# ઓપિનિયન

યો વૈ ભૂમા તત્ સુખમ્

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 13 ● પ્રકરણ : 03 ● સળંગ અંક : 147 26 જૂન 2007 વાર્ષિક લવાજમ : £25 / £40

## ગઢના દરવાજા બંધ ને રાંગમાં ગાબડું

○ રમણીકલાલ કાશીનાથ ભટ્ટ

અમુક લોકોને સંત - મહાત્માની કક્ષાએથી ઈશત્વ સુધી લઈ જવામાં આવે છે. એટલે એમના વિચારોનું વહેવારુ મૂલ્યાંકન થઈ શકતું નથી. ધર્મથી રંગાયેલા ગાંધીજીના સામાજિક વિચારોને નાણી જોવામાં ઝાઝી સફળતા નહીં મળે. ગાંધીજીના પુત્ર હરિલાલે દારૂનો સ્વાદ સારા પ્રમાણમાં લીધો હતો. એટલે દારૂબંધી અને બાળઉછેર અંગેના ગાંધીજીના અમુક વિચારો સફળતાનો પડઘો પાડે છે એમ ભાગ્યે જ કહી શકાય. ઉપરાંત, કોઈ એક જ વ્યક્તિના વિચારોને સકળ દેશના ન્યાયતંત્રમાં મઢી લેવા એ લોકરાજ્ય માટે શોભાસ્પદ નથી. પ્રતિબંધોથી લોકતંત્ર શોભતું નથી. દારૂ પીવો કે દૂધ પીવું એ સ્વતંત્ર દેશના નાગરિકનો અધિકાર છે. ૧૯૪૭ પહેલાં ભારતમાં માત્ર એક ટકાની સૂક્ષ્મ લઘુમતી દારૂનું નિયમિત સેવન કરતી હતી, એમ કહેવાય છે. એટલે પસંદગીની છૂટ આપવાથી લોકો બગડી જશે, એ ભય નકામો છે.

અત્યારે ગુજરાતમાં ગેરકાયદેસર હલકો દારૂ પીને ખુવાર થનારા, તેમનાં સંતાનાદિ કુટુમ્બીઓ વિષે સરકારે કઈ કાળજી લીધી છે ? જે પ્રજાવર્ગમાં દારૂ પીવાની પરંપરા છે તેમને કેવી રીતે સમજાવવા ? તેવા લોકોને શરૂઆતથી જ ઉઘાડા શા માટે પાડવામાં નથી આવતા ? મદ્યપાન રોગરૂપ ધારણ કરે તો તેની સારવાર માટે કઈ જાતની સગવડો છે ? કુટુમ્બથી તજાયેલા દારૂડિયાને ફરજિયાત સારવાર આપવા માટે વિચાર કેમ નથી થતો ? મારી કે ઈલા પાઠકની સાત પેઢીએ કોઈએ દારૂ પીધો નથી ! એટલે જે લોકો મદ્યપાનની અવળી અસરોથી પીડાઈ રહ્યા છે તેમના વિચારો જાણવામાં આવ્યા છે ખરા ? દરરોજ બાવીસ કરોડ રૂપિયાનું વ્યાજ ભરતી સરકાર પોતાની આવક દારૂ-કરથી વધારે એમાં શરમાવા જેવું છે ?

દારૂ પીવો અને દારૂડિયા બનવું એ બે જુદી જ વસ્તુ છે. મર્યાદિત મદ્યપાનના લાભ વિષે અમુક લોકો કાંઈ જ જાણતા નથી. ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગે અલ્પ મદ્યપાન એ પશ્ચિમની સંસ્કૃતિનું અનિવાર્ય અંગ છે. દારૂની પ્રાચીનતા નિઃશંક છે. ૪૫૦૦ વરસ પહેલાં ઈજિપ્તમાં જવ-જલ (બિયર) પીવાતો હતો ! શ્રીકૃષ્ણના મોટાભાઈ બલરામજી 'વારુણી' નામની મદિરા પીને દ્વારિકામાં છટાથી ફરતા હતા ! એમ ભાગવત્ પુરાણમાં લખ્યું છે ! અત્યારે પોરબંદરમાં અમુક લોકો તેમ જ કરે છે ! તે જ પુરાણમાં લખ્યું છે કે, આંધ્ર પ્રદેશમાં 'આરક' નામનું ઘાસ દારૂ બનાવવામાં વપરાય છે. અત્યારે એ જ સ્થિતિ છે ! એટલે પ્રકૃતિએ રચેલા પદાર્થને અદૃશ્ય બનાવી શકાતો નથી, એમ સિદ્ધ થયું.

દારૂડિયાની પત્ની દુનિયાના કોઈ દેશમાં સુખી થઈ શકતી નથી. હું એવા ૫ - ૬ ગુજરાતી પુરુષોના દાખલા જાણું છું કે જેમાં તેમના કુટુમ્બીજનોએ તેમની દારૂની ટેવને ૧૦ - ૧૫ વરસ છુપાવી રાખી હોય. બધા જ ઉજળિયાત વર્ગના છે. એક તો ગુજરાતી બ્રાહ્મણ સ્ત્રી હતી ! જ્યારે અસહ્ય થાય ત્યારે જ વાત બહાર આવે છે ! ત્યારે પણ દારૂડિયાનો બચાવ કરનારાં સ્ત્રીપુરુષો મેં જોયાં છે ! આપણા સમાજમાં પહેલાં ટી.બી. (ક્ષય) પછી કૅન્સર અને હવે 'ઍઈડ્ઝ' રોગને છુપાવવા માટે આકાશ - પાતાળ એક કરવામાં આવે છે ! વનસ્પતિ ઘી ખાનારની આબરૂ ગઈ એમ પણ માનવામાં આવતું ! દારૂડિયાને સમજાવવા માટે શિક્ષક, ધર્માચાર્ય, ડૉક્ટર અને નાતપટેલ શું કરવા માગે છે ? દારૂબંધીનું ખાતું ચલાવતા સરકારી કર્મચારીઓની વેઠિયાવાડથી તમે અજાણ્યા ભાગ્યે જ હોઈ શકો. વ્યસનીનો સામાજિક બહિષ્કાર નિર્દય હોવા છતાં ક્યારેક અનિવાર્ય બની રહે છે.

બ્રિટનની છ કરોડની વસ્તીમાં આશરે એક લાખ સ્ત્રીપુરુષો મદ્યરોગી (આલ્કોહોલિક્સ) છે. તેમની સારવાર ઘણી જ ખરચાળ છે. બ્રિટિશ સમાજ અને સરકાર તેથી ચિંતિત છે.

આ દેશમાં નેવું ટકા લોકો પાસે મોટરકાર હોવાથી રાતે રસ્તા ઉપર ચાલવું અનિવાર્ય નથી.

બ્રિટનમાં નિયમિત દારૂ પીનારા ૪૫ ટકાથી વધારે નથી. જમતાં પહેલાં થોડો, જમતી વેળા અલ્પ અને જમ્યા પછી અલ્પ પીનાર ભાન ગુમાવતો નથી. ઉપરાંત, જ્યારે દારૂ જોઈએ ત્યારે મળે છે એટલે પુલિસ અને સમાજના ભયથી આખો શીશો જલદી જલદી પી જવાની જરૂર રહેતી નથી. છતાં અમુક લોકો દારૂડિયા થઈને ફરતા જોવા મળે ખરા !! છતાં તેનું પ્રમાણ અલ્પ છે.

મધરાતે કોઈ જુવાન સ્ત્રી એકલી ફરવા નીકળે અને ક્યારે ય ભયમાં ન આવી પડે એટલી હદે માનવસમાજ સભ્ય બન્યો નથી. આજથી બે હજાર વરસ પહેલાં, રોમમાં ભણવા ગયેલા એક કિશોરને તેના પિતાએ લખેલા એક પત્રના શબ્દો મારે ટાંકવા રહ્યા : 'તું મોડી રાતે રોમના અમુક રસ્તાઓ ઉપર ચાલીશ નહીં. ત્યાં અમુક નઠારાં સ્ત્રીપુરુષો દારૂ પીને ધમાલ કરતાં હોય છે !' ગુજરાત સરકારે જે ૩૩ સ્થળોએ ઔદ્યોગિક વસાહતો બાંધવાનું નક્કી કર્યું છે, ત્યાં ભણેલા લોકો રહેશે, એટલે બહેનોની સલામતીનો પ્રશ્ન ગંભીર નહીં બને. માત્ર રાજકીય કારણોથી દારૂબંધી ચાલુ રાખવી એ છોકરમત છે.

૧૯૧૫માં, પૂર્વ આફ્રિકા ગયેલા એક વૃદ્ધજને મને ૧૯૬૨માં કહ્યું હતું : 'આફ્રિકામાં જે દારૂ અને સીગરેટ ન પીએ તેની પાસે થોડાઘણા પૈસા થાય જ.' વ્યસનીની આર્થિક અવદશાને ઉઘાડી પાડવી જ રહી. પેલા વૃદ્ધજનનું વચન સાંભળીને પૈસા પેદા કરવાની એક પ્રાથમિક લાયકાત મારામાં છે એ જાણીને મને આનંદ થયો હતો ! મારા દાદા ઈસ્વી સન ૧૯૦૦માં ગુજરી ગયા ત્યારે મારા પિતાને તમાકુવાળાં પાન ખાવાની ટેવ પડી હતી. તેથી કુટુમ્બની આર્થિક સંકડામણમાં વધારો થયો હતો. વ્યસનને આરંભથી જ દબાવી દેવાની તીવ્ર ઈચ્છા આપ્તજનોએ બતાવવી જોઈએ. કોઈ પણ વ્યસનને લાંબે ગાળે છુપાવી શકાતું નથી.

બ્રિટનમાં આજકાલ પ્રતિમાસ દારૂનાં પચાસ પીઠાં બંધ થાય છે. તેનાં અનેક કારણો છે. દારૂ ગાળવો, વેંચવો એ એક ઉદ્યોગ પણ છે. એકલા પંજાબમાં દારૂને કારણે એક લાખ માણસો રોજી રળે છે. હરિયાણામાં દારૂબંધી અને પંજાબમાં નહીં, એ હાસ્યાસ્પદ સ્થિતિ છે. સમગ્ર દેશમાં દારૂબંધી અંગે સમાન નીતિ હોવી જોઈએ. આંધ્ર પ્રદેશમાં કૉંગ્રેસી સરકારે મજૂરોને પગાર સાથે દારૂની પડીકી આપવાની પ્રથા ચાલુ કરી હતી ! ગાંધી વિદ્યાપીઠના પાંચ ટકા કર્મચારીઓ નિયમિત દારૂ

# આ ખુમારી ક્યારે અહીં દેખાશે ?

○ મહેન્દ્ર મેઘાણી

શનિવાર, 26 મે 2007ના તમારા છાપાને પહેલે પાને સૌથી મહત્ત્વના કયા સમાચાર છપાયા હતા ? જરા યાદ કરી જોશો ? એ તારીખનું છાપું પસ્તીમાં ચાલ્યું ગયું ન હોય, તો જરા જોઈ લેશો ?

હમણાં હું રોજ સવારે જે છાપું વાંચું છું, તેનું નામ છે "ન્યૂ યોર્ક ટાઈમ્સ". આજના જગતના પાંચેક મહાન અખબારોમાં એનું સ્થાન ગણાય છે. એ છાપાના તે તારીખના અંકને પહેલે પાને ચાર કોલમ જેટલી જગા રોકતી એક છબી છે. એલ્જીર્યસ શહેરની એક યુનિવર્સિટીમાં બસની રાહ જોતી ઊભેલી આરબ વિદ્યાર્થિનીઓની. તેની નીચે ત્રણ કોલમ લાંબું મથાળું છે, તે દિવસના સૌથી મહત્ત્વના સમાચારનું : 'અલ્જીરીઆમાં શાંત ક્રાંતિ : સ્ત્રીઓની પ્રગતિ'.

માઈકેલ સ્લેકમેન નામના ખબરપત્રીએ એલ્જીરીઆથી મોકલેલો સમાચારપત્ર "ન્યૂ યોર્ક ટાઈમ્સે" લગભગ અરધું પાનું ભરીને છાપ્યો છે ને તેમાં બીજી બે છબીઓ ઉમેરી છે. એક છે એલ્જીર્યસ શહેરની વાંકીચૂંકી ગલીઓમાંથી મોટી જબરી બસ ચલાવી રહેલ ઉેની ફ્રતીહા નામની 44 વરસની મહિલાની. પોતાના દેશની પ્રથમ મહિલા બસ - ડ્રાઈવર તરીકેની ખુમારી ઉેનીબહેનના વદન પર દેખાય છે.

એક રુઢિચુસ્ત મુલક, જેમાં કટ્ટરપંથી ઈસ્લામીઓ સાથેના નિષ્ઠુર આંતરવિગ્રહે એક લાખથી વધુ ઈન્સાનનો ભોગ લીધેલો છે, તેમાં મહિલાઓ એક એવા આર્થિક ને રાજકીય બળ તરીકે આગળ આવી રહી છે, જેનો બાકીના આરબ જગતમાં કોઈ જોટો નથી. એ લેખમાંની કેટલીક આનંદદાયક ને આશ્ચર્યકારક હકીકતો જોઈએ :

એલ્જીરીઆના ધારાશાસ્ત્રીઓમાં 70 ટકા અને ન્યાયાધીશોમાં 60 ટકા મહિલાઓ છે. દાક્તરી વ્યવસાયમાં સ્ત્રીઓનું પ્રભુત્વ વધતું જાય છે. કૌટુંબિક આવકમાં પુરુષ કરતાં સ્ત્રીનો હિસ્સો વધારે થયો છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં 60 ટકા યુવતીઓ છે. સમાજમાં જ્યાં જુઓ ત્યાં એલ્જીરીઅન નારી નજરે ચડે છે. એ મોટી મોટી બસો ને ટેક્સીઓ ચલાવવા લાગી છે. પેટ્રોલ પંપ ઉપર અને હોટલોમાં મહિલાઓ કામ કરે છે. મરદની જોડાજોડ રહીને ઓરત કામ કરે છે - જે એક કાળે તો અસંભવિત હતું.

પોતાનો અભ્યાસ પૂરો કરવા માટે વિદ્યાર્થિનીઓ લગ્નને ઠેલવા માંડી છે. અગાઉ 17-18 વરસે પરણી જતી કન્યાઓ હવે સરેરાશ 29ની ઉંમરે શાદી કરે છે. કમનસીબે, ખૂબ ભણેલી યુવતીઓને નિકાહ પઢવા પડે છે, અભણ મૂરતિયાઓ સાથે. કારણ કે આજના એલ્જીરીઅન જુવાનિયાઓને ભણવાને બદલે શેરીઓમાં ફેરી કરીને ચીજવસ્તુ વેચી પૈસા કમાવામાં અથવા તડાકા મારવામાં મજા આવે છે. એ જ શેરીઓમાં સામે મળતી બહેનોના મોં પર ઉત્સાહ તરવરે છે.

આ બધું વાંચીને મનમાં બે સવાલ ઊઠે છે :

એક તો, ભારતની મુસ્લિમ બહેનો રસ્તામાં મળે ત્યારે તેમના વદન પર આવી ખુમારીનો ઝગમગાટ ક્યારે જોવા મળશે ?

અને બીજો, રાજકારણના ઉકરડાના નફરત પેદા કરનાર ગંદવાડને બદલે આપણી સવારને ઊજળી બનાવનારા આવા સમાચારોને પોતાને પહેલે પાને આટલું બધું મોખરાનું સ્થાન આપવાનું આપણાં છાપાંને ક્યારે સૂઝશે ?

e.mail : Nanudi@aol.com

---

પીનારા છે ! અમેરિકામાં બાર વરસ સુધી દારૂબંધી ચાલી હતી. તેમાં જે કરુણ અને રમૂજી દશ્યો સર્જાયેલાં તેનો તમારે અભ્યાસ કરવો જ રહ્યો. ત્યાં દારૂબંધી હતી ત્યારે કોઈ પણ નાગરિક દ્રાક્ષ ખરીદીને પ્રતિવર્ષ ૨૦૦ ગૅલન દ્રાક્ષાસવ (વાઈન) બનાવે એ સામે કાયદાને વાંધો ન હતો ! એટલે ગઢના દરવાજા બંધ હતા અને પાછળ રાંગમાં ગાબડું હતું ! ગુજરાતમાં અત્યારે એવી જ પરિસ્થિતિ છે.

આ બાબતમાં ઘણું લખી શકાય તેમ છે. આ અંગે સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑવ્ ઍકોનૉમિક્સ અને સૌશ્યલ રિસર્ચ - ૧૯૭૫નો અહેવાલ તમારે વાંચવો જ રહ્યો. ૨૦૦૬માં નવ હજાર ગુજરાતીઓ આપઘાત કરીને મરણ પામ્યા. તેમાંથી અમુકને અવશ્ય બચાવી શકાયા હોત. નિવારી શકાય તેવા અકસ્માતોની પરંપરા ચાલે છે. તે શું શું સૂચવે છે ? માણસની જિંદગી જાણી - જોઈને સસ્તી કરી નાખવામાં આવી છે. સમાજ, સરકાર, ધર્મનેતાઓ, વ્યસનીનાં આપ્તજનો વગેરેએ સાથે મળીને આ પ્રશ્ન ઉકેલવો જોઈએ. 'જો તું દારૂના પીઠામાં ન જઈશ તો હું તને એક ચુમ્બન કરવા દઈશ', એમ ૧૯૪૩માં એક ભોળી ગુજરાતણે કહ્યું હતું. પેલો ચુમ્બન કરીને દારૂ પીવા ગયો હશે ! સરકાર અને સમાજની છેકરમત ઘટે તો જ વાસ્તવિક્તાને સમજી શકાય. ચૂંટાયેલા નેતાઓ પારકે પૈસે જાત જાતના પ્રયોગો કરે છે. તેમાં ગરીબીનું મુખ્ય મૂળ રહેલું છે.

[87 Hale Lane, Mill Hill, LONDON NW7 3RU, U.K.]

---


## ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"માં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી, પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિશે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

## લવાજમના દર

વાર્ષિક લવાજમ આ દેશ માટે £25 તેમ જ પરદેશ માટે £40 છે. ચેક યા પોસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ Parivaar Communicationsને મોકલવો.

## લવાજમ - સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk, WEMBLEY, Middlsex HA0 2JZ [U.K.]

Tel. : [+44] 020 - 8902 0993

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

## ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું

Villa Bellevue 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

Tel. : [022] 2386 2843

Fax : [022] 2826 1155/1166

e.mail : bharti_parekh@hotmail.com

સંપર્ક : ભારતીબહેન પારેખ

માત્ર ભારતમાંના ગ્રાહકોએ જ, ફક્ત Rs. 2,000ની રકમ, Vipool Kalyani ને નામે લખી મોકલવી

## ગ્રાહક પત્રિકા :

Name : ..............................

Address : ..............................

..............................

Post Code : ..............................

Telephone : ..............................

e.mail : ..............................

Subscription : £25 / £40

Date : ..............................

# 'તુને સાંભરે રે ! ... ... મુને કેમ વીસરે રે !'

○ વિપુલ કલ્યાણી

જાણીતા શાયર પ્રેમ ધવનનો એક શે'ર, તાજેતરમાં, મનીષ મોદીની વેબસાઈટ પરે તરતો રહ્યો :

*ઝમાને સે લડે તો ઝિંદગી હૈ, ન મરને સે ડરો તો ઝિંદગી હૈ;*

*ગમોં મેં સબકો હી આતા હૈ રોના, હઁસકે ગમ સહી તો ઝિંદગી હૈ.*

સંસારનો સામનો કરીએ તો જિંદગી બને છે, મરણનો ડર ન હોય તો ય જિંદગી બને છે. મુશ્કેલીઓનો સામનો કરતાં કરતાં હાંફી જવાય છે, પરંતુ હસતાં હસતાં તેનો સામનો કરીએ તો જિંદગી બને છે.

વારુ, ગોવિંદભાઈ જોગીભાઈ પટેલના દાખલો લઈએ તો બહુ જ સરળતાએ આ કવિદૃષ્ટિ પરખાય છે. ... પણ, આખર, આ ગોવિંદભાઈ છે કોણ ? મારા, તમારા, જેવા સાદા; નહીં મોટા માણસ. વતન નવસારી પાસે કુચેદ; અને યુવાની પછીનો, મોટા ભાગનો સમય ઉત્તર રૂહોડેશિયાના (હાલના ઝામ્બિયાના) એન્ડોલા ગામે ધંધાધાપામાં વીત્યો. તેની ક્ષિતિજ પણ વિસ્તારી જાણી. આશરે બેઅઢી દાયકાથી એમનું થાણું, હવે, હેરો પરગણાંના કેન્ટનમાં થપાયું છે. વૈષ્ણવી પરંપરાનો એ જીવ. ભજનાનંદી માણસ. રાગરાગિણી સાથે, સરસ હલકે, એ ભજનો ગાય અને અંતરમન તરબતર થઈ જાય તેમ તબલાં પરે એમનો હાથ પણ ફરે. આ પરોણાગતી માણસ સતત હસતો ફરતો ય હોય, અને પાછો પોતીકી સમજણવાળી શિસ્તમાં ય ફરતો જોવા મળે. બીજાને ય હાળે. અનેક રોગોએ એની દોસ્તી માંડી છે, અને હવે, શરીરમાં ઘર કરી ય બેઠા છે. આંતરડાનું કેન્સર, મધુપ્રમેહની અસર ને લોહીનું ઉચ્ચ દબાણ. સ્પાઈનલ સ્ટેનોસિસની પણ ભારે મોટી અસર. આમવાતિક સંધિવાનું (રુમૅટિક આર્થ્રાઈટિસ) ય રાજ જોઈ લો ! ટૂંકામાં, ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યનું નરસિંહ મહેતાનું પેલું પદ જ સાંભરે : *'ઉંબરા તો ડુંગરા થયા રે, પાદર થયા પરદેશ; ગોળી તો ગંગા થઈ રે, અંગે ઊજળા થયા છે કેશ.'*

આટલું ઓછું હોય તેમ, વળી, નરસિંહ ગાય છે તેમ જ : *'નાનપણે ભાવે લાડવા રે, ઘડપણે ભાવે સેવ; રોજ ને રોજ જોઈએ રાબડી રે : એવી બળી રે ઘડપણની ટેવ !'* ખાવાપીવાનો અને ખવડાવવાનો એવો જ ચસકો. સુરતી ભાણું દર ટંકે નિત્યે જોઈએ. ... ખેર ! ... ચાર સંતાનનો મેળો - ત્રણ દીકરીઓ અને એક દીકરો. નાની દીકરી રેખાએ, કદાચ કોઈ ન કરે તેવું એક નરવું પણ, બે દાયકાઓ પહેલાં, લઈ લીધેલું; શ્રવણની જેમ સાજાંમાંદાં માવતરની સેવા શુશ્રૂષામાં સમજણવાળી કાળજીને, મનસા - વાચા - કર્મણા, પરોવી લીધી. બીજી પાસ, પત્ની શાંતાબહેનને ફેફસાંનો અસાધ્ય રોગ. એમાં ગઈ સાલ મોટે ગામતરે જવાનો માર્ગ, એમને, સરસાઈમાં, સાંપડી ગયો ! આવા આ ગોવિંદભાઈ, ફેબ્રુઆરી - માર્ચ વેળા, મોતના મુખમાંથી જ પાછા ફર્યા. જાણે કે કોઈ જ માંદગી એમને નડી જ નહોતી ! ... પેલો મોજીલો જીવ ખરો ને; એટલે એમણે ભાઈબંધ-દોસ્તદાર, સગાં-સંબંધીનો એક દરબાર હમણાં ભર્યો. એમણે એંશી ચોમાસાં જોઈ કાઢેલાં તેનો જ અવસર.

એમની દિલોજાની ભાઈબંધી ચંદુભાઈ મટાણી જોડે. માંડવી બંદરેથી, આશરે સાડાપાંચ દાયકા પહેલાં, આપણા ચંદ્રસિંહ ગોરધનદાસ મટાણી આફ્રિકે કમાવા ગયા. આજના મોઝામ્બિક દેશના બંદરી ગામ બેરામાં એ ગોઠવાયા. થોડુંક ઠરીઠામ થયા, ન થયા અને એમણે અંતરિયાળ પ્રદેશની વાટ લીધી. એ પહોંચ્યા આજના ઝામ્બિયા દેશમાં. મુફ્લીરા ગામે એમણે ધંધોધાપો આદર્યો, કર્યો તેમ જ વિકસાવ્યો. પંકાયા. અને વળી પોતાના અંતરમનમાં પડેલા સંસ્કારને કારણે, ફોટો કસબ પણ ખીલવ્યો. ગળું અને કંઠ પણ સોજ્જા. સંગીતમાં ઊંડો રસ. ખૂબ સાંભળે. સમજે. હિન્દી ફિલ્મજગતના ગાયક મૂકેશની નકલ કરે અને મજલિસ જમાવે. એક તરફથી સ્વામી કૃષ્ણાનંદ સરસ્વતીની આવનજાવન અને એમનો ઊંડો પાસ લાગ્યો; તેમ આપણા શિરમોર ગાયક પુરુષોત્તમ ઉપાધ્યાયના સંગીત પ્રવાસનો ય રંગ લાગ્યો. આ બધું સ્વાભાવિકપણે એમના પણ પાયામાં ધરબાયું છે.

સુગમ સંગીતને ક્ષેત્રે, જેમનાં એકમેકથી ચડિયાતાં કામોના ચોમેર આજે સિક્કા પડે છે, તેવા આ ચંદુભાઈ મટાણીની ભેરુબંધી, ગોવિંદભાઈ પટેલને બંધાઈ સન ૧૯૫૫થી. એક પેટી વગાડે, બીજા તબલા પર સંગત કરે અને છતાં, પાછા, બંને ગાય – ગીતો, રાસ, ભજનો, અને ઘણુંબધું. સંગીત સંગે, ઝામ્બિયામાં અને વિલાયતમાં, આ બેલડાએ એક વાતાવરણ ઊભું કર્યું, સમાજ ઊભો કર્યો. વિલાયતમાં 'શ્રુતિ આર્ટ્સ'ની રચના વાટે ચંદુભાઈ મટાણીએ તો કમાલ કરી છે. આટઆટલાં વરસોનું એમનું આ તપ ડાયસ્પોરિક ગુજરાતી જનજીવનના ઈતિહાસનું, હવે, એક સોનેરી પૃષ્ઠ બની બેઠું છે. ગોવિંદભાઈએ બૃહદ્ લંડનમાંની અનેક બેઠકો સર કરી છે. વળી, બ્રિસ્ટલ, પ્રેસ્ટન અને એવા એવા બીજા અનેક નાનામોટા ગામો સુધી પોતે છવાયા. ખ્યાતનામ પુનિત મહારાજના જાણીતા શિષ્ય રામ ભક્તને પણ સાથે સાથે, સઘળે એ સાંકળતા પણ રહ્યા.

વારુ, એન્ડોલા હિન્દુ સમાજમાં, એ દિવસોમાં, મૂળ વતન ઓરણાના સ્વર્ગસ્થ મટુભાઈ ભગવાનજી પટેલ ધણીધોરી. એમણે સ્થાનિક રાજકારણમાં સક્રિયપણે ઝંપલાવેલું, ગામની સુધરાઈ સમિતિમાં વરસો સુધી સૌથી વધુ મતે ચૂંટાતા આવેલા એ સભાસદ પણ હતા; અને વળી એ નીવડેલા હિન્દી આગેવાન પણ હતા.

વાચકરાજ્જા ! ગોવિંદભાઈ અને ચંદુભાઈ નાના માણસ હશે; પણ એમની ખુમારીની, એમની ભેરુબંધીની આ મોટેરી, અદકેરી, ઊંચેરી વાતો છે. ... નાના માણસની મોટીમસ્સ વાતો. ... એ જુગલબંધીની છેલ્લી પચીસીનો હું ય સાક્ષી છું. ગોવિંદભાઈ પટેલને જેમ ૨૩ મેના રોજ એંશીમું બેઠું છે; ચંદુભાઈ મટાણીને તેમ આ ૩૧મીએ ૭૭મું બેઠું છે. અને બંનેએ, જોડાજોડ, પ્રેમાનંદ ઢબછબે જીવન જીવ્યાં કીધું છે : *'પછે શામળિયોજી બોલિયા, તુને સાંભરે રે ? હા જી, નાનપણાનો નેહ, મુને કેમ વીસરે રે ?'*



સન ૧૯૫૭ની આ તસવીર છે. એન્ડોલા હિન્દુ સમાજનો હોલ છે. *'મારા ભોળા દિલનો ...'* ગીત ગાયકીની આ રમઝટ છે. હાર્મોનિયમ વગાડતાં અને ગીતની ગાયકીમાં રમમાણ બનેલા ચંદુભાઈ મટાણી છે. પડખે તબલા પરે ગોવિંદભાઈ પટેલ છે. બંનેની પાછળ, વચ્ચે, મંજુભાઈ પ્રેમાભાઈ પટેલ તાલમાં મસ્ત મસ્ત છે.

... અને ચંદુભાઈની નિશ્રામાં, આ સંગીત મજલિસમાં, નૉસ્ટાલજિયા(ભૂતકાળની ઝંખના)નો દરિયો ઊલેચાતો રહ્યો. ડુંગળીનાં પડ ઊખડે ને તેનું બીજ દેખા દે, તેમ અનેક ઝામ્બિયાવાસીઓના આ દરબારમાં, ગીત સંગીત - ભજનની દુનિયાના અનેક પરખંદાઓ વચ્ચે, ચંદુભાઈ મટાણીનું મૂળ સ્વરૂપ ખીલતું રહ્યું હોવાનું અનભવાતું હતું. એ અરધી સદીના યાત્રાએ, એમણે અરધી સદીના એમના સમકાલીનોને યાદ કર્યા અને એ જ તાલમાં, એ જ હલકમાં ને નાદમાં ગાયું, ગવડાવ્યું અને મિત્ર ગોવિંદ સાથે જાહેર ગોઠડી માંડી.

શાસ્ત્રીય ઢબછબે ગીતસંગીત શીખેલાં, મૂળ તમિળ પરંતુ ત્રણત્રણ પેઢીની દક્ષિણ આફ્રિકામાંની વિરાસત સમાં, ઝામ્બિયા, દક્ષિણ આફ્રિકા અને વિલાયતમાં પંકાયેલાં કાર્તિકાજી મણિવેલ્લ મુડલી પણ હાજર હતાં અને એમનો કંઠ પણ હતો. આ કાર્તિકાજીનાં, વરસો પહેલાં, લગ્ન થયાં ત્યારે ઝામ્બિયામાં, ચંદુભાઈએ વરના બાપ બની લગ્ન ઊજમાળું કરેલું. વળી લગ્ન ટાંકણે ચંદુભાઈનો જ કંઠ ને એમનું સંગીત હતું. કાર્તિકાજીએ આ બધી વાત જાહેરમાં છેડીને આ મિજલસમાં લગાવનું મોણ ચડાવ્યું હતું. તદુપરાંત, આ જલસામાં આ કાર્તિકાજીએ ત્રણ ચીજની પેશગી કરી. વળી, ચંદુભાઈએ પોતાના જૂના સાથીદાર, દિવંગત અમૃત રાઠોડને હેતે સંભાર્યા. એમની જ એક રચનાને સંગીતે મઢી અને મિત્રો વચ્ચે વહેતી પણ કરી. ચંદુભાઈ અને ગોવિંદભાઈ સંગાથે એ દિવસોમાં, આજની પેઠે, છોટુભાઈ પટેલ રહેતા, અમૃતભાઈ પટેલ પણ રહેતા તેમ જ દાસભાઈ પટેલ પણ હોય, એ ત્રિપુટી પણ અહીં મિજલસમાં હાજરાહજૂર અને દરેક કામમાં ઓતપ્રોત.

ચંદુભાઈ ફક્ત નોસ્ટાલજિયામાં રમમાણ નહોતા થયા; એમણે ભાવિની પાળ પણ બાંધી આપી હતી. પુરુષોત્તમ ઉપાધ્યાયના એક શિષ્ય, સોળ વર્ષના પ્રિયેશ શાહ પાસે બેત્રણ ભક્તિ ગીતો પણ ગવરાવ્યાં. ચંદુભાઈએ પોતાની ગાયકીમાં પણ પ્રિયેશને સાથે લીધા. એક નવા 'કલ કે કલાકાર'ને તૈયાર કરવામાં પણ ચંદુભાઈ સોજ્જા રહ્યા; કેમ કે શ્રોતાવર્ગ પ્રિયેશની ગાયકીથી તૃપ્તમાન હતો. પોતાનાં ત્રીજા સંતાન, સાધનાબહેનના ચિરંજીવ રોહનને પણ ચંદુભાઈએ એક ગીતમાં સામેલ થવા દીધો. એ ઘટનામાં કોઈને દોહિત્ર માટેનો મમત કદાચ લાગે; પણ ના, એ એમ હતું જ નહીં. હકીકતે, ગુજરાતી સંગીતની જીવાદોરી, એમણે એમના પછીની, પહેલી શું, બીજી પેઢી સુધી, ખેંચી આપી હતી. આ સ્પષ્ટ વર્તાતું હતું. આ મટાણી ઘરાણાની બરકત હતી.

**પાનબીડું :**

ગોવિંદે માંડી ગોઠડી : 'કહો, મિત્ર અમારા,
અમો સાંભળવા આતુર છઉં સમાચાર તમારા
શે દુઃખે તમો દૂબળા ? એવી ચિંતા કેહી ?'
પૂછે પ્રીતે શામળો : 'મારા બાળ-સ્નેહી !
કોઈ સદગુરુ તમને મળ્યો, તેણે કાન શું ફૂંક્યો ?
શું વેરાગે ત્યાગી થયા કે સંસાર જ મૂક્યો ?
શરીર પ્રજાળ્યું શું જોગથી ? તેવી દીસે દેહી;
શું દુઃખે દૂબળા થયા, મારા પૂર્વ-સ્નેહી ?
કે શત્રુ કો માથે થયો, ઘણાં દુઃખનો દાતા ?
કે ઉપારજ્યું ચોરીએ ગયું, તેણે નહીં તમને શાતા ?
ધાતુપાત્ર મળ્યું નહીં, આવ્યા તુંબી લેઈ?
વસ્ત્ર નહીં શું પહેરવા, મારા બાળ-સ્નેહી ?
કે સુખ નહીં સંતાનનું, કાંઈ કર્મને દોષે ?
કે ભાભી અમારાં વઢકણાં, દહાડી લોહી શોષે ?
કે શું ઉદર ભરાતું નથી, તેણે સૂકી દેહી ?
એટલામાં કિયું દુઃખ છે, મારા પૂરવ-સ્નેહી ?'
પછે સુદામોજી બોલિયા લાજી શીશ નામી :
'તમને અજાણી શી વારતા, મારા અંતરજામી ?
મોટું દુઃખ વિજોગનું, નથી કૃષ્ણજી પાસે;
આજ પ્રભુ મુજને મળ્યા, હવે દેહી પુષ્ટ થાશે.'

- પ્રેમાનંદ

•

# અહિંસા, અનેકાન્તવાદ અને તેમાંથી જન્મતી વિદ્યાઓ જૈનધર્મનો પ્રાણ છે

જગત ભરમાં જૈન તત્ત્વજ્ઞાન અને વિચારધારાને સમજવા માટે સરસ વાતાવરણ ઊભું થાય તેવી જાહેર શુભ કામનાઓ, હાલમાં, અહીં, એડિંબરાના ડ્યૂક, રાજકુમાર ફિલીપે આપી હતી.

આપણને તો થાય : આ તો એમણે ભારે ઉત્તમ વાત કરી. પરંતુ સાથેસાથે સ્વાભાવિક સાનંદાશ્ચર્યાતીત સવાલ પણ થાય કે આ રાજકુમાર ફિલીપને જૈન ધર્મ-પરંપરાની તે શી ગતાગમ ?

રાજકુમાર ફિલીપ, વરસો પૂર્વે, 'વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ'ના પ્રમુખ હતા. આ મંડળની રજત જયંતી પ્રસંગે એમણે સંગોપન (કન્ઝરવેશન) તેમ જ ધર્મો વચ્ચે યુતિ રચવાની શરૂઆત કરેલી. તે દિવસોમાં ભારતના ઉચ્ચ આયુક્ત પદે જૈન દર્શનના જાણીતા વિદ્વાન અને આંતરરાષ્ટ્રીય કાયદાકાનૂનોના નિષ્ણાત લક્ષ્મીમલ્લ સિંઘવી હતા. તેમની પ્રેરણાએ, જૈન સમાજના અગ્રણીઓએ, જૈન ધર્મમાંની પરંપરાઓને કેન્દ્રમાં રાખીને, આ મુદ્દે, સૃષ્ટિ અંગે એક ઘોષણાપત્ર રજૂ કરેલું. એ દિવસોમાં, આ સંબંધે, એક ઐતિહાસિક અવસર બકિંગમ રાજમહેલમાં યોજાયો હતો અને તે ટાંકણે આ નિવેદન પેશ કરવામાં આવ્યું હતું. જગત ભરના તમામ ધર્મોમાં, જૈન ધર્મની ગણના, જગતના અગત્યના ધર્મોની હારમાળામાં, આઠમા સ્થાને અંકાઈ હતી.



જૈન સાહિત્યના વિવિધ દસ્તાવેજોના અધિકૃત સૂચિગ્રંથનું જાહેર લોકાર્પણ કરતા ડ્યુક ઑફ એડિનબરા. ચિત્રમાં, ડાબેથી, ઈન્સ્ટિટ્યૂટના ઉપ-પ્રમુખ નેમુ ચંદરિયા, એડિનબરાના ડ્યૂક રાજકુમાર ફિલીપ, ભારતીય ઉચ્ચ આયુક્ત કમલેશ શર્મા, ઈન્સ્ટિટ્યૂટના મંત્રી હર્ષદ સંઘ રાજકા તથા પ્રમુખ રતિલાલ ચંદરિયા દૃષ્ટિમાન થાય છે.

વારુ, જૈન સાહિત્યના વિવિધ દસ્તાવેજોની સૂચિ તૈયાર કરવાનું એક ભાતીગળ કામ 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજી'ના સાથસહકારમાં બ્રિટિશ લાયબ્રેરીએ હાથ ધરેલું. એ તૈયાર થયેલી સૂચિનું

જાહેર લોકાર્પણ કરવાનો દબદબાભર્યો આ કાર્યક્રમ હતો. અને તેમાં ડ્યૂક ઑફ એડિનબરા મુખ્ય મહેમાન હતા; વળી, એમને હસ્તે આ જાહેર લોકાર્પણ વિધિ સમ્પન્ન થતી હતી.

આ અવસરે ભારત ઉપરાંત, સિંગાપુર, કેન્યા, મધ્ય પૂર્વના દેશો તેમ જ આ દેશનીમોટી અનેક જૈનલક્ષી સંસ્થાઓના ત્રણસોથી ઝાઝેરાં પ્રતિનિધિઓની હાજરી હતી. ભારતના સાંપ્રત ઉચ્ચ આયુક્ત કમલેશ શર્મા, આ દસ્તાવેજોની સૂચિ તૈયાર કરાવનાર જૂથનાં મુખ્ય સંપાદક નલિની બલબીર અને બ્રિટિશ લાયબ્રેરીના 'સ્કોલરશિપ એન્ડ કલેક્શન્સ' વિભાગના નિયામક રોનલ્ડ મિલ્ન હાજર હતાં. વળી, શમણાજી પ્રસન્ન પ્રજ્ઞા તથા મનન પ્રજ્ઞાની પણ ઉપસ્થિતિ હતી.

આ 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી'ની રચના ગઈ સદીના સાતમા દાયકા વેળા કરવામાં આવી હતી, એમ જાણીતા ગુજરાતી શહેરી અને કર્મશીલ લેખક મનસુખ શાહે સંભારી આપ્યું હતું. જૈન દર્શનના જાણીતા વિદ્વાન વક્તા ચિત્રભાનુજી તે દિવસો દરમિયાન આ દેશની વ્યાખ્યાન મુલાકાતે હતા. એમના માર્ગદર્શન હેઠળ રતિલાલ ચંદરિયા, નિર્મળ શેઠિયા, જવાહર ગોલેચા સરીખા જૈન આગેવાનોના નેજા હેઠળ 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી'ની રચના કરવામાં આવી હતી. આરંભથી જ રતિલાલભાઈ તેના પ્રમુખસ્થાનેથી સેવાઓ બજાવી રહ્યા છે.

વરસો પૂર્વે, ઉમા સ્વાતિ લિખિત મૂળ પુસ્તક 'તત્ત્વાર્થસૂત્ર'નું અંગ્રેજી ભાષાન્તર પણ આ સંસ્થા હેઠળ પ્રગટ થયું હતું, તેમ જાણવા મળે છે. જાણીતા વિદ્વાન નથમલ્લ ટાંટિયાએ 'ધેટ વીચ ઇઝ' નામે અંગ્રેજી અનુવાદ આપ્યો હતો અને તેનું સંસ્કરણ ૧૯૯૪માં અહીં થયું હોવાનું જાણવા મળે છે.

'ગુજરાતી વિશ્વકોશ'માં નગીન જી. શાહના આપ્યા એક અધિકરણ મુજબ, 'દર્શન' શબ્દનો અર્થ અહીં તત્ત્વજ્ઞાન છે. જૈનદર્શન એટલે જૈન તત્ત્વજ્ઞાન. જૈનદર્શન અનુસાર સત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે. સત્ દ્રવ્ય-પર્યાયાત્મક છે. પર્યાયનો અર્થ છે પરિવર્તન, આકાર, અવસ્થા. રૂપેન્દ્રકુમાર પગારિયાના મત મુજબ, મૂલ વૈદિક શાસ્ત્રો જેમ 'વેદ' કહેવાય છે, બૌદ્ધ શાસ્ત્રો જેમ 'પિટક' કહેવાય છે તેમ જ જૈન શાસ્ત્રો 'શ્રુત', 'સૂત્ર' કે 'આગમ' કહેવાય છે. સૂત્ર, ગ્રંથ, સિદ્ધાન્ત, પ્રવચન, આજ્ઞા, વચન, ઉપદેશ, પ્રજ્ઞાપન, આગમ, આપ્તવચન, ઐતિહ્ય, આમ્નાય અને જિનવચન એ બધાયે /આગમ'ના પર્યાયવાચી શબ્દો છે.

જૈનોના આગમગ્રંથોને કેન્દ્રમાં રાખી તેમની ભાષા અને સિદ્ધાન્તો સમજાવવા સારુ પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ ભાષાઓમાં ગદ્ય કે પદ્યરૂપે વિસ્તાર પામેલું ટીકારૂપ ગૌણ સાહિત્ય કહેવાય છે, તેમ બંસીધર ભટ્ટ નોંધે છે. વળી, કર્મવાદને લક્ષ્યમાં રાખીને પણ જૈન દર્શન ક્ષેત્રે વિપુલ સાહિત્યની રચના થઈ છે. ભારતની ત્રણે મુખ્ય ધારાઓ - વૈદિક, બૌદ્ધ અને જૈન પરંપરાઓમાં કર્મવાદનો વિચાર કરાયો છે.

'જૈન ધર્મનો પ્રાણ' પુસ્તકમાં પંડિત સુખલાલજીએ કહ્યું છે તેમ, હિંસાથી નિવૃત્ત થવું એ જ અહિંસા છે. જ્યાં લગી હિંસા કોની થાય છે, તથા હિંસા કોણ અને કયા કારણે કરે છે, અને એનું પરિણામ શું આવે છે, એ ન સમજાવાય ત્યાં લગી આ વાત સમજવામાં નથી આવતી. આ પ્રશ્નને સમજવા માટે જૈન દર્શનમાં ભારે સાહિત્ય પડ્યું છે. અને તેથી જ પંડિતજીએ કહ્યું છે તેમ, 'અહિંસા, અનેકાન્તવાદ અને એમાંથી જન્મેલી વિદ્યાઓ જ જૈન ધર્મનો પ્રાણ છે.'

આચાર્ય વિનોબાએ 'સમણસુત્ત' નામનું એક અદ્દભુત પરંતુ ભારે અગત્યનું પુસ્તક આપ્યું છે. તેના આરંભે, વિનોબાએ 'સમાધાન' મથાળા હેઠળ લખ્યું છે :

'હું એ કબૂલ કરું છું કે ગીતાની મારા ઉપર ઊંડી અસર છે. ગીતા પછીથી મહાવીર ભગવાનથી વધુ બીજી કોઈ પણ વાતની અસર



મારા ચિત્ત પર નથી. એનું કારણ એ છે કે મહાવીર ભગવાને જે આજ્ઞા આપી છે તે બાબાને પૂરેપૂરી કબૂલ છે. એ આજ્ઞા છે - 'સત્યાગ્રહી' બનો. આજે તો જે આવ્યો તે 'સત્યાગ્રહી' બની નીકળે છે. બાપુએ બાબાને પણ સત્યાગ્રહી તરીકે આગળ કર્યો હતો, પણ બાબા જાણતો હતો કે સત્યાગ્રહી નથી, 'સત્યગ્રાહી' છે. દરેક માનવ પાસે એનું સત્ય હોય છે અને તેથી માનવ-જન્મ સાર્થક થતો હોય છે. આમ તમામ ધર્મોમાં, તમામ પંથોમાં અને તમામ માનવોમાં જે સત્યનો અંશ છે તેને ગ્રહણ કરવો જોઈએ. ભગવાન મહાવીરનો આ ઉપદેશ છે. ગીતા પછીથી બાબા પર એની જ અસર છે. 'ગીતા પછીથી' એમ કહું છું ખરો, પણ જોઉં છું તો મને એ બન્નેમાં કશો ય ફરક દેખાતો નથી.'

જગત ભરમાં, ચોમેર, આજે ધર્મસંપ્રદાયોમાં આપણે એક પ્રકારની કટુતા, અસહિષ્ણુતા, આડંબર, કર્મકાંડ, વ્યાવર્તકતાવાદ (એક્સ્ક્લુઝિવિઝન)ના નાનામોટા ધોધ છૂટ્યા હોવાના અનેક દાખલાઓ જોઈએ છીએ. સાધુબાવાઓ, મુલ્લામૌલવીઓ, પાદરીઓ પણ ધર્મની સાચુકલી વાતો રજૂ કરવાને બદલે સતત પોતાને કેન્દ્રમાં રાખવા અને પોતાના વાડીવજીફાઓ જળવાઈ રહે તેમ વાણીવ્યવહાર કરતા હરે છે, ફરે છે અને ચરે છે. એવે સમયે, જૈન દર્શન ભણીની આ વિનોબા વાણી આપણને સત્યગ્રાહી બનવાની સમજણ અને કેળવણી આપે, તો તથી બીજી રૂડું શું હોઈ શકે ?

•

# 'વિવેક બૃહસ્પતિ' ગુજરાતીનો ભૂખોલૂખો શિષ્ટાચાર !

યુનાઈટેડ કિંગ્ડમના સાંપ્રત વડા પ્રધાન ટોની બ્લેઈરનાં 'રિસ્પેક્ટ ઝાર'નું (ટૂંકામાં, આપણી સમજ મુજબ, માન–સન્માન–આદર માટેનાં સત્તાધારીનું) કહેવું છે : બ્રિટિશ જનજીવનમાં સન્માન-આદર માટેનું ફેર આગમન કરવાને સારુ એક આંદોલન જગાડવું પડશે ! આ સત્તાધારી, લૂઈ કેસી, વળી, કહેતાં હતાં : 'સમાજને કોઈ પણ ખૂણે, ઉપરતળે નજર કરો, એ પૈસાદાર હોય અથવા નિર્ધન પણ હોય, આમ લોક અરોચક વર્તન કરતું જ હોય છે.'

આ ક્ષેત્રે નિશાળોએ, ધંધાદારી પેઢીઓએ તેમ જ પ્રચાર પ્રસારનાં માધ્યમોએ, દરેકે, પોતાની ફરજ અદા કરવાની છે, એમ લૂઈબહેન કહેતાં રહ્યાં. લંડનની બસોમાં, એક દા, બેજીવી મહિલાઓને માટે બેઠકો ખાલી કરી અપાતી હતી. આજે એમ થતું નથી. વળી, ટેલિવીઝનમાંના 'સોપ ઓપેરા'ઓએ પણ બ્રિટન વિશેનું ભદ્દું ચિત્ર ઉપસાવવાનું ટાળવું જોઈએ. રસ્તાની આ પાર, પેલી પાર, ઘરડાં લોકોને સહાયભૂત થવાનું ય રાખવું જોઈએ. કોઈને મદદરૂપ થઈએ છીએ ત્યારે આપણને, સ્વાભાવિક, ખૂબ સારું લાગે છે. 'ભોંય પરે તમે કચરોકૂડો નાંખો નહીં, તો તમે ગમાર વેદિયા માણસ છો જ નહીં.' લૂઈ કેસીનો ઠરેલ મત હતો. 'આપણે સૌ, આપણો દેશ સ્વચ્છ ચોખ્ખો હોય તેમ, ઝંખીએ જ છીએ; તો તે તેવો રાખવાવાળાં છીએ, તેમ મનમાં ઠસાવી રાખજો.'

જાણે કે વાત થઈ પૂરી; પણ ના. માણસનો એક જીવાંશ ખણખોદિયો પણ છે. તેથી, આમતેમ કુતૂહલ વાસ્તે તે તરતપાસ કરતો ય જાય છે. હું પણ તેમાં લપેટાયો. ... આ 'રિસ્પેક્ટ'ની નજીકનો અગત્યનો એક શબ્દ છે 'એટિકેટ' - **etiquette**, એટલે કે સભ્યતાની રીતભાત, શિષ્ટાચાર. આ શબ્દ વ્યુત્પત્તિશાસ્ત્રની એરણે તપાસીએ એટલે સમજાય છે કે તે ફ્રેન્ચ શબ્દ છે, વલંદાઓ પાસેથી તેમને જડ્યો છે, અને હવે આ તેની અંગ્રેજીને દેણગી છે.

બીજી પાસ, લેખક મિત્ર મોઈનુદ્દીન મનીઆરે, અબીહાલ, આ નીચેની બાતમી મોકલી આપેલી :

### ભારતીયો અવિવેકી જાપાનના પ્રવાસીઓ સૌથી વિનમ્ર અને ફ્રેન્ચ સૌથી ઘમંડી

વિવિધતામાં એકતાના નામે ભારતીયો ભલે ગર્વ કરતા હોય, પરંતુ ટૂરિસ્ટ તરીકે તેમની ઇમેજ બિલકુલ સારી નથી. હાલમાં થયેલા એક સર્વેક્ષણ મુજબ ભારતીય પ્રવાસીઓ દુનિયામાં બીજા નંબરના સૌથી અવિવેકી ટૂરિસ્ટ છે. આ સર્વેમાં ફ્રેન્ચ લોકો સૌથી ઘમંડી હોવાનું જાણવા મળ્યું છે. એક્સપેડિયા નામની ટ્રાવેલ વેબસાઇટે કરેલા આ સર્વેમાં જાપાનના ટૂરિસ્ટો સૌથી વિનમ્ર અને ત્યાર પછી અમેરિકનો તથા ત્રીજા નંબરે સ્વીસ ટૂરિસ્ટો રહ્યા છે. આ સર્વેમાં યુરોપના ૧૫,૦૦૦ હોટેલ મેનેજરોનો સંપર્ક કરી તેમને ૧૦ કેટેગરીમાં પ્રશ્નો પુછાયા હતા, જેમાં વિનમ્રતાની કેટેગરીમાં ભારતીયો ખરાબ રહ્યા છે. જ્યારે જાપાનના લોકો સૌથી આગળ રહ્યા છે. ભારતીય પ્રવાસીઓ જ્યાં જાય ત્યાં પોતાની લોકલ સ્પેશિયાલિટીનો આગ્રહ રાખે છે. આ બાબતમાં ઇટાલિયનો પણ ભારતીયો જેવા જ છે. યુરોપની ટૂર પરથી પાછા આવેલા પ્રવાસીઓ કહે છે કે યુરોપમાં ભારતીય ફૂડ બધે જ મળે છે. સ્વિટ્ઝર્લૅન્ડના માઉન્ટ ટિટલીસ પર છોલે પૂરી મળે છે અને પેરિસમાં લીડોની રમત જોતી વખતે સમોસા મળી શકે છે.

ભારતીયો અને બ્રિટિશરોમાં આ મુદ્દે ય સામ્ય હોઈ શકે ! બીજાંત્રીજાં અનેક સામ્યો છે, પણ તેની વાત બીજી કોઈક વેળાએ. ... ... ખેર ! ... ગુજરાતી સમેતનાં ભારતીઓમાં, ભલા, આ અવિવેક, આ વિનમ્રતા આવ્યાં ક્યાંથી ?

વારુ, આ શિષ્ટાચાર, આ વિવેક, આ આદર, આ માન, આ સન્માન માણસમાં આવે કઈ રીતે ? તે કોઈ છોડ, વેલ, ઝાડ પર ઊગતી કોઈ પેદાશ નથી; કે નથી તે કોઈ ટીકડી, કે ખાઈ લીધી. કેળવણીનો એ એક ભાગ છે. અને કેળવણીને શિક્ષણ જોડે લગીર સરખાવી શકાય તેમ નથી. બન્ને વચ્ચે તાત્ત્વિક ભેદરેખા છે.

અને છતાં, અમારાં લૂઈ કેસી "ડેલી ટેલિગ્રાફ" દૈનિકને આપેલી એક મુલાકાતમાં કહેતાં હતાં : સમાજમાં 'સિંગલ પેરેન્ટ' (એક માવતર) પરિવારનો વધારો થતો જાય છે અને લોકો દેવળોમાં જવાનું આજકાલ ટાળે છે. તેમ જ પડોશીધર્મમાંથી પણ સમાજ ચ્યૂત થતો જાય છે, તેથી આમ વિશેષ બનતું રહ્યું છે. ... ખરેખર ? તેમ કેમ કહી શકાય ?

ગુજરાત સમેતના સમાજમાં તો ધરમકરમની જ ધજા ફરફરે છે. લોક મંદિર, મસ્જિદ, ગિરીજાઘરની જ ચોપાસ મધમાખની પેઠે બણબણતાં ફરે છે. સાધુબાવાઓ, મૌલવીઓ, પાદરીઓનો પાસ સૌને વિશેષ છે. કથાપારાયણોમાંની ગીરદી સાહેદી પૂરે જ છે. ... આ લોકની નહીં, બાપલિયા, તેમને પરલોકની ગોઠવણ કરવી સવિશેષ વહાલી છે ! ... ... અને છતાં, શિષ્ટાચારની ગેરહાજરી વર્તાય છે, તો ભલા, તેનું શું કરવું ? 'એક માવતર' (સિંગલ પેરેન્ટ) પરિવારવૃંદને ભાંડતાં રહેવાથી શું પ્રયોજન સરવાનું ? એમાં ભારોભાર કોઈક પૂર્વગ્રંથિ ઝબોળાઈ છે, તે લૂઈબહેનને દીસતું કેમ નહીં હોય ? વળી, તેમાં રાજકીય શિષ્ટાચારનો પડછાયો અથાતો નથી ? તદુપરાંત, તે સમજણ રૂઢિબદ્ધ માન્યતાઓનો એક ભાગ ફક્ત બની જાય છે, તો તેનું શું કરશું ? આ નરી સંવેદનશૂન્યતા જ છે.


ભારતમાંથી હજારોની સંખ્યામાં, હમણાં હમણાં, લોકો છ મહિનાના વિઝીટર વીઝા પર અથવા 'હાયર સ્કિલ્ડ વર્કર'ના વીઝા હેઠળ બ્રિટનમાં આવ્યાં છે. તેમાં ગુજરાતીઓનો પણ મોટો આંક છે. એમાંનાં કેટલાંકોનો વાણીવર્તાવ અનુભવ્યા પછી, થાય : ગુજરાતીઓ તો 'વિવેક બૃહસ્પતિ' તરીકે પંકાયેલાં છે, એ વાતને ભૂતકાળની વાત જ લેખવાની છે ને ? આ શંભુમેળામાં વિવેકહીનતા ય છે અને યેનકેનપ્રકારેણ પૈસા કમાઈ લેવાની વૃત્તિ પણ છે. કમાઈ લેવાનો જોગ કરવો એ સહજ સ્વાભાવિક મુદ્દો હોવા છતાં, અહીં તો કોઈક પ્રકારનો કડવો ભાવ અને જુગુપ્સા જાગતો પણ અનુભવ્યો છે. એ મોટે મોટેથી બોલવું, મોબાઈલનો ઉપયોગ, દુરુપયોગ અને વ્યક્તિગત શાંતિનું હનન. ફૂટપાથ પાર્લામેન્ટના 'માનદ્' સભાસદને નાતે મોટે મોટેથી બોલચાલનો ચોપાસ સહજ ચાલ.

આ મુલકની પ્રથાને અવગણીને બસની, ટ્રેનની કે પછી એવી બીજી કતારને ચાતરીને ઝટપટ આગળ જઈને પોતાનો મેળ જમાવી લેવો. સહાય મેળવતી વખતે 'થેન્ક યુ'નો ચેનચાળો ય જોવા ન મળે ! સાચાજૂઠા પ્રમાણો ઊભા કરીને, બસ, પૈસો રોળવવો એ જ એક માત્ર ધ્યેય અંકિત કરતાં રહેવું. વડીલવર્ગની સાંચવણ, કાળજીની નોકરીચાકરીમાં વિશ્વાસનું વહાણ સતત ડૂબતું જ હોય તેવો વર્તાવ. જાણે કે પૈસો જ મારો પરમેશ્વર અને હું પૈસાનો જ માત્ર દાસ !

વરસોથી, આ મુલકમાં ઠરીઠામ થયેલા અને વાયા વાયા અહીંતહીંથી આવી વસેલી વસાહતમાં ય, આજકાલ, અનેક લોકોમાં આવો મહારોગ દેખા દે છે.

આવું કહું છું છું ત્યારે એટલી અનુભવ પ્રતીતિની સમજણ પણ છે કે એ જૂથમાં બીજાં અનેક સારાં, સંસ્કારી, વિવેકી, વિનયી લોકો છે જ. અનિલ વ્યાસ, દિલીપ રાવલ જેવા જેવા અનેક અત્યંત સરસ મજાના, પોરસાવે તેવા આદમીઓ પણ તેમાં ભર્યા પડ્યા છે. એમની હૂંફે જીવતર મીઠુંમીઠું બની બેસે છે. આ બાબતે પણ, સંવેદનશૂન્યતાનું પોટલું બાંધી બેસાય નહીં. એની સમજણ સતત કેળવી રાખી સારી છે.

પણ, આ પરિસ્થિતિ પેદા થવાનાં મૂળમાં કેળવણીનો અભાવ પાયાગત છે. મારા બાળપણમાં, મારાં જ શા માટે, ઘણાંબધાનાં બાળપણમાં, બાળવાર્તાઓ સાંભળવા મળી છે. મહાકાવ્યોનું દોહન મળ્યું છે. કોમના અને નિશાળનાં સારાં શિક્ષકોએ ઘડતરકામ કર્યું છે. પરિવારમાં, પડોશમાં તથા મહોલ્લામાં સમજણનું વહાલ બે કાંઠે સભર સભર અનુભવ્યું છે. સમસામયિકોએ અને કતાર-લેખકોએ, વક્તાઓએ સોજ્જું ચણતર થવા દીધું છે. નીતિબોધની વાતો ઘરમાં, પરિવારમાં, સમાજમાં અને નિશાળમાં સતત ગાજતી રહી છે. આ મૌખિક જોડકણાં, વાર્તાઓ, કહેતીઓનો ઘરના પરિસરમાં આજે




Strict security code prohibits 30 items...Scissors included!

(સૌજન્ય : "ટાઈમ્સ ઑફ ઇન્ડિયા")

અભાવ આવ્યો છે. ટૂંકામાં, આજે ચોમેર ગ્રાહકવાદનો એરુ આભડી ગયો છે અને શિક્ષણને પણ તે ડંસી બેઠો છે. ત્યાં પણ આર્થિક લેખાંજોખાંએ પ્રધાનપદ અખત્યાર કરેલું છે. શિક્ષકો ભણાવે છે, પણ તેના પાયામાં વિદ્યાર્થીઓની માવજતની બાબતને ઠેકાણે 'પિપલ મેનેજમેન્ટ'ની બાબત કેન્દ્રસ્થ બની બેઠી છે. આવકજાવકના ટબા સરખા કરવાનું, જાણે કે, એક માત્ર અગત્યનું કામ બની ગયું છે. બીજી કોઈ રોજગારી ન મળતી હોય અને પછી, ના છૂટકે, શિક્ષક બન્યા સિવાય ચારો જ ન હોય તેવો ઘાટ પણ જોવા મળે છે. ગુજરાતના, ભારતના સંદર્ભમાં શિક્ષણ, કેળવણીને ઠેકાણે, વળી, ટ્યૂશનનો મહારોગ લાગુ પડેલો છે.

બોલો ! આવું આવું હોય, તે પછી, આ આદરભાવ, આ વિવેકભાન, આ માનસન્માનનાં પોતમાં ક્ષીણતા પ્રવેશે તો કોઈ નવાઈ ખરી કે ?

## પાનબીડું :

*જીવનમાં સનાતન મૂલ્યોને માટે, સત્ય - અહિંસા આદિ સદ્‌ગુણોને સ્થાન આપ્યા વિના, માત્ર ભૂખીલૂખી પ્રામાણિકતાની પવિત્રતાની વાતો કરવાથી, એ પ્રામાણિકતા અને પવિત્રતા ટકી શકવાની નથી. કારણ કે આવી પ્રામાણિકતા અને પવિત્રતા પણ સનાતન મૂલ્યોમાંથી નીપજે તો જ તે ટકે છે, એમ ન થાય તો ભીડ પડે ત્યારે ફટાકિયાં મોતીની માફક તૂટી જાય છે.*

- નાનાભાઈ ભટ્ટ

("કોડિયું", વર્ષ : ૬૦, અંક : ૯)

•

# 'વીરની જેમ જીતતા રહ્યા અને સંતની પેઠે દેતા રહ્યા !'

હા, એમનું નામ ગંગા રામ. ... ... તમને, કદાચ, થતું હશે : *'વો પરી કહાં સે લાઉં, તેરી દુલ્હન જિસે બનાઉં, કી ગોરી કોઈ પસંદ ન આયે તુજકો, કી છોરી કોઈ પસંદ ન આયે તુજકો ... ... ગંગા રામકી સમજમેં ન આયે ... ... ...* ', પાર્શ્વગાયક મૂકેશ સંગાથે, શારદા અને કોરસ મંડળીએ, સન ૧૯૭૦ના અરસાની 'પહેચાન' ફિલ્મ માટે, ગાયા આ ગીતના ગંગા રામની વાત કરવામાં ધુબાકો માર્યો કે શું ?

ના, ના, એમ નથી; દોસ્ત, અહીં આપણા એક પૂર્વસૂરિ સર ગંગા રામની વાત છેડવી છે. તમે જો દિલ્હી ગયા હો, તો તમને સર ગંગા રામ નામ કદાચ અજાણ્યું ન ય લાગે. એમાં પણ જો લાહોરની લટાર મારી હોય, તો તદ્દન સાવ જાણીતું જ એ નામ. મહિલાઓના અનેકવિધ સવાલોને પકડીને એમણે પાયાનાં કામો કર્યાં છે. એમણે અનેક શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી છે. વળી, જરૂરિયાતવાળા લોકોને માટે સહાયક આવાસોની રચના પણ એમણે કરી છે.

સ્થાનિક 'લંડન મેટ્રોપોલિટન યુનિવર્સિટી'માં, હાલમાં, તેના એક માનદ 'રિસર્ચ ફેલો' (સંશોધન - અધ્યેતા), ડૉ. એફ.એમ ભટ્ટીએ સર ગંગા રામ અંગે એક સરસ મજાનું જાહેર ભાષણ હાલ કર્યું હતું. વરસો પૂર્વે, 'ઈનર લંડન એજ્યુકેશન ઓથોરિટી'માં 'રિસર્ચ એન્ડ રિસોર્સિસ' (સંશોધન તથા સંસાધન) વિભાગના પૂર્વ નિયામકનો હોદ્દો અખત્યાર કરનાર, આ વક્તાએ 'સર ગંગા રામ ઍ મેન ફૉર ઓલ સિઝન્સ' નામે એક રોચક જીવનકથા પણ લખી છે. આપણા આ સર ગંગા રામના અંતિમ દિવસો અહીં લંડનમાં જ વિત્યા હતા. અહીં જ એમનો દેહ પડ્યો હતો.


સંયુક્ત પંજાબના શૈખુપુરા જિલ્લાના, મંગતનવાલા ગામના ગુરુદ્વારામાં, આપણા આ ગંગા રામનો જન્મ સન ૧૮૫૧માં થયાનું કહેવાય છે. એમનાં માવતર ભારે નિર્ધન હતા. એમને કોઈ ખોરડું હતું

નહીં. અને ભાડેથી રાખવાની કોઈ ગૂંજાઈશ પણ નહોતી. અને તેથી તેઓ ગુરુદ્વારામાં નિવાસ કરતાં હતાં. કહે છે કે પિતા સિપાહીગીરીની નાની અમથી નોકરી કરતા હતા. પ્રામાણિક, નિષ્ઠાવાન એવા આ જણને સારુ તેમાં કદાચ નસીબ નહીં હોય. એમને નોકરી છાંડવી પડેલી અને પછી મંગતનવાલા ગામને ય રામરામ કરવા પડેલા. ત્યાર બાદ, એ અમૃતસર જઈ ચડે છે. અને ત્યાંની સ્થાનિક અદાલતમાં 'નકલનવીસ'ની જવાબદારીવાળી એ નોકરી કરે છે.

અહીં ગંગા રામનું બાળપણ વિત્યું છે. એકાદ માઈલને અંતરે આવેલી નિશાળે પગે ચાલીને એ જાય અને એટલું જ અંતર કાપીને પાછા આવે. નિશાળેથી આવીને એ પિતા જ્યાં કામ કરતા ત્યાં અદાલતે ચાલીને જાય અને પિતા જોડે કામમાં ખૂંપી જાય. પરિવારને સારુ જે બે પૈસાનું ઉમેરણ થયું. ગંગા રામે નિશાળમાં હોશિયારી બતાવી. વિશેષ યોગ્યતા સાથે એ પ્રવેશ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થાય છે. એમને શિષ્યવૃત્તિ એનાયત થાય છે. એ દહાડાની ભારે પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થા, લાહોરની ગવર્નમેન્ટ કૉલેજમાં દાખલ થવાની તક પણ એમને સાંપડે છે. અને પછી, ગંગા રામે પાછું વાળીને જોયું જ નથી.

અહીંથી ગંગા રામની સવારી રૂરકી ખાતેની વિખ્યાત થોમાસન એન્જિનિયરીંગ કૉલેજમાં પ્રવેશ પામી. નસીબ તો જુઓ : એમને ઈન્ટરમિડિયેટમાં વિશિષ્ટ યોગ્યતાના ગુણ મળેલા. આથી દર મહિને પચાસ રૂપિયાની શિષ્યવૃત્તિ પણ એમને મળતી હતી. રૂરકીના દિવસોમાં ગંગા રામ એમાંથી અડધી રકમનો ખર્ચ પોતા સારુ કરતા અને બાકીની રકમ ઘરખર્ચ માટે માબાપને રવાના કરતા રહેતા. હિન્દના અત્યન્ત પ્રખ્યાત ઈજનેરો, રાજા જ્વાલા પ્રસાદ, સર લક્ષ્મીપતિ મિશ્ર, ડૉ. એ.એન. ખોસલા, કુંવર સૈન, કરનૈલ સિંઘ, ડૉ. જી. પાન્ડે, એમ.આર. ચોપડા, વગેરે વગેરે આ કૉલેજમાંથી બહાર પડેલા અને નામકામ કમાયેલાં. લેફ્ટનન્ટ જનરલ સર હેરલ્ડ વિલિયમ્સ જેવા આદમી અહીં એન્જિનિયર-ઈન-ચીફ હતા. પાછળથી એ સંસ્થાના નિયામક પણ એ બને છે. હિન્દને પોતાનું વતન બનાવી જાણનારા આ ઈજનેર માટે 'રૂરકી શાંતિનિકેતન હતું, એમનું સેવાગ્રામ પણ હતું અને છેવટે એમનું સમાધિસ્થાન પણ બની રહ્યું.'

વારુ, કૉલેજના તત્કાલીન આચાર્ય કર્નલ મેકલેગનને મન ગંગા રામ વિરલ તેજસ્વી વિદ્યાર્થી સાબિત થયા હતા. પાછળથી એમનાં જ પુત્ર સર એડવર્ડ મેકલેગનની સિફારસથી જ ગંગા રામને 'સર'નો ખિતાબ શાસનપાળ (રિજાઈના) તરફથી એનાયત કરવામાં આવેલો. એ તો બહુ પાછળની વાત થઈ. આ ઈજનેરી કૉલેજમાંથી ગંગા રામ વિશિષ્ટ ગુણાંકન સાથે ઉત્તીર્ણ થયા. એમને સુવર્ણચંદ્રક પણ એનાયત થયો. તરત એમને લાહોરના સહાયક ઈજનેર પદે નિયુક્ત પણ કરી દેવામાં આવ્યા. એમની પ્રગતિ થતી રહી. તત્કાલીન વાઈસરૉય લૉર્ડ રિપનની નજરમાં એ વસી ગયા અને એમણે બ્રિટનમાં વધુ અભ્યાસ માટેની વ્યવસ્થા કરી આપી. આમ ગંગા રામે યોર્કશર વિસ્તારના બ્રેડફર્ડ નગરમાંથી 'ડ્રેઈનેજ' અને 'વૉટરવર્ક્સ'ની ખાસ તાલીમ હાંસલ કરી.



હિન્દ પરત ફર્યા કે લાહોરમાં, વહીવટી ઈજનેર પદે એ નિયુક્ત થયા અને પછી લાહોરની સિકલ બદલવામાં એ લાગી પડ્યા. એમણે લાહોરને બાર વરસ આપ્યાં. કરકસરથી એ પૈસો ખર્ચાવતા અને સામે ઉત્તમ ગુણવત્તાભર્યાં કામની વ્યવસ્થા કરી આપતા. લાહોર ઉપરાંત, લાયલપુર, મોન્ટગોમરી, શૈખુપુરા, સરગોધાની ય સિકલ બદલતી ગઈ. અમૃતસર અને પઠાણકોટ વચ્ચેની રેલવે લાઈનનું બાંધકામ થયું. લાહોરમાં આવાસોના અનેક વિસ્તારો આજે પણ સરસ વ્યવસ્થાવાળા જોવા મળે છે. તે તમામ આપણા આ ગંગા રામની દેણગી છે.

રાજા એડવર્ડ આઠમા હિન્દની શાહી મુલાકાતે આવી રહ્યા હતા અને દિલ્હીમાં શાહી દરબાર યોજાવાનો હતો. તેને સારુ 'સુપરિન્ટેન્ડન્ટ ઑફ વર્કસ'ને પદે તત્કાલીન વાઈસરૉય લૉર્ડ કર્ઝને ગંગા રામની નિયુક્તિ કરેલી. એક હિન્દીની આ બઢતી ઘણી બધી રીતે યોગ્ય હતી. એમનામાં શાસનને કેટલો વિશ્વાસ હશે, તેની સાહેદી પણ તેમાંથી સાંપડે છે. અને એ પછી ફક્ત પર વર્ષની વયે ગંગા રામ સરકારી કામોમાંથી ૧૯૦૩ના અરસામાં નિવૃત્ત થયા. અને જોડાજોડ, પતિયાળાના રાજવીએ એમને રાજ્યના મુખ્ય ઈજનેરના પદે નિયુક્ત કર્યા. એમણે આ રાજ્યની પણ સિકલ બદલી કાઢી.

... અને પછી ખેતી પ્રધાન દેશના મુખ્ય પ્રશ્ન, ખેતી વિશે એમણે ધ્યાન લક્ષમાં લીધું. પંજાબમાં એમણે નવી નહેરો બાંધી અપાવી. એમણે ખુદ અનેક એકડની જમીન રાખી. પંપ સિંચાઈ વાટે એમણે ખેતીમાં અનેક અખતરાઓ આદર્યા. અને આમ, જાત નિરીક્ષણથી હજારો એકડની આ જમીન એક આદર્શ ખેતીમાં ફેરવાઈ ગઈ. ગંગાપુરના નામે આ પ્રયોગ ઈતિહાસમાં પ્રસિદ્ધ બન્યો છે. આજે પણ આ ગંગાપુરની ભારતમાં બોલબાલા છે.

ગંગા રામને ગરીબાઈની, માંદગી વિશે ઘેર અજ્ઞાનતાની, જીવન જરૂરિયાતોથી વંચિત હિન્દવી જનતાની હાલત બાબત ભારે ચિંતા રહેતી. એમણે ૧૯૧૧ તેમ જ ૧૯૨૧ની વસતિગણતરીના અહેવાલનો જાત અભ્યાસ કર્યો. બાળમરણ, બાળલગ્ન, બાળવિધવાના સવાલો બાબતોની વિગતે માહિતી જાણીને એ ખૂબ ક્ષુબ્ધ બની બેઠા. પરંતુ એ હાથ જોડીને બેઠા ન જ રહ્યા. એ ખુદ સક્રિય બની ગયા. આ દરેક સામે એમણે આંદોલન જગાવ્યું. ખાસ નિશાળો ખોલાવી. ખાસ તાલીમબદ્ધ શિક્ષકોની વ્યવસ્થા ઊભી કરાવી. એમણે પૈસો અને જમીન, બંનેની જોગવાઈ આપી. પોતાની વાત લોકો સુધી પહોંચતી કરવા વળી નવો નુસખો ય કર્યો - ત્રણ સામયિકો પ્રગટ કરવાનું પણ એમણે રાખ્યું હતું. લાહોરમાં ત્યારે એક પણ વ્યવસાયી કૉલેજ નહોતી. પોતાનું મકાન અર્પણ કરીને એમણે 'હેયલી કૉલેજ'નો આદર કરેલો. વડીલવર્ગની યાતનાઓ હળવી કરવા એમણે ઘરડાઘરની યોજના પણ હાથ ધરેલી. અને વળી લાહોરમાં 'ફ્રી હૉસ્પિટલ'ની પણ એમણે સ્થાપના કરેલી. આજે પણ આ બધું લાહોરમાં એમની મીઠી મધૂરી યાદમાં એ જ નામે ચાલી રહ્યું છે.

ભાગલા પછી, દિલ્હીમાં ૬૫૦ પથારીની જોગવાઈ ધરાવતી એક વિશાળ હૉસ્પિટલની, સન ૧૯૫૧ દરમિયાન, રચના કરવામાં આવી હતી. આ હૉસ્પિટલને સર ગંગા રામની સ્મૃતિમાં ચલાવવામાં આવી રહી છે. આ હૉસ્પિટલની આબરુ દેશ ભરમાં ભારે ઉમદા રહી છે.

ગંગા રામ હયાત હતા ત્યારે જ, ૧૯૨૦ના અરસામાં, એમની ઈચ્છા અનુસાર, અપહજ આશ્રમ તથા વિધવા માટેના મકાનની અડોઅડ એમની સમાધિની રચના કરવામાં આવી હતી. ૧૦ જુલાઈ ૧૯૨૭ના દિવસે એમનો દેહ લંડનમાં પડ્યો. મૃત્યુ પછી, એમના દેહને પાલખીરૂપે લાહોર લઈ જવાયો હતો અને ત્યાં ૧૫ ઑગસ્ટ ૧૯૨૭ના રોજ અગ્નિદાહ દેવાયો હતો. પંજાબના તત્કાલીન ગવર્નર સર માલકમ હૈયલીએ એમને અંજલિ આપતા કહેલું : 'વીરની જેમ એ જીતતા રહ્યા અને સંતની પેઠે એ દેતા રહ્યા !' વાત તદ્દન સાચી છે. અખંડ હિન્દના એ એક ઉત્તમ ઈજનેર હતા તેમ જ ખૂબ મહાન શ્રેષ્ઠી પણ હતા.

**પાનબીડું :**

મનીષ મોદીની વેબસાઈટ પરે, હમણાં, એક આવો પણ શે'ર તરતો રહ્યો છે :

*રોજે-રોશન કે જલૂ મેં હૈં અન્ધેર કિતને*
*બન ગયે કાફિલએ-સાલાર લુટેરે કિતને*

**- અફસર સીમાબી અહમદનગરી**

ઝળાહળા થતા રહેતા અનેક અવસરોમાં કાળાં ડીબાંગ ધાબાં જોઈએ છીએ; વારંવાર આપણાં નેતાઓ અને ગુરુઓ

# મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું



સન ૧૯૫૦-૫૧નો સમયગાળો. આજે તેને ય હવે ૫૬-૫૭ થયા હોય. કેન્યાના પાટનગર નાયરોબીમાં ગવર્નમેન્ટ ઈન્ડિયન હાઈ સ્કૂલની વધુ એક પ્રવૃત્તિનો ચિતાર અહીં આપ્યો છે. ગુજરાતી સાહિત્ય મંડળ નામે, એ દિવસોમાં ત્યાં પ્રવૃત્તિઓ થઈ શકતી. તેના નેજા હેઠળ નાટ્યપ્રવૃત્તિઓ થતી અને ખીલતી ય ખરી. આ નાટ્યપ્રવૃત્તિના મુખ્ય પ્રણેતા હતા એ સમયગાળાના એક આદરમાન શિક્ષક - પુરુષોતમભાઈ સી. પટેલ.

હેરોમાં સ્થાયી થયેલા તે નિશાળના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને, હાલ, જાણીતા વિચારક - લેખક રમેશભાઈ બા. પટેલ પાસેથી આ છબિ મળી છે.

આ છબિ માંહેનાં બધાં નામો જડતાં નથી. જે કંઈ સાંભરે છે તે આ મુજબ છે : આગલી હરોળમાં બેઠેલાઓમાં ડાબેથી બીજા છે આપણા આ રમેશભાઈ બી. પટેલ. બીજી હરોળમાં, ખુરસી પર બેઠેલાઓમાં બીજા નંબરે એક શિક્ષક, જાનીભાઈ છે. ત્રીજા સ્થાને પણ શિક્ષક છે : ઈશ્વરભાઈ પટેલ. પાંચમા સ્થાને નાયબ આચાર્ય આર. ડી. દિક્ષિત અને છઠ્ઠે છે પુરુષોતમભાઈ સી. પટેલ - આ નાટ્યપ્રવૃત્તિના પ્રણેતા શિક્ષક.

છેલ્લી હરોળમાં, ડાબેથી બીજા ક્રમાંકે ગુણવંતભાઈ રાવલ તેમ જ નવમાં સ્થાને સૂર્યકાન્ત પટેલ દૃષ્ટિમાન થાય છે.




રમેશ.., આજે રસોઈમાં શું કરું?
મારું તો ખાના ખાજાના જોઈ જોઈને
પેટ ભરાઈ ગયું છે!

# સંકુલ સંબંધોની શતરૂપા વાતો

o દીપક મહેતા

*શતરૂપા સાસુજી : સં. પિન્કી દલાલ : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨ : ૧ આવૃત્તિ, ૨૦૦૭ : ૧૦+૨૨૮ પાનાં : રૂ. ૩૦૦.*

માતા, પિતા, દીકરી, મિત્ર, ગુરુ વગેરે વિષેના લેખોનાં સંપાદનો પ્રગટ કરવાનું તો કોઈને પણ સૂઝે, પણ સાસુ વિષે લેખો લખાવી, એનું સંપાદન કરવાનું તો કદાચ કોઈ સ્ત્રીને જે સૂઝે. પણ સૂઝે એટલેથી વાત પૂરી ન થાય. સાસુ જેવા 'સ્ફોટક' વિષય અંગે લખવા લેખકોને તૈયાર કરવા અને એમના મેળવવા લેખો મેળવવા એ કામ તો કપરું. પિન્કી દલાલને સાસુ વિષે લેખો લખાવવાનું સૂઝ્યું એટલું જ નહીં, ૪૫ જેટલાં, લેખક - લેખિકા પાસે તેઓ લેખો લખાવી પણ શક્યાં. એ લેખોનું સંપાદન તે 'શતરૂપા સાસુજી' અને આ ૪૫મા સાહિત્ય ઉપરાંત પત્રકારત્વ, રંગભૂમિ, રાજકારણ, સુગમ સંગીત, તબીબીશાસ્ત્ર, નાટ્યલેખન, શિક્ષણ, વકીલાત જેવાં ક્ષેત્રો સાથે સંકળાયેલી વ્યક્તિઓ પાસે પણ તેઓ લખાવી શક્યાં છે. જેમના લેખો અહીં સંગ્રહાયા છે તેમાંનાં કેટલાંક નામોઃ અવંતિકા ગુણવંત, અમી ત્રિવેદી, ઈલા આરબ મહેતા, ચંદુલાલ સેલારકા, જયવંતીબહેન મહેતા, તુષાર શુક્લ, દિગંત ઓઝા, ધૈર્યબાળા વોરા, નિશા કાપડિયા, નંદિની ત્રિવેદી, પુરુષોત્તમ ઉપાધ્યાય, ડૉ. પ્રજ્ઞા પૈ, ભગવતીકુમાર શર્મા, રૂપા શાહ, વર્ષા અડાલજા, સોનલ શુક્લ, હરિભાઈ કોઠારી.

પ્રસ્તાવનામાં સંપાદકે કહ્યું છેઃ "સાસુ - વહુના સંબંધ ક્યારેય સોનાના નથી હોતા, સાથે સાથે પિત્તળના જ હોય તે પણ જરૂરી નથી." આમ તો કોઈપણ સંબંધ સાવ સોનાનો નથી હોતો. ઘરેણું ઘડવા માટે સોનામાં થોડો ભેગ તો કરવો જ પડે છે. સંબંધ સાચવવા થોડો ભોગ પણ આપવો જ પડે છે. પણ સાસુ વિષે લખવું બમણું અઘરું છે. કારણ એવું લખવા જતાં એક સાથે બે વ્યક્તિની ખફગી વહોરી લેવાની બીક રહેઃ સાસુની, અને તેની પુત્રી કે તેના પુત્રની. પણ અહીં સંગ્રહાયેલા ઘણાખરા લેખોમાં શક્ય તેટલી નિખાલસતાથી લખવાનો સભાન પ્રયત્ન થયેલો જોવા મળે છે. જેમ કે સાસુ ધૈર્યબાળા વોરા વિષે પુત્રવધૂ અમી ત્રિવેદી લખે છે. "અમે બન્ને જણ પોતપોતાના ક્ષેત્રમાં નિપુણ છીએ. અમારી પાસે વિચારવાની શક્તિ છે. એટલે એવું તો ઘણી વાર બને કે મને તેમની ચોક્કસ વાતો સહેજે રુચે નહીં અને એમને મારી. એટલે ગરમાગરમી તો સહેજે થવાની જ."

તો ઈલા આરબ મહેતા લખે છેઃ "સચ્ચાઈની પહેલી થપાટ મને એ લાગી કે અરે, આમ જુઓ તો અમારી વચ્ચે કોમન કહી શકાય, સમાન કહી શકાય તેવી કોઈ ભૂમિકા જ ન હતી. અમારી સાસુવહુની ભૂમિકા સમથળ નથી. બલકે ક્યાંક ઊંડા ખાડા છે તો કઠણ ચઢાણ છે." તો થોડી રમૂજ ભેળવીને તારિણી દેસાઈ કહે છેઃ "જ્યારે ને ત્યારે સુધીરબાબુ એમને પાતળો જ લાગે, અને હું હંમેશ જાડી. એટલો એમનો પાડ માનું કે મને નક્કોરડા ઉપવાસ કરવાનું નહોતાં કહેતાં." પુરુષોત્તમ ઉપાધ્યાય લખે છેઃ ૧૯૬૭માં નક્કી કર્યું કે લગ્ન તો કરવાં જ, પણ સાસુ તૈયાર નહોતાં તેથી અમદાવાદ ભાગી જઈને લગ્ન કર્યાં. સાસુમા તો એકદમ અપસેટ થઈ ગયાં. એમણે તો મુંબઈથી પોલીસ મોકલી. પૈસા જોઈને લગ્ન કર્યાં છે એવા આક્ષેપો મૂક્યા."

અને છતાં આ લેખોમાં કડવાશ કે નિંદા ભાગ્યે જ ક્યાંય જોવા મળે છે. મનભેદ મટી ન શકે તોય ઘટાડવા માટે બન્ને પક્ષ બાંધછોડ કરવા તૈયાર થતા જણાય છે. આગ્રહો ધીમે ધીમે ઓગળતા જાય છે. સંવાદ માટેના સાચકલા પ્રયત્નો થતા રહે છે. ઘણીખરી સાસુઓ પ્રમાણમાં ઓછું ભણેલી છે, પણ ભણતરનું મહત્ત્વ સમજે અને સ્વીકારે. રસોઈ અને ઘરકામમાં પાવરધી છે. મહેમાનગતિ કરવી તેમને ગમે છે. કરકસરથી ઘર ચલાવી જાણે છે. પણ ઘણી વાર આ ગુણો જ ઘર્ષણનું નિમિત્ત બને છે. કેટલીક સાસુઓને સાહિત્ય, સંગીત, ભરતગૂંથણ જેવી કલાઓનો શોખ છે. છતાં વહુના શોખ પણ ક્યારેક મતભેદનું કારણ બને છે. ન્યાતજાતના ભેદ ક્યારેક આડા આવે છે. તો નિશા કાપડિયા, નિશ્ચિંત હોરા, નંદિની મહેતા, પ્રજ્ઞા પૈ જેવાના દાખલામાં ભાષા, પ્રદેશ કે ધર્મના ભેદ પણ ધીમે ધીમે બુઠ્ઠા બનતા જાય છે. વહુ કે જમાઈ ક્યારેક બળથી, પણ મોટે ભાગે કળથી કામ કઢાવી શકે છે. શરૂઆત યુદ્ધથી થઈ હોય તોય વખતા જતાં સુલેહ થાય છે, સમાધાન પણ થાય છે. અંતે મોઢામાં અને કલમમાં મીઠાશ જોવા મળે છે. મીઠાશ નહીં, તોય કડવાશ તો જોવા નથી મળતી.

આપણા કેટલાક વિવેચકો, પત્રકારો, મિડિયાવાળા એમ માનતા - મનાવતા હોય છે કે જે માણસ બીજાનું ભૂંડું બોલે, દોષો જ બતાવે, માઠી વાતો જ જણાવે એ માણસ જ સાચાબોલો, નિખાલસ, ભરોસો મૂકવા જેવો. જે બીજાનાં વખાણ કરે, ગુણોને આગળ કરે, બે સારી વાતો યાદ રાખે એ માણસ જુઠ્ઠાડો, દંભી, ખુશામતખોર અને માતા-પિતા, પતિપત્ની કે સાસુસસરા વિષે લખતી વખતે તો બધાં લખનારાં લટુડાંપટુડાં જ કરે. એટલે આવા લેખોનાં સંપાદનો જુઠ્ઠાણું ફેલાવનારાં, ગુડીગુડી, નક્કામાં. અંગ્રેજીમાં કહેવાય છે કે કૂતરો માણસને કરડે એ સમાચાર નથી, પણ માણસ કૂતરાને કરડે એ સમાચાર છે. પણ એટલે કેટલાક સમાચારભૂખ્યા એવો આગ્રહ રાખે છે કે દરેક માણસે અવારનવાર કૂતરાને કરડતા રહેવું જ જોઈએ. તો જ એ ન્યૂઝવર્ધી ગણાય. આવા સમાચારભૂખ્યાઓને એબનોર્મલમાં જ રસ પડે છે, નોર્મલમાં નહીં. એમના મતે કોઈ માણસ ખરેખર નોર્મલ હોતો જ નથી, પણ ઘણા માણસો નોર્મલ હોવાનો ઢોંગ કરે છે. આવા વિવેચકો, પત્રકારો, મિડિયાવાળાની સમજણ એમને મુબારક.

પણ જેને ખરેખર માણસમાં, માણસના સંકુલ સંબંધોમાં રસ છે એમને તો આ 'શતરૂપા સાસુજી' જેવાં પુસ્તકો વાંચવાનું ગમશે જ. અહીં પ્રગટ થયેલા લેખો વાંચતાં વાચકને કોઈ ને કોઈ વાતનો તાણો પોતાના જીવનના વાણા સાથે વણાતો લાગશે. વાંચતાં ક્યારેક રમૂજ પામશે વાચક, ક્યારેક દયા અનુભવશે, ક્યારેક એનો જીવ ચચરશે તો ક્યારેક 'હાશ' પણ થશે. આંખના ખૂણા ભીના થઈ જાય એવી વાતો પણ અહીં છે. માત્ર બે જ ઉદાહરણઃ સોળ વર્ષના લગ્નજીવન પછી પણ નિઃસંતાન રહેલાં ચંદુલાલ સેલારકાનાં પત્નીને તેમની માતા જ કહે છેઃ "આ લોકો સારા માણસો છે. તને કંઈ કહેશે નહીં, પરંતુ તું મારા પેટમાં આળોટી હો તો તારા ધણીને બીજાં લગ્ન કરાવજે. તારા ધણીનો વંશ જાવા ન દેતી."

અને પુત્ર દીપકનું અકાળે, અણધાર્યું અવસાન થયા પછી તેમની મા પુત્રવધૂનો હાથ ચૂમતાં તેને કહે છેઃ "તું જ તો છે મારો દીપક." અને પુત્રવધૂ પિન્કી દલાલ ઉમેરે છેઃ "અને બસ, ત્યારથી મને લાગી રહ્યું છે કે હું આ ઘરની પુત્રવધૂ મટી ગઈ છું, દીકરો બની ચૂકી છું."

(સદ્ભાવ : 'વર્ડનેટ, "મુંબઈ સમાચાર", ૭ જૂન ૨૦૦૭)

[55, Vaikunth, Lallubhai Park, Andheri (West), MUMBAI - 400 058, India]

# હું છું નિશ્વાસ ક્રાંતિનો, ને મુક્તિનું રૂદન છું

○ પ્રફુલ્લ બા. દવે

***ઘટના અને સંવેદના (લેખસંગ્રહ) : હિંમત ઝવેરી :*** *સંપાદક - દિગંત ઓઝા : પ્રકાશક - નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ : પ્રથમ આવૃત્તિ - જાન્યુઆરી ૨૦૦૭ : પાનાં - ૪૧૬ : કિંમત રૂ. ૨૦૦.*

જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં મિત્ર વિપુલ કલ્યાણી જામનગર આવ્યા ત્યારે હિંમત ઝવેરીના અવસાનના સમાચાર જાણ્યા. તેઓના લેખો ક્યારેક વાંચેલા, વિશેષ પરિચય નહીં. પરંતુ ગાંધીજી અને સમાજવાદી વિચારધારાથી રંગાયેલ વ્યક્તિ છે તેવો ખ્યાલ ખરો. મુરબ્બી પ્રાધ્યાપક લાભશંકરભાઈ પુરોહિતે હિંમત ઝવેરીના સંપાદનવાળું "ગાંધી ટુડે" પણ જોવા આપેલું. તેમાં તેઓની ઊંડી અભ્યાસશીલતાના દર્શન થયેલા. હમણાં નવભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત હિંમત ઝવેરીના લેખોનું સંકલન કરેલું પુસ્તક 'ઘટના અને સંવેદના' મળ્યું. તેઓનાં ૬૪૧ જેટલાં લખાણોમાંથી દિગંત ઓઝાએ સંપાદન કરીને ૧૦૩ લેખો આ પુસ્તકમાં લીધા છે. તેઓ વર્તમાનપત્રોમાં અથવા સામયિકોમાં લેખો લખતા. મુખ્યત્વે "જન્મભૂમિ પ્રવાસી", "સમકાલીન", "લોકસત્તા", "જનસત્તા", "જનશક્તિ", "નવનીત સમર્પણ", "નિરીક્ષક", "નયા માર્ગ", "ભૂમિપુત્ર" વગેરેમાં તેઓના લેખો પ્રકાશિત થતા રહ્યા હતા.

હિંમત ઝવેરી યુવાવયથી જ સમાજવાદી વિચારધારા સાથે અભિન્નપણે જોડાયેલા રહ્યા. તેઓનું સ્વપ્ન શોષણવિહીન સમાજવાદી સમાજ રચવાનું રહ્યું. આથી જીવનભર સમાજવાદી પ્રતિબદ્ધતા, દરિદ્રો માટેની સંવેદના, સામાજિક વિષમતા નિર્મૂલન માટે મથામણ કરતા રહ્યા. કોઈ પદ કે સત્તાની નજીક ક્યારેય ગયા નહીં. પરંતુ ભારતના સમાજવાદી મિત્રો સાથે ઘનિષ્ઠ નાતો રહ્યો. તેઓએ 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ ગાંધીઅન સ્ટડીસ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ'ની કેટલીક જવાબદારી સ્વીકારેલી. કીર્તન કેન્દ્રનું પ સંચાલન કરતા.

નગીનદાસ સંઘવીએ તેઓ વિષે કહેલું કે, 'હિંમત ઝવેરી મોટા ગજાના ચિંતનાત્મક કટારલેખક છે.' આ વિધાન તેઓના લેખોના વિષયો જોઈએ તો સાચું લાગે છે. તેઓએ બિનસાંપ્રદાયિક્તા, કોમવાદ, શિક્ષણ, સાંપ્રત રાજકારણ, વેઠપ્રથા, નાગરિક સ્વાતંત્ર્ય, બાળમજૂરી, મુસ્લિમોમાં સુધારાવાદી વલણ, નારી મુક્તિ, અનામતપદ્ધતિ, સમાજવાદ, સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ, સમાનતામૂલક સમાજપરિવર્તન વગેરે વિષયો પર વિચારપ્રેરક લેખો લખ્યા છે. તેઓએ સામાજિક - રાજકીય ક્ષેત્રે કાર્યરત વ્યક્તિઓનાં રેખાચિત્રો પણ ખૂબ સુંદર રીતે - તટસ્થ મૂલ્યાંકન સાથે મૂક્યાં છે. તેમાં દ્વારકોજી, હમીદ દલવાઈ, સાને ગુરુજી, કુમારપ્પા, મધુ લિમયે, બાબાસાહેબ આંબેડકર, એસ. એમ. જોશી, અણ્ણા હજારે, મધુ દંડવતે, નહેરુ, સરદાર પટેલ, દાદા ધર્માધિકારી, કુરુન્દકર, ઉષાબહેન મહેતા, નાનાસાહેબ ગોરે, દાદા ભગવાન, કરસનદાસ માણેક, પ્રમીલા દંડવતે, એમ. એન. રોય, અબ્દુલ કલામ, રાજુ - દિપ્તી, પિંડવળના મિત્રો વગેરેનાં રેખાચિત્રો છે. રામમનોહર લોહિયાની ખૂબ નજીક તે હતા.



તેઓએ સમાજજીવનના વિવિધ ક્ષેત્રો - રાજકારણ - અર્થકારણ - સામાજિક વ્યવસ્થા - ના વર્તમાન પ્રવાહો વિશે માહિતીપ્રદ ટીપ્પણીઓ કરી છે તો વિકાસોન્મુખ રાજકારણને પ્રોત્સાહિત કરેલ છે. જે વ્યક્તિઓ આ દિશામાં કાર્યરત છે તેઓનાં કાર્યનું યોગ્ય મૂલ્યાંકન કરેલ છે.

તેઓ જીવનભર દલિતો - પીડિતો - વંચિતોના કલ્યાણ માટે કાર્યરત રહ્યા, જે તેઓનાં લખાણમાં મહત્ત્વનો ભાગ રોકે છે. તેઓનો અભિગમ રચનાત્મક સંવાદમૂલક - વિકાસોન્મુખ જ રહ્યો. તેઓએ જ તેના એક લેખમાં પોતાના લખાણ પાછળના અભિગમની ચર્ચા કરતાં જણાવ્યું છે કે - (૧) રોજ બનતી ઘટનાઓની પાછળના પરિબળોને સમજવા (૨) માનવજીવન અને સાર્વજનિક જીવન વધુ સુખી - સ્વસ્થ બને (૩) દૃષ્ટિ વિષમતાનિર્મૂલનની છે. (૪) આપણી રાષ્ટ્રીય ફરજ છે કે પ્રત્યેક નાગરિકનું ગૌરવ સચવાય, એની અસ્મિતાને આંચ ન આવે, એની પ્રગતિ થાય - વિકાસ થાય - સર્વાંગીણ વિકાસ થાય. (૫) પ્રત્યેક નાગરિકની શક્તિ રાષ્ટ્રને શક્તિ આપે છે. રાષ્ટ્રની શક્તિ અને સમૃદ્ધિ એના પ્રત્યેક નાગરિકની શક્તિ અને સમૃદ્ધિમાં સમાયેલી છે. (૬) આપણી સમાલોચના રાષ્ટ્રીય એકાત્મતાને ઉપકારક હોવી જોઈએ. હકીકતોને દબાવવાની જરૂર નથી, પરંતુ એને એ રીતે ન મૂકવા જોઈએ જેથી આપણી વચ્ચે વૈમનસ્ય - જુદાઈ વધે. નગીનદાસ સંઘવી લખે છે, 'જે જેવું છે તેને તેવું જોવું, નોંધવું અને કહેવું એ હિંમતભાઈના જીવતરનું શાસ્ત્ર છે.'

યુવાવયે હિંદ છોડો આંદોલનથી રાષ્ટ્રકારણમાં જોડાયેલા હિંમતભાઈને મન રાજકારણ એ સમાજપરિવર્તનનું મહત્ત્વનું માધ્યમ રહ્યું છે. તેને રાજકારણ મૂલ્યનિષ્ઠ - પ્રજાલક્ષી રહે તેમાં રસ હોય એ સ્વાભાવિક છે. તેથી લોકતંત્રની સુરક્ષા થાય, લોકતંત્ર સાચા અર્થમાં લોકોનું રાજ્ય બને તે માટે જ્યારે કોઈ અલોકતાંત્રિક ઘટના બને ત્યારે તેના અનુસંધાને લખતા જ રહ્યા છે. તેઓ લોકતંત્ર વિશે ચિંતા સેવતા લખે છે, '*આપણા લોકતંત્રનો પાયો સદ્ધર નથી, આપણી એકાત્મતાનો પાયો સાવ તકલાદી છે. આપણા સાર્વભૌમત્વનો પાયો અસ્થાયી છે. આપણા સમાજનો પાયો વિષમ છે.*' તેથી તેઓ ચૂંટણી સમયે લોકશિક્ષણની ઉપયોગિતા દર્શાવતા લખે છે, 'હત્યાના રાજકારણને મૂળમાંથી ઉખેડી નાખે એવું રાજકારણ, લોકતંત્ર, ચૂંટણીપ્રથા, પક્ષવ્યવસ્થા, સંસદીય લોકતંત્ર, ન્યાયી વ્યવસ્થા, વહીવટીતંત્ર, પોલિસતંત્ર, અર્થતંત્ર, સમાજતંત્ર, ધર્મતંત્ર, ભાષાનીતિ, શિક્ષણનીતિ - આ તમામ વિશે ચૂંટણીઝુંબેશમાં લોકશિક્ષણ થાય એ જરૂરી છે.' (પાન નં. - ૩૭)

આ વાતને જ એક લેખમાં અલગ રીતે મૂકતાં ચૂંટણી સમયે કયો અભિગમ લેવો તે વિશે લખે છે, 'દેશ સમક્ષ જે પડકારરૂપ સમસ્યાઓ છે એને ટૂંકમાં આ રીતે મૂકી શકાય - દેશની એકતા, અખંડિતતા, એકાત્મકતા, વિકાસ સામે ત્રાસવાદ, અલગતાવાદ, કોમવાદ, પ્રદેશવાદ અને કેન્દ્રવાદ, સત્તાવાદ, પૈસાવાદના પરિબળો પ્રવર્તી રહ્યા છે અને તેની સાથે જોડાયેલો જે પ્રશ્ન છે એ સર્વાંગીણ અસમાન વિકાસનો અર્થાત્ દેશની એકતા, અખંડિતતા, એકાત્મતા જાળવી શકે એવી રાજકીય, સામાજિક, આર્થિક નીતિઓ અને કાર્યક્રમો અને વલણો અને એ કયો પક્ષ કે પક્ષજૂથ પ્રમાણમાં સારી રીતે અપનાવે છે એનું મૂલ્યાંકન કરીને આપણે અભિગમ નક્કી કરવાનો રહેશે.' (પાન નં. - ૩૪)

તેઓ મતદારોને પણ કહે છે કે તેઓ મત માંગવા આવતા પક્ષોને જણાવે છે, 'મંદિરો - મસ્જિદો અને મંડલોને નામે તમે અમારામાં જુદાપણું અને પારસ્પરિક અવિશ્વાસ પેદા કરવાનું પાપ મહેરબાની કરીને કરશો નહીં. અમારા મત વિભાજનવાદી મુદ્દાઓ પર ન માંગતા. દેશને એક અને અભિન્ન રાખતા, સમગ્ર જનતાને ધર્મ, પ્રદેશ, વર્ણ, જાતિ, કોમ વગેરેના ભેદભાવથી મુક્ત રાખતા આર્થિક - સામાજિક - સાંસ્કૃતિક - રાજકીય મુદ્દાઓ પર



■ અલવિદા

# સદ્‌ગત રામચંદ્ર ગાંધી

*એમણે બાબરી ધ્વંસકારોને દિલી અપીલની રીતે પૂછ્યું હતું કે તમે 'સીતા કી રસોઈ' સાથે આ શું કરી બેઠા*

■ પ્રકાશ ન. શાહ

દેખીતા કદાચ એ એમના બીજા ભાઈઓ, લેખક-પત્રકાર રાજમોહન ગાંધી અને પ.બંગાળના રાજ્યપાલ ગોપાલ ગાંધી જેટલા પ્રખ્યાત નહોતા, પણ દેવદાસ ગાંધીના આ દીકરાને ગાંધીજીના પૌત્ર કહીએ છીએ એ તો માત્ર સમાચારસુવિધા સારુ. દુનિયાભરના બૌદ્ધિકોમાં, ખાસ કરીને ફિલસૂફી રસિયાઓમાં એમની આગવી ને અલાયદી ઓળખ હતી. દિલ્હી-ઑક્સફર્ડના ઉચ્ચ અભ્યાસ પછી એમણે શાંતિનિકેતન સહિત યુરોપ-અમેરિકાના કંઈક વિશ્વ કૅમ્પસોમાં શીખવ્યું હતું, પછી એ સેન્ટ સ્ટીફન્સ (નવી દિલ્હી) ખાતે તુલનાત્મક ધર્મોનો વિષય હોય કે ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ટેગ્રલ સ્ટડીઝ (કેલિફોર્નિયા) ખાતે તુલનાત્મક ફિલસૂફીનો વિષય હોય. હાડના આ અદ્વૈતીની ઊંડી ખોજ કળાકારની આરતરૂપે રામકૃષ્ણ પરમહંસ ને રમણ મહર્ષિ સરખાના નાટ્યવિધાનમાં તેમ ગાંધીજીની આત્મકથાનાં કેટલાંક પ્રકરણો પર આધારિત કથક નૃત્યનાટ્ય 'સન્મતિ' શા પ્રયોગોમાં પ્રગટ થવા કરતી. બે'ક વરસ ઉપર આ જ ખોજવશ એમણે 'મુનિયાઝ લાઈટ' જેવી દાર્શનિક નવલકથાની કોશિશ કરી હતી. ખુદ રામુ ગાંધીની યાદ જગવતો પ્રૌઢ નાયક રવિ શ્રીવાસ્તવ તરુણી નાયિકા અનન્યાને એમાં જ્ઞાનેશ્વર, રામકૃષ્ણ, શ્રી અરવિંદ, ગાંધી ને રમણ મહર્ષિના દર્શનવિશ્વમાં ઈનિશ્યેટ કરે છે. જોકે રામચંદ્ર ગાંધીની (જેમ અમર્ત્ય સેનની) કસોટીની ને કળશ-ક્ષણો કદાચ ૧૯૯૨ના ડિસેમ્બરની છઠ્ઠી અને તે પછીના દિવસોની હતી. ભારતીય દર્શનમાં રમેલા આ બેઉએ જાત જોડે, જમાત જોડે, જગત જોડે સંવાદ વહોરી લીધો હતો. બાબરી ધ્વંસ સાથે 'સીતા કી રસોઈ' પણ તૂટી પડી હતી એની જિકર કરી રામુ ગાંધીએ કહેલું કે રસોઈ એ નાનાવિધ વ્યંજનોમાંથી બનતી કેવી બહુરસ છતાં એકરસ ઘટના છેઃ સીતાની, ભારતીય સંસ્કૃતિની આ સાધના તહસનહસ થવા બેઠી છે કે શું?

મત માંગો. જીવનનિર્વાહની લઘુત્તમ જરૂરિયાતો અને વિચાર - વાણી - વ્યવહારમાં સ્વતંત્રતા અને સંપ્રદાયાતીતતા, સ્વતંત્ર અને આધુનિક લોકતાંત્રિક રાજ્યના જાગૃત અને જવાબદાર નાગરિક તરીકે અમારો હક છે. અને તમારે આ રાજ્યના સેવક તરીકે, માલિક તરીકે નહીં, એનું ગૌરવ કરવાનું છે.' (પાન નં. - ૪૦)

આપણી સરકારોને ચર્ચા - સંવાદને અવગણીને વટહુકમ દ્વારા શાસન કરવાની ટેવ પડી ગઈ છે તે અંગે સાવધાન કરતાં લખે છે. 'પ્રત્યેક બાબત અંગે વટહુકમ દ્વારા રાજ્ય કરવાની રીત લોકતંત્ર અને સમાજવ્યવસ્થા માટે ખતરનાક છે. સરકાર પાસે અમર્યાદિત સત્તા ઉત્તરોત્તર વધતી રહે તો એ લોકતંત્રના અંચળા હેઠળ હુકમશાહીનું રાજ્ય બને. પરંતુ લોતંત્ર વ્યવસ્થિત રીતે ચલાવવાની જવાબદારી જેમ સરકારની છે તેમ લોકોની અને લોકોના સંગઠનોની પણ છે. બલ્કે લોકોને જો સરકારને હુકમશાહી તરફ જતી રોકવી હોય તો એમણે તમામ સાર્વજનિક વર્તનમાં લોકતંત્રના નિયમો અને સંકેતોનું પાલન ચુસ્ત રીતે કરવાનું બીનચૂક સાંચવવું જોઈએ.' (પાન નં. - ૧૨) આમ તેઓ લોકોને તથા લોકસંગઠનોને પણ લોકતંત્રની મર્યાદામાં રહેવાનું સૂચન કરે છે.

આજે હિંદુત્વવાદી અને મુસ્લિમ કોમવાદી પરિબળો દ્વારા સાંપ્રદાયિકતાનું ઝનૂન વધી રહ્યું છે ત્યારે રાષ્ટ્રમાં નાગરિક ચેતના જાગૃત થાય તે દૃષ્ટિએ દાદા ધર્માધિકારીનું લખાણ મૂકે છે:

*'આપણે પહોંચ્યા છીએ સર્વધર્મસમભાવ સુધી. હું આગલું પગલું સૂચવવા માંગુ છું. આ બધા ધર્મો નહીં રહેવા જોઈએ. અલગ અલગ ધર્મ રહેવા જ નહીં જોઈએ. પરંતુ હાલ હું લઘુમતીમાં છું એટલે અત્યારે તો કહીને સંતોષ માનું કે કોઈ પણ સંગઠિત ધર્મ હોવો જ ન જોઈએ. ઉપાસના હશે અને ઉપાસના મંદિર બધા માટે ખુલ્લાં હશે. ફક્ત એનું સંગઠન નહીં થાય, એનો સમાજ નહીં બને. આ ક્રાંતિ છે, પણ આજે આપણે ત્યાં સુધી પહોંચ્યા નથી એટલે હું એટલું સ્વીકારી લઉં છું કે હિંદુ હિંદુ રહેશે, મુસલમાન મુસલમાન રહેશે, જૈન જૈન રહેશે, બૌદ્ધ બૌદ્ધ રહેશે. એ બધા મળીને ભારતના નાગરિક બનશે. આ બધી લઘુમતીઓ રહેશે. દુનિયામાં જેટલા પછાત, દબાયેલા, ખોવાયેલા સમાજ છે તે બધા હવે નવી અસ્મિતાની શોધમાં છે. એમને હાલના સમાજમાં અસ્મિતા ક્યાં ય પ્રાપ્ત નથી.'* (પાન નં. - ૨૪૨)

હિંમતભાઈ લોહિયાજીની વધુ નજીક હતા. તેથી તેનો ઉલ્લેખ ઘણી જગ્યાએ આવે છે. લોહિયાજી આઈનસ્ટાઈનને મળેલા અને રાજકારણ અંગે સારી ચર્ચા થયેલી, ત્યારે આઈનસ્ટાઈને કહેલું, ' રાજનીતિ એક એવી પ્રવૃત્તિ બની ગઈ છે જ્યાં સારા માણસો અને શક્તિશાળી કે સત્તાધારી માણસો સામસામા છે. સારા માણસો સારું બોલે, સારું વર્તે, સારું વિચારે, પરંતુ એમની પાસે પોતાના કે દુનિયાના લોકો પર ખાસ સત્તાકીય પ્રભુત્વ નથી. એમને સત્તા હાંસલ કરવાની કરામત પૂરેપૂરી હસ્તગત નથી. લોકો પણ સહેલાઈથી છેતરાઈ જાય છે. એટલે સારા માણસો શક્તિશાળી નહીં બને ત્યાં સુધી રાજનીતિમાંથી અનિષ્ટ દૂર નહીં થઈ શકે.' મુલાકાતને અંતે આઈનસ્ટાઈન લોહિયાજીને વળાવવા આવ્યા ત્યારે બોલ્યા, 'ઘણે વખતે હું એક માનવને મળ્યો.' (પાન નં. - ૨૩૭)

ઘણાં વિષયો પર હિંમતભાઈનું ચિંતન આ પુસ્તકમાં મળે છે. જે વાંચનારને તે વિષયો પરત્વે સ્પષ્ટ દૃષ્ટિ આપે છે. તેઓ વિષયના ઊંડાણમાં - હાર્દમાં વાચકને લઈ જાય છે. વિચાર અપૌરુષેય છે. તે કોઈ વાદ - આગ્રહ - પૂર્વગ્રહ - આશંકા વિના રજૂ થવો જોઈએ. અને આ પુસ્તકમાં તે થયું છે. દુઃખ એ વાતનું છે કે આ પુસ્તક જોવા હિંમતભાઈ સદેહે હવે હાજર નથી. પરંતુ દિગંત ઓઝાએ ખૂબ સમજણપૂર્વકનું સંપાદન કરીને સમાજ પરિવર્તન માટે મથનારાઓને સારું એવું વિચારભાથું આપ્યું છે.

હિંમતભાઈ કરસનદાસ માણેકની નજીક હતા. તેથી તો તેઓએ કીર્તન કેન્દ્ર શરૂ કરેલું. કરસનદાસ માણેકની એક કવિતા તેઓએ આ પુસ્તકમાં મૂકી છે, જેની પ્રથમ લીટી છે, 'હું છું નિશ્વાસ ક્રાંતિનો ને મુક્તિનું રૂદન છું.' આ શબ્દો હિંમતભાઈના જીવનને જોતા તેઓને વધુ લાગુ પડે છે. તેઓની ક્રાંતદૃષ્ટિમાંથી જે લેખો લખાયા તે ક્રાંતિ માટે પ્રકાશ પાથરતા રહેશે.

[Naagar Chakla, JAMNAGAR - 361 001, India]

•

**હવા અડી અગ્નિને..**

પંચમ શુક્લ

**હવા અડી અગ્નિને ભડભડ ભડકો થઇ ગઇ,**
**ચાંદની એમજ ચળક ચળકતો તડકો થઇ ગઇ.**

**ચોમાસમાં છલબલ કરતી બેય કાંઠડે,**
**નદી ધધખતે ધોમ કણેકણ કડકો થઇ ગઇ.**

**લીલા ખેતર પર ચકરાતી બાજ નજર આ,**
**નીચે પડી ત્યાં સાંકડ-મોકડ સડકો થઇ ગઇ.**

**બેમાની બુધ્ધિના સઘળાં બંધ ફગાવી,**
**ઝલમલ ઝીણી ધડકન પાક્કો થડકો થઇ ગઇ.**

**ખભા ઉલાળી નીકળેલી આ મનની મસ્તી,**
**મજા પડી ત્યાં અડક-દડક બસ દડકો થઇ ગઇ.**

# કશું ના કરશો, પ્લીઝ !

○ નિર્મિશ ઠાકર

અમેરિકામાં વસતા શાયર આવું લખે, એ તો કલ્પી ન શકાય ! કોઈ જવાબદારી ન સ્વીકારવાની ભાવના સાથે લખાયેલી આ બેજવાબદાર - ગઝલમાંથી કોઈને શું પ્રેરણા મળશે, ભગવાન જાણે !

(ગઝલ)

દિલ ન લાગે કિનારે, તો હું શું કરું?
દૂર ઝંઝા પુકારે, તો હું શું કરું?
હું કદી ના ગણું તુજને પથ્થર સમો
તું જ એ રૂપ ધારે, તો હું શું કરું?
હો વમળમાં તો મનને મનાવી લઉં
નાવ ડૂબે કિનારે, તો હું શું કરું?
આંસુઓ ખૂબ મોંઘા છે માન્યું છતાં
કોઈ પાલવ પ્રસારે, તો હું શું કરું?
તારી ઝુલ્ફોમાં ટાંકી દઉં તારલા
પણ તું આવે સવારે, તો હું શું કરું?

- 'આદિલ' મન્સૂરી

•

સાચું કહું તો, જેમ અર્જુનને ફક્ત પક્ષીની આંખ દેખાતી હતી, એમ હાલ મને આ ગઝલની માત્ર રદીફ જ દેખાય છે ! અમેરિકામાં રહીને સાવ આવું ? હું ધારું છું ત્યાં સુધી, ત્યાં તો ભારતની જેમ 'હોતા હૈ, ચલતા હૈ ... ' જેવું હોતું નથી, પ્રજા શિસ્તબદ્ધ હોય છે. આ ગઝલને શીર્ષક નથી ( શાયર એ બાબતે ય કહેશે : હું શું કરું ?), પણ જો રાખવું હોય તો 'ઇન્ડિયન મેન્ટાલિટીની ગઝલ' એવું જ રખાય ! હું ઈચ્છીશ કે આદિલ મન્સૂરી જેના વડે માથું ભરી બેઠા છે, તે વતનની ધૂળને ઝાપટી નાંખે અને ત્યાંની સારી ગણાતી શિસ્તને અપનાવી, એક જવાબદાર શાયર તરીકેની ઈમેજ ઊભી કરે ! ગઝલનો સર્જક સ્વયં જો દરેક શે'રમાં 'તો હું શું કરું ?'ની માળા જપે, તો વાચકે શું કરવાનું ? ગઝલમાં જે કાંઈ કરવાનું છે, એ તો સર્જકે કરવાનું છે ! તમારે શું કરવું, એની વાચકને શી ખબર હોય ? વાચક શા માટે ઉલ્લુ બને, હું એમ પૂછું છું !

મને તો હાલ તોફાની છોકરાંઓ યાદ આવે છે. ખાસાં બખડજંતરો કર્યા પછી તોફાની છોકરાંઓના ખુલાસા એ જ હોય કે ફલાણું - ઢીંકણું થયું, તો હું શું કરું ? આદિલસાહેબની અંદર હજીયે કોઈ તોફાની - બેજવાબદાર છોકરો બેઠો છે કે શું ? ચિનુ મોદી સુખનવર શ્રેણીની પુસ્તિકામાં લખે છે : 'રે'મઠ દ્વારા આદિલ આતતાયી ગણાયેલો. રે'મઠના સૌ તોફાનોના મૂળમાં પગેરું ચાંપતાં પ્હોંચો તો આદિલના મગજ સુધી જ પ્હોંચાય !'



ઠીક, પણ હવે એ ના શોભે ! જ્યારે મારા જેવાઓની એક નવી પેઢી સામે ઊભી હોય, ત્યારે વડીલોએ હવે તો ઠાવકા અને ઠરેલા થવું પડે. કદાચ દૂરના ભૂતકાળમાં આ ગઝલ લખાઈ હોય, તો એની રદીફ બદલીને એને સુધારવી પડે, જેથી નવી પેઢી એમાંથી પ્રેરણા લઈ સુધરી શકે અને અવળે પાટે ના ચડે ! નવી પેઢીને છત્રછાયા પૂરી પાડવા એમણે નવી રદીફ સ્વીકારવી જોઈએ. ... 'તો બેઠો છું હું' ! (શું દા'ડા આવ્યા છે ? વડીલ તરીકે આ રદીફ રાખો તો શોભશે, એવું નવી પેઢીએ વડીલને સમજાવવાનું ?) ભલભલા વડીલની આમન્યા રાખતા થઈ જાય, એવો નવો મત્લો જુઓ ...

*દિલ ન લાગે કિનારે, તો બેઠો છું હું !*
*દૂર ઝંઝા પુકારે, તો બેઠો છું હું !*

આ નવો મત્લા વાંચતાં જ નવી પેઢીને એક આશ્વાસન મળે, હિંમત મળે, કે ગઝલમાં આપણે અનાથ નથી, આપણાં બખડજંતર સુધારવાં હજી વડીલ બેઠા છે, ચિંતા નથી ! તમે નહીં માનો, પણ મારી સૂચવેલી આ નવી રદીફ સાથે મેં આખી ગઝલને વાંચી તો મનને એક સલામતીભરી અદ્‌ભુત શાંતિ મળી !

હું માનું છું કે ભારતમાં હજી એ જૂની ગઝલ ચાલે એમ છે. ખખડ થતી ને ખોડંગાતી જૂની ડમણી જેવા ગૃહસંસારમાં કેદ, એવા કેટલાક પતિઓ આ પ્રકારના શે'ર સ્વીકારી શકે ... ...

*મુજને ભાવે છે જો કે શીરો ને પૂરી*
*પણ એ ખીચડી વધારે, તો હું શું કરું?*

પણ આખી નવી પેઢી કાંઈ નબળા પતિઓ જેવી છે ? 'તો હું શું કરું ?' જેવો ગઝલ-વારસો તમે નવી પેઢીને આપો અને પછી ફરિયાદ કરો કે ગઝલમાં આટલું અંધેર થશે, એવું તો નહોતું ધાર્યું ! કહેવાનું એટલું જ કે હે આદિલસાહેબ, હવે તોફાનો છોડી જવાબદાર - વડીલ તરીકે (પાછળથી કાંકરીચાળા કર્યા વિના) આગળ આવીને ઊભા રહો અને નવી પેઢીને ખોંખારીને કહો કે ... 'હફ્રેળો, પાછલી વાતો ભૂલી જાવ ! હવેથી હું કોઈ અંધેર ચાલવા નહીં દઉં, હજી હું બેઠો છું !' આદિલસાહેબ આટલું કરે, એ હવે સમયની માગ છે. છતાં એ મૌન ધરી બેસી રહેશે તો મારે એમનો શે'ર સુધારીને (એમને તો ભગવાન સુધારે ! લખવો પડશે ... ...

*સમય ક્યાં સાંભળે છે, એ ય કંટાળ્યો, જૂઓ*
*આદિલ !*
*જગતના મંચ પર જ્યારે તમારું મૌન બોલે છે !*

'તો હું શું કરું ?' કહેતા આદિલ સાહેબે શું કરવું ઘટે, એ બાબતે આમન્યા જાળવી જેટલું નમ્રતાપૂર્વક કહેવાય, એટલું મેં કહ્યું. છતાં તેઓ આજ સુધી કરતા આવ્યા છે એ જ હજી કરવા માગતા હોય, તો હું કહીશ કે પ્લીઝ, હવે કશું ના કરશો, નવી પેઢીને ઠરવા દો, ઠરેલ થવા દો ! ગઝલની ભાષા એમને વધુ ગમે છે, એટલે મેં ખાસ એમને માટે ભારે હૈયે જે ગઝલ લખી છે, તે અત્રે પ્રસ્તુત છે ... ...

*એ વડીલ જો ન તારે, તો હું શું કરું?*
*માત્ર ગૂંચવણ વધારે, તો હું શું કરું?*
*ખૂબ દે પ્રેરણાઓ જે અવળી સતત*
*એ ગઝલ ના મઠારે, તો હું શું કરું?*
*છો કહે અમને 'બગડેલ પેઢી નવી' !*
*એ ન ખુદને સુધારે, તો હું શું કરું'?*
*જે જગાડીને અમને, ઘણું ઊંઘતા !*
*એ ન જાગે સવારે, તો હું શું કરું?*
*હા, અમે 'શિસ્ત' શીખવા જ ઉત્સુક છીએ !*
*ને વડીલ આંખ મારે, તો હું શું કરું?*
*પાસની છોડી ચિંતા એ કહે છે સદાઃ*
*'દૂર ઝંઝા પુકારે, તો હું શું કરું?*
*છે મને યાદ કે એ જ નાવિક હતા !*
*નાવ ડૂબે કિનારે, તો હું શું કરું?*

•

'આવા વારસા પછી નવી પેઢીનું ભાવિ શું લાગે છે ?' એ પ્રશ્ન મારા પછીની પેઢી પણ મને પૂછશે ને હું મૌન હોઈશ.

બસ, આવો જ આપણો ઈતિહાસ છે, અને રહેશે !

[B-9/31, ONGC Colony, PH - 1, Magdalla, SURAT - 394 518, India]

# ગુજરાતી પુસ્તકનાં ૨૦૦ વર્ષ

૦ દીપક મહેતા

ગુજરાતી ભાષામાં ૧૮૦૭માં છપાયેલું પહેલું પુસ્તક વ્યાકરણનું છે અને ત્યારથી માંડીને ૧૯મી સદીના અંત સુધીમાં વ્યાકરણ અને કોશનાં ઘણાં પુસ્તકો પ્રગટ થયાં હતાં. પણ આપણા કોશ સાહિત્યના ઈતિહાસમાં ૧૮૭૩નું વર્ષ મહત્ત્વનું છે. કારણ આ વર્ષે સંપૂર્ણ 'નર્મકોશ' પહેલીવાર પ્રગટ થયો હતો. પહેલી વાત એ કે આ કોશ નર્મદ જેવા અગ્રણી લેખકે એકલે હાથે વર્ષોની જહેમત પછી તૈયાર કર્યો હતો. બીજી વાત એ કે અગાઉના ઘણાખરા કોશ અંગ્રેજી - ગુજરાતી કોશ હતા. કેવળ ગુજરાતી કોશના એક-બે પ્રયત્નો થયા હતા, પણ તેનો વ્યાપ મર્યાદિત હતો. આ કોશ પોતે તો ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે જ, પણ તેના પ્રકાશનનો ભાતીગળ ઈતિહાસ પણ એટલો જ રસપ્રદ છે.

કવિ નર્મદ યુગાવર્ત ટ્રસ્ટે પ્રગટ કરેલી 'નર્મકોશ'ની આવૃત્તિમાં તેના સંપાદક ડો. રમેશ શુકલે આ આખો ઈતિહાસ વિસ્તારથી અને પ્રમાણભૂતપણે રજૂ કર્યો છે. (તેમના આ ઉત્તમ સંપાદન અંગે એક જ વાત ખૂંચે છેઃ તેના ટાઈટલ પેજ પર કે તેની પાછળ પ્રકાશનની સાલ ક્યાંય છાપી નથી. જયંત પાઠકનું 'નિવેદન' ૧૯૯૮ના જાન્યુઆરીની સાતમી તારીખે લખાયું છે એટલે આ આવૃત્તિ સંભવતઃ ૧૯૯૮માં પ્રગટ થઈ હશે.) નર્મદનો કોશ પ્રગટ ભલે ૧૮૭૩માં થયો, પણ તેને માટે શબ્દો ભેગા કરવાની શરૂઆત તો તેણે છેક ૧૮૬૦ના નવેમ્બરમાં કરી હતી. ત્યારે તેની ઉમ્મર માત્ર ૨૭ વર્ષની. ૧૮૬૦ સુધીમાં પિંગળ પ્રવેશ, નર્મકવિતા (અંક ૧-૧૦), કૃષ્ણકુમારી જેવી થોડીક જ મહત્ત્વની કૃતિઓ પ્રગટ થઈ હતી. નવેમ્બર ૧૮૫૮થી માર્ચ ૧૮૫૯ સુધી પુણેમાં રહી નર્મદે કરેલા સંસ્કૃત વ્યાકરણ, કોશ, કાવ્યશાસ્ત્ર વગેરેનો અભ્યાસ કર્યો હતો તેણે કદાચ તેને આવો કોશ તૈયાર કરવા પ્રેર્યો હોય. વળી આ કોશના પ્રકાશનમાં નર્મદની સ્વભાવગત અધીરાઈ પણ જોવા મળે છે. માત્ર એક વર્ષમાં જ - ૧૮૬૧ના નવેમ્બરમાં - તે કોશનો પહેલો ભાગ પ્રગટ કરી નાખે છે. ૧૮૬૨માં બીજો ભાગ, ૧૮૬૪માં ત્રીજો, અને ૧૮૬૬માં ચોથો. જો કે ચોથો ભાગ છાપ્યા પછી નર્મદે વેચાણમાં મુકયો હતો કે કેમ એ ખાતરીપૂર્વક કહેવું મુશ્કેલ છે. પણ માત્ર ૪૦ પાનાંનો આ ચોથો ભાગ વેચાણમાં નહીં મૂકાયો હોય એમ માની શકાય.

૧૮૬૬થી નર્મદે બીજાં કેટલાક મોટાં કામ ઉપાડેલાં એટલે કોશનું કામ ધીમું પડ્યું હશે, પણ બંધ પડ્યું નહોતું. ૧૮૬૮ના ઓગસ્ટની ૧૧મી તારીખે રાત્રે તેણે કોશનું કામ પૂરું કર્યું એમ નર્મદે પોતે જ નોંધ્યું છે. પણ કોશ જ્યાંથી અધૂરો રહ્યો હતો ત્યાંથી આગળ છાપવાને બદલે ૧૮૬૯ના એપ્રિલમાં આગલા અંકો રદ કરી નવેસરથી આખો કોશ છાપવાનું તેણે નક્કી કર્યું. આખો કોશ નવેસરથી છપાવતાં સારો એવો ખર્ચ થાય તેમ હતું. એટલે પહેલાં તો નર્મદે સરકારી મદદ માટે પ્રયત્ન કર્યો. પણ ડો. બ્યૂલર અને મિસ્ટર પીલ તરફથી તેને પ્રોત્સાહન મળ્યું નહીં. જો કે આ માટે ઓરિયેન્ટલ ટ્રાન્સલેટરના હોદ્દા પર કામ કરતા મહીપતરામ રૂપરામનો વિરોધ અને અવળીતરો અભિપ્રાય જવાબદાર હોવાનું ડો. રમેશ શુકલ યોગ્ય રીતે જ માને છે. પણ સરકારી મદદ ન મળી તો ભાવનગરના કેટલાક મિત્રોની મદદ મળવાના સંજોગો ઊભા થયા.

અગાઉ ૧૮૫૯માં નર્મદે ચારેક દિવસ માટે ભાવનગરની મુલાકાત લીધી હતી. તે વખતે ભાવનગરના દીવાન ગૌરીશંકર ઓઝા - ગગાભાઈને ઘરે જઈ તેમને મળ્યો હતો. આ મુલાકાત અંગે 'મારી હકીકતમાં નર્મદ લખે છેઃ ''હું ધારતો તેટલી ઊલટથી તેઓએ મારો સ્વીકાર કર્યો નહોતો, પણ પોતે મોટે દરજ્જે હોય ને હું ઊતરતે દરજ્જે હોઉં એ પ્રમાણે- પણ મને તેઓ વિચક્ષણ ને પુખ્ત જણાયા હતા ખરા.'' જો કે નર્મદને આવું લાગ્યું તે માટે તેનો વધુ પડતો અહંકારી સ્વભાવ વધુ કારણભૂત હશે. કારણ ૧૮૫૯માં તેની ઉમ્મર હતી ૨૬ વર્ષની, જ્યારે ગગાભાઈની ઉમ્મર હતી ૫૪ વર્ષની. વળી તેઓ ભાવનગર જેવા ઠીક ઠીક આગળ પડતા રાજ્યના દીવાનપદે હતા. એટલે મુરબ્બીવટથી વર્ત્યા હોય તો તે સ્વાભાવિક ગણાય. જો કે આમ લખનાર નર્મદ પાછો ગગાભાઈની સૂચના સ્વીકારી તેમના ગુરુ મનોહર- સ્વામીએ લખેલાં પદો 'મનહરપદ' નામે ૧૮૬૦માં છાપે છે ખરો. જો કે છપાયા પછી તેને ગગાભાઈ સાથે ઝઘડો થાય છે. છપામણીના ૩૦૦ રૂપિયા પોતે આપશે તેમ ગગાભાઈએ અગાઉ કહેલું. પણ પુસ્તક છપાયા પછી તેમાં ઘણી ભૂલો રહી ગઈ છે એમ જણાવી ગગાભાઈએ પૈસા મોકલવામાં ઢીલ કરી. નર્મદે આપેલો જવાબ ઉદ્ધંડ અને જવાબદારી વગરનો હતોઃ ''પ્હેલી આવૃત્તિમાં એમ જ હોય - બીજીમાં શુદ્ધ થશે.'' દીવાન પૈસા નહીં મોકલે એમ માની નર્મદે પોતે છપામણીનું બિલ ચૂકવી દીધું, અને પુસ્તક પોતાને નામે પ્રગટ કર્યું. પણ પછી ગગાભાઈએ ૩૦૦ રૂપિયા મોકલી આપ્યા જે પિતા લાલશંકરના આગ્રહથી રાખી લીધા, પણ રીસમાં નર્મદે બધી નકલો દીવાનને મોકલી આપી હતી.

## શબ્દકોશના છાપકામના આટાપાટા

ભાવનગરની આ પહેલી મુલાકાત દરમિયાન નર્મદને છગનલાલ સંતોકરામ દેસાઈ, ગણપતરામ વેણીલાલ ઓઝા, ગોપાળજી સુરજી દેસાઈ વગેરેનો પરિચય થયેલો. છગનલાલ સંતોકરામના મુંબઈ રહેતા વેપારી ભાઈ હરિપ્રસાદે અગાઉ 'ડાંડિયો'ને પણ આર્થિક મદદ કરેલી. ખાધેપીધે સુખી એવા છગનલાલ સંતોકરામે 'નર્મકોશ'ના પ્રકાશનમાં સક્રિય રસ લીધો. પરિણામે ૧૮૭૦ના જાન્યુઆરીથી ભાવનગરના 'જ્ઞાનચન્દ્રોદય' નામના ખાનગી છાપખાનામાં 'નર્મકોશ' છાપવાનું કામ શરૂ થયું. પણ કોશનું કામ લગભગ અડધે આવ્યું ત્યાં તો દીવાન ગૌરીશંકરે એકાએક નારાજ થઈ કોશનું છાપકામ તરત જ અટકાવી દેવાનો હુકમ કર્યો. છગનલાલના પિતા સંતોકરામ ગગાભાઈના ભાણેજ થતા હતા. વળી એ વખતે આખા રાજ્યમાં રાજા કરતાં વધારે તો દીવાનની આણ પ્રવર્તતી હતી. એટલે છગનલાલે ગગાભાઈની મંજૂરી મેળવ્યા પછી જ કોશનું છાપકામ ભાવનગરમાં શરૂ કરાવ્યું હોય. તો પછી ગગાભાઈ એકાએક નારાજ કેમ થયા?

ડો. રમેશ શુકલ 'ડાંડિયો'માં આવતા ભાવનગરવિરોધી અને નાગરવિરોધી લખાણો આ માટે કારણભૂત હોય એવું અનુમાન કરે છે. પણ ડિસેમ્બર ૧૮૬૯થી તો 'ડાંડિયો' 'સન્ડે રીવીઉ' સાથે જોડાઈ ગયું હતું અને તેનું સ્વતંત્ર અસ્તિત્વ જ રહ્યું નહોતું. એટલે ૧૮૭૦માં 'ડાંડિયો'ને કારણે ગગાભાઈ નારાજ થયા હોય એ બનવાજોગ નથી. 'ડાંડિયો'માં જે ભાવનગરવિરોધી અને નાગરવિરોધી લખાણો પ્રગટ થયાં હતાં તે તો ૧૮૬૯ સુધીમાં. એ લખાણોથી ગગાભાઈ નારાજ હોત તો તેમણે ૧૮૭૦ના આરંભે 'નર્મકોશ' ભાવનગરમાં છાપવાની મંજૂરી આપી જ ન હોત. તો એવું શું બન્યું હશે કે દીવાને એકાએક છાપકામ અટકાવી દીધું? એ વખતે હાજર રહેલા માનશંકર પીતાંબરદાસ મહેતા કહેતા કે ''ગગાભાઈએ ઈ વાત સાંભળીને તરત જ મેડીએથી જે.... લઈને હોકારો પાડ્યો ને કે બંધ કરી દ્યો ઈ છાપવાનું ને મોકલી દ્યો એનો કોશ એને સુરત પાછો'' 'ઈ વાત' તે કઈ વાત? નર્મદના જીવન અંગેની કોઈ વાત નર્મદના કોઈ વિરોધીએ જ ગગાભાઈ સુધી પહોંચાડી હોય એમ કેમ ન બને? અથવા રાજકારભારમાંના છગનલાલના કોઈ

વિરોધીએ પહોંચાડી હોય એમ પણ બને. પણ 'ડાંડિયો' સાથે સંબંધ જોડવાનું તો દૂરાકૃષ્ટ લાગે છે.

પણ ભાવનગરનો આશ્રય જતાંય નર્મદ હાર્યા નહીં. સુરતના આઈરિશ મિશન પ્રેસમાં બાકીનો ભાગ પોતાને ખર્ચે છપાવી ૧૮૭૩ના જાન્યુઆરી કે ફેબ્રુઆરીમાં પ્રગટ કર્યો. બીજી ફેબ્રુઆરીનાં 'રાસ્ત ગોફતાર તથા સત્યપ્રકાશમાં આ અંગેની જાહેરખબર પ્રગટ થઈ હતી. ૨૦મી ફેબ્રુઆરી સુધી આગળથી રકમ મોકલી આપનારને આશરે ૬૫૦ પાનાંનો આ ગ્રંથ બાવીસને બદલે ૧૮ રૂપિયામાં આપવામાં આવશે તેમ આ જાહેરખબરમાં જણાવ્યું છે. આ માટે ગ્રાહકોનાં નામ-ઠામ નોંધવા માટેનું, પૈસા લેવા માટેનું અને નકલો લઈ જવા માટેનું સરનામું કયું હતું? એ હતું આપના આ માનીતા અખબાર 'મુંબઈ સમાચાર'ની ઓફિસ! આમ નર્મદના અને ગુજરાતી ભાષાના એક મહત્ત્વના પુસ્તકના પ્રકાશન સાથે 'મુંબઈ સમાચાર' પણ જોડાયું હતું. જો કે છતાં નર્મકોશની ઝાઝી નકલો વેચાઈ નહોતી. નર્મદે નકલો છુટ્ટે હાથે ભેટ આપવા માંડી હતી છતાં નકલો રાખવી ક્યાં એ પ્રશ્ન હતો. છેવટે સરકારે નકલ દીઠ સાત રૂપિયાના ભાવે ૩૮૦ નકલ ખરીદી હતી અને સરકારી પ્રિન્ટિંગ પ્રેસમાંથી દસ રૂપિયાની કિંમતે વેચવા માંડી હતી. જો કે વેચાણ અંગેનો માઠો અનુભવ તો ૧૮૬૧માં 'નર્મકોશ'ના પહેલા ભાગના પ્રકાશન વખતે જ નર્મદને થઈ ગયો હતો. બીજો ભાગ પ્રગટ થયો ત્યાં સુધીમાં પહેલા ભાગની માત્ર ૮૧ નકલ જ વેચાઈ હતી જેમાંની ૨૦ નકલ તો 'એક જરથોસ્તી'એ લીધી હતી. કુલ ૪૯ ગ્રાહકોમાંથી માત્ર ૧૪ હિંદુ ગુજરાતીઓ હતા, બાકીના ૩૫ પારસી ગુજરાતીઓ હતા અને તેમણે કુલ ૬૬ નકલ ખરીદી હતી. સુરતમાંથી માત્ર બે જ જણાએ ૧-૧ નકલ ખરીદી હતી અને તેમાંના એક ગ્રાહક પણ પારસી હતા. ૧૯મી સદીમાં ગુજરાતી સાહિત્યના સર્જન, સંપાદન, પ્રકાશનમાં તો ખરો જ, પણ બિનપારસીઓનાં પુસ્તકોને પ્રોત્સાહન અને આશરો આપવામાં પણ પારસીઓએ કેવો સિંહભાગ આપ્યો છે! અને છતાં વતનપ્રેમી નર્મદે ૧૮૭૩માં પ્રગટ થયેલો 'નર્મકોશ' ગુજરાતને અર્પણ કર્યો છે, તેનું અમર ગીત 'જય જય ગરવી ગુજરાત' અર્પણના પાના પર છાપીને. આજે બહુ ઓછાને ખબર હશે કે આ ગીત પહેલીવાર ૧૮૭૩માં 'નર્મકોશ'માં છપાયેલું.

*ઋણસ્વીકાર:'નર્મકોશ' અને 'મારી હકીકત'ની ડૉ. રમેશ શુક્લ સંપાદિત આવૃત્તિ.*

(સદ્ભાવ : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર", ૧૪ જૂન ૨૦૦૭)

[55. Vaikunth, Lallubhai Park, Andheri (West), MUMBAI - 400 058, India]

---

## દરિયાપારના દેશોમાં વસતા ગુજરાતી સાહિત્યસર્જકોને

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા દરિયાપારના દેશોમાં વસતા સાહિત્યસર્જકોની વિગતો એકત્રિત કરવામાં આવે છે. આ સાહિત્યસર્જકોએ ગુજરાતી સાહિત્ય પરિષદને નીચેની વિગતો ફોન-ફેક્સ નં.૦૭૯-૨૬૫૮ ૭૯૪૭ કે ઈ-મેઈલ : gspamd@vsnl.net થી મોકલવા માટે નમ્ર વિનંતી છે.

**પૂરું નામ :**

**તખલ્લુસ :**

**જન્મતારીખ :**

**જન્મસ્થળ :**

**હાલનું વિદેશનું સરનામું :**

**ફોન નંબર :**

**ફેક્સ નંબર :**

**ઈ-મેઈલ :**

**પ્રકાશિત પુસ્તકો :**

**સામયિકોમાં પ્રગટ થયેલા મહત્ત્વના લેખો :**

**(સાહિત્યસ્વરૂપ, વિષય, પ્રકાશનવર્ષ સાથે)**

**વ્યવસાય :**

**અન્યમાહિતી :**

ગુજરાતી સહિત્ય પરિષદ દ્વારા ડાયસ્પોરા સાહિત્યનો અલગ વિભાગ રાખવામાં આવશે, તો દરિયાપારના સાહિત્યસર્જકોને વિનંતી કે તેઓના પુસ્તકોની એક નકલ પરિષદને ભેટ રૂપે મોકલાવશે તો તે આ અલાયદા વિભાગમાં જળવાશે અને અભ્યાસીઓ અને સંશોધકોને તેનો લાભ મળશે.

(**'ગુજરાતી સાહિત્ય પરિષદ'**ના જૂન ૨૦૦૭ના મુખપત્ર **'પરબ'**ના પાન નંબર ૭૬ ઉપરથી સાભાર)

ઉત્તમ ગજ્જર
e.mail : uttamgajjar@hotmail.com

## સ્વીકારનોંધ:

**પૂ. શ્રી મોટાની પારસવાણી - આધ્યાત્મિકતાની અટારીએથી .. ભાગ - ૧ :** સંકલનકર્તા - નિછાભાઈ સુખાભાઈ સોલંકી : પ્રકાશક - હરિ ૐ ટ્રસ્ટ, 20 Staveley Road, Leicester LE: આવૃત્તિ - મે ૨૦૦૭ :

**ધરાથી ગગન સુધી : (ગઝલસંગ્રહ) : રામુ મટવાડકર :** પ્રકાશક - રામભાઈ એન. પટેલ, 40 Lonsdale Avenue, Wembley, Middlesex HA9 7EN, U.K.: પ્રથમ આવૃત્તિ - ફેબ્રુઆરી ૨૦૦૭ : કિંમત પાઉન્ડ બે

**અંતરના અજવાળે (લેખસંગ્રહ) : ભાનુભાઈ લ. ત્રિવેદી :** પ્રકાશક - ભાનુભાઈ એલ. ત્રિવેદી, 14 Park Knoll Drive, EAST BRUNSWICK NJ 08816 U.S.A.: પ્રથમ આવૃત્તિ - ૨૦૦૬ : પાન - ૧૪૦ : મૂલ્ય - રૂ. ૧૦૦

**સ્મશાનમાં સ્વયંવર ! (હાસ્ય-કટાક્ષ લેખો) : ચિત્રસેન શાહ :** હર્ષ પ્રકાશન, ૪૦૩, ઓમદર્શન એપાર્ટમેન્ટ, ૭ મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચારરસ્તા, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭ : પહેલી આવૃત્તિ - જૂન ૨૦૦૬ : ૧૬૮ પાન : કિંમત - રૂ. ૮૦

•

*દેખ્યાનો દેશ ભલે લઈ લીધો, નાથ !*
*પણ કલરવની દુનિયા અમારી !*
*વાટે રખડ્યાની મોજ છીનવી લીધી*
*ને તો ય પગરવની દુનિયા અમારી !*

**- ભાનુપ્રસાદ પંડ્યા**

# ભર બપ્પોરે … …

○ રમેશ ઓઝા

## મુલાયમી બૌદ્ધિકોની જ ચૂપકીદી

ગુજરાતની નરેન્દ્ર મોદી હિન્દુત્વ લેબોરેટરીમાંથી જ્યારે ત્રિશૂળધારી બજરંગીઓ બહાર પડે છે ત્યારે કોના પેટમાં ફાળ પડે છે જાણો છો ?

તમારી ધારણા જો મુસલમાન હોય તો તે ખોટી ધારણા છે. મુસલમાનોએ તો સ્વીકારી લીધું છે કે તે ગુજરાતમાં ઓરમાયા ઓરમાયા શું નમાયા છે. ગુજરાતમાં મુસલમાનના બેટાનું સોરાબુદ્દીન ગમે ત્યારે થઇ શકે છે. મુસલમાનોએ નસીબ સાથે સમાધાન કરી લીધું છે. કેટલાક મુસલમાનોએ ગુજરાતમાંથી ઉચાળા ભર્યા છે તો કેટલાક મુસલમાનોએ મુસ્લીમ બહુમતી વિસ્તારોમાં સ્થળાંતર કર્યુ છે. મુસલમાનોએ શક્ય એટલી આત્મસુરક્ષાની વ્યવસ્થા કરી લીધી છે

તમારી ધારણા સેક્યુલારિસ્ટ હોય તો પણ તે ખોટી ધારણા છે કારણ કે ગુજરાતના સેક્યુલારિસ્ટોએ ફાસીવાદ સામેની યુદ્ધરેખા સ્વીકારી લીધી છે.મુઠ્ઠીભર સેક્યુલારિસ્ટોની નૈતિક તાકાત ફાસીવાદીઓને ભારે પડી રહી છે. જેમ મહાત્મા ગાંધી કહેતા તેમ જેને કોઇ ભય નથી તેને કોઇ ડરાવી શકતું નથી અને અંતે પરાજય ભય પમાડનારાઓનો જ થાય છે.નૈતિકતા એ સૌથી મોટું શસ્ત્ર છે અને સૌથી મોટું કવચ પણ છે.

બજરંગીઓને ચળ ઉપડે છે ત્યારે ગુજરાતીઓના એક ત્રીજા જ વર્ગની જમાતના પેટમાં ફાળ પડે છે. એ જમાત છે સાચવીને ચાલનારાઓની ડાહ્યાઓની મતલબીઓની ભીરુઓની પવન પ્રમાણે પીઠ બદલનારાઓની વાડ પર બેસનારાઓની પોતાના અંગત સ્વાર્થ અને લોકપ્રિયતાની ચિંતા કરનારાઓની. આ જમાત છે ગુજરાતના સાક્ષર પુરુષોની સંસ્કૃતિ પુરુષોની ચિંતકોની અને વિદ્વાનોની. આ મહાનુભાવો માટે આપણે સકારણ ગર્વ અનુભવીએ છીએ. તેમણે ગુજરાતીઓને તેમની ઓળખ આપી છે.પ્રતિષ્ઠા અપાવી છે. અકાદમી અને જ્ઞાનપીઠ જેવા પુરસ્કાર રળી આપ્યા છે.આ મહાનુભાવો મૂળભૂત રીતે મુલાયમ અને માનવતાવાદી છે. તેમનામાં જો કોઇ એક ચીજ ખૂટે છે તો તે છે નૈતિક બળ. તેમની ચૂપકીદી ગુંગળાવનારી છે.તેમની ચૂપકીદી ગુજરાત અને ગુજરાતીઓને લાંછન અપાવે છે.

તેમની બુઝદીલીને પણ એક વાર સ્વીકારી લેવામાં વાંધો નથી પરંતુ તેમાંના કેટલાક તો વળી પોતાની બુઝદીલીને છૂપાવવા ઢોંગનો આશરો લે છે. બજરંગીઓ જ્યારે ત્રિશૂળ ઉઠાવે છે ત્યારે આ જમાતના પેટમાં ફાળ પડે છે કારણ કે આવા દરેક પ્રસંગે તે બાપડા ઉઘાડા પડી જાય છે. તેમનો સ્વાર્થ અને બુઝદીલી છાપરે ચડીને ડોકાવા લાગે છે.તેમના પર ગુસ્સો ઓછો આવે છે ને દયા વધુ આવે છે કારણ કે તેમની વિપદા સમજી શકાય તેવી છે.તેમનો અંતરાત્મા તેમને કેટલો સતાવે છે તે તેમની ઢોંગી શાબ્દીક માયાજાળ દ્વારા સ્પષ્ટ થઇ જાય છે.બહુ ડાહ્યો બહુ ખરડાયનો ન્યાય આજે ગુજરાતમાં તેમને અદ્દલ લાગુ પડે છે.

જાણીતા વિદ્વાન ગણેશ દેવીએ જ્યારે કહ્યું હતું કે ગુજરાતમાં આજે માનવતાવાદીઓ ગુંગળામણ અનુભવી રહ્યા છે ત્યારે આમાંના કેટલાક તેમના પર તૂટી પડયા હતા. જ્યારે કોઇ વજૂદ વાળી દલીલ મળતી નથી ત્યારે 'તમે અમારી પાછળ પડી ગયા છો' 'અમને બદનામ કરવાનું આ કાવતરું છે' 'હિમ્મત હોય તો બીજે આમ બોલી બતાવો' જેવી સડકછાપ દલીલોનો આશરો લેવામાં આવે છે. સડકછાપ એટલા માટે કે સડક પર સામાન્ય લોકો જેવી દલીલો કરે છે તેવી જ દલીલોનો આ વિદ્વાનોએ આશરો લીધો હતો. મૂળ સમસ્યા એ હતી કે ગણેશ દેવીએ તેમની સામે અરીસો ધરી દેવાનું પાપ કર્યુ હતું.તે ઝંખવાઇ ગયા હતા. લજ્જાથી તેમનો ચહેરો લાલઘુમ થઇ ગયો હતો. તેમણે પોતાની શરમ છુપાવવા અને આબરુ બચાવવા ગુજરાત ગૌરવનો શોર મચાવ્યો હતો.બુમરાણ મચાવવાથી પાપ છુપાય જાય છે તેવી પણ તે લોકો સામાન્ય માનવી જેવી જ અને જેટલી જ સડકછાપ સમજ ધરાવે છે.

ગણેશ દેવીએ શું ખોટું કહ્યું હતું? શું ગુજરાતમાં આજે ગુંગળામણની સ્થિતિ નથી? શું આ મહાનુભાવો પોતે ગુંગળામણ નથી અનુભવતા? તેમનો અંતરાત્મા તેમની ગુંગળામણનો સાક્ષી છે.

સોરાબુદ્દીન અને કૌસરબીની ગુજરાતના વરિષ્ઠ પુલીસ અધિકારીઓએ સુપારી લઇને હત્યા કરી હતી અને પછી તેને ત્રાસવાદી કરાર કરવામાં આવ્યા હતા. શિકાર જો મુસલમાન હોય તો વહિવટી તંત્ર તમારી સાથે છે. લોકોની મૂક સંમતિ છે અને સંસ્કૃતિ પુરુષોથી ડરવાની કોઇ જરુર નથી કારણ કે કાં તે મતલબી છે અને કાં બુઝદીલ છે. તેમને જો કોઇ ભય છે તો તે છે સેક્યુલારિસ્ટોનો અને અદાલતનો. આમાંથી અદાલતને 'મેનેજ' કરવાનો આરોપીઓ પોતે પ્રયાસ કરે છે અને સેક્યુલારિસ્ટોના પ્રભાવને ખાળવા ઉપર કહ્યા તે મહાનુભાવોની સેવા ઉપલબ્ધ છે.

હજુ તો સોરાબુદ્દીન પ્રકરણ ઠંડુ પડયું નથી ત્યાં બજરંગીઓને પાછી ચળ ઉપડી અને તેમણે વડોદરાની ફેકલ્ટી ઓફ ફાઇન આર્ટસ પર હુમલો કર્યો.ભારતની તમામ ફાઇન આર્ટસ કોલેજોમાં એવો રીવાજ છે કે તેના સૌથી તેજસ્વી વિદ્યાર્થી ઓનાં શ્રેષ્ઠ ચિત્રોને પ્રદર્શીત કરવાં કે જેથી જુનિયર વિદ્યાર્થીઓને તેમાંથી પ્રેરણા મળે.આમાં નગ્નચિત્રો પણ હોઇ શકે છે. આ બિચારા ઔરંગઝેબોને તો ક્યાંથી ખબર હોય કે ચિત્રકલામાં નગ્નચિત્રો હ્યુડ પેઇન્ટીંગ્સની એક ખાસ શાખા છે.કોલેજોમાં નગ્ન ચિત્રકલા શીખવવા માટે ખાસ કેટલીક સ્ત્રીઓને બોલાવવામાં આવે છે જે વિદ્યાર્થીઓ સમક્ષ ન્યુડ પોઝ આપે છે.આપણા સંસ્કારશૂન્ય બજરંગીઓને ખાજુરાહો કોણાર્ક અને ગુજરાતનાં સૂર્યમંદિરોની યાદ અપાવવાનો કોઇ અર્થ નથી.હવે પછી તે મોઢેરાના

સૂર્યમંદિર પર હુમલો કરે તો નવાઇ નહીં પામતા કારણકે આ તાલિબાનોના દરેક ગુના સામે આંખ આડા કાન કરવાના ગુજરાતના મહાનુભાવોએ સોગંદ ખાધા છે.

વડોદરાની ફેકલ્ટી ઓફ ફાઇન આર્ટસ પર તાલેબાનોએ સીધો હુમલો કર્યો હતો. તેમને યુનિવર્સિટીના સત્તાવાળાઓનું ધ્યાન ખેંચવાની જરુર નહોતી લાગી. તેમને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવવાની પણ જરુર નહોતી લાગી. દેખીતી વાત છે. સરકાર 'આપણી' છે. પુલીસ 'આપણી' છે. વિશ્વવિદ્યાલયના ઉપકૂલપતિ 'આપણા' છે. મોસાળમાં લગન અને મા પીરસનાર પછી શરમ શું અનુભવવાની? ચિત્રકાર વિદ્યાર્થીને ચાર દિવસ માટે જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો. તાલેબાનોનો વિરોધ કરનારા ફેકલ્ટીના ડીનને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.ઉપકુલપતિ સરકાર તેમજ સંઘપરિવારના ઓશિયાળા છે કારણ કે સામાન્ય કૌવત હોવા છતાંય તેમની વફાદારી અને સત્તાવાળાઓની મહેરબાનીથી તેમને આવડો મોટો હોદ્દો મળ્યો છે.

ફરી એકવાર આપણા આ મહાનુભાવો કફોડી સ્થિતિમાં મૂકાઇ ગયા છે.આખા ભારતમાં ઉહાપોહ થઇ રહ્યો છે પણ આ બિચારા ચૂપ છે.સ્વાર્થ છૂટતો નથી અને હિમ્મત સાથ આપતી નથી. અહીં જર્મન ઇસાઇ ધર્મગુરુ પેસ્ટર નિમોલિએનું કથન યાદ આવે છે. તેમણે કવિતાની શૈલીમાં કહ્યું હતું કે હિટલરના માણસો જ્યારે યહુદીઓ ઉપર હુમલો કરતા હતા ત્યારે હું ચૂપ રહ્યો હતો કારણ કે હું યહુદી નહોતો. તેમણે જ્યારે કામદાર સંગઠનો પર હુમલો કર્યો ત્યારે હું ચૂપ રહ્યો હતો કારણ કે હું કામદાર નહોતો. તેમણે સામ્યવાદીઓ પર હુમલો કર્યો ત્યારે પણ હું ચૂપ રહ્યો હતો કારણ કે હું સામ્યવાદી નહોતો. એક દિવસ તેમણે જ્યારે મારા પર હુમલો કર્યો ત્યારે હું એકલો હતો હવે મને બચાવવાવાળું કોઇ નહોતું.

## ઓબીસીની એબીસીડી !

મૂબઇની એશિયાટિક સોસાઇટીના દરબાર હોલમાં અત્યારે અલભ્ય પુસ્તકોનું અલભ્ય પ્રદર્શન ચાલી રહ્યું છે. એશિયાટિક સોસાઇટી પાસે વિપૂલ ગ્રંથભંડાર છે. મોટી સંખ્યામાં હસ્તપ્રતો

છે. ગુજરાતી હસ્તપ્રતો પણ સોસાઇટી આગળ છે. સોસાઇટી આગળ અંગ્રેજીમાં જેને રેર બૂક કહેવાય તેવાં અલભ્ય પુસ્તકોનો મોટો સંગ્રહ છે.

સોસાઇટીના ગ્રંથાલયમાં લગભગ આખી જીંદગી ગાળનાર વીરચંદ ધરમસીએ આવા સેંકડો અલભ્ય પુસ્તકોમાંથી પસંદ કરીને કેટલાંક પુસ્તકો પ્રદર્શીત કર્યા છે. આ પુસ્તકોમાં સૌથી જુનું પુસ્તક 'ગ્રીક ગ્રામર' છે જે ૧૪૯૫માં છપાયું હતું. ઇ.સ. ૧૪૪૮માં જોહાન ગુટનબર્ગે પહેલી વાર છાપખાના માટે બીબાં તૈયાર કર્યા હતાં. બીબાં વિકસાવાયાં તેના ૫૦ જ વર્ષ માં વિવિધ પુસ્તકોની ૯૦ લાખ પ્રતો વાચકોના હાથમાં પહોંચી ગઇ હતી. યુરોપના પુનર્જાગરણ સાથે વાંચનની ભૂખ કેટલી ઊઘડી હતી તેનું આ પ્રમાણ છે. આમ છપાયેલાં પુસ્તકોનો પહેલો ફાલ આવ્યો તેમાંનાં કેટલાંક પુસ્તકો એશિયાટિક સોસાઇટી પાસે છે. આવાં બીજાં પુસ્તકોમાં દાંતેની 'ડિવાઇન કોમેડિ'ની ૧૭૫૭ની પ્રત છે. અંગ્રેજોને ભારતના પ્રજાસમૂહોમાં અને તેમના રીતરિવાજોમાં હંમેશા રસ પડ્યો છે. એલેક્ઝાન્ડર કિનલો ફોર્બ્સ હ્રફાર્બસ્ રહ નો ગુજરાતપ્રેમ જાણીતો છે. પરંતુ તેમનાથી પણ પહેલા ૧૬૩૦ની સાલમાં લૉર્ડ હેન્રીએ 'ડસિકોર્સીસ ઓફ ધ સેક્ટસ ઓફ બનિયાઝ એન્ડ ધ સેક્ટસ ઓફ પારસીઝ' નામનું પુસ્તક પ્રકાશીત કર્યું હતું જે સોસાઇટી પાસે છે અને તેને પ્રદાર્શનમાં મુકવામાં આવ્યું છે.

પ્રદર્શન આ મહિનાના અંત સુધી ખુલ્લું રહેશે. રસીકોને ઉપર કહ્યાં તેવાં બીજાં અનેક પુસ્તકો પણ જોવા મળશે.

આધુનિક ભારતીય સમાજશાસ્ત્રના પિતામહ ગણાતા પ્રા. એમ. એન. શ્રીનિવાસે દાયકાઓ પહેલા ભારતીય જ્ઞાતિઓના થઇ રહેલા સંસ્કૃતિકરણ વિશે એક થીસીસ રજૂ કરી હતી. તેમાં તેમણે કહ્યું હતું કે ભારતમાં બ્રાહ્મણ અને શુદ્રો સિવાયની અન્ય જ્ઞાતિઓના જ્ઞાતિગત વર્ગીકરણ અને તેમનું સામાજિક સ્થાનનિર્ધારણ એક જટિલ વિષય છે. મોટા ભાગની વચલી જ્ઞાતઓ પોતાની જાતે પોતાનું સ્થાનનિર્ધારણ કરે છે અને તેમાં પરિવર્તન કરે છે. દા. ત. ગુજરાતમાં અનેક વચલી પછાત જ્ઞાતિઓ પોતાના સ્થાનને ઉપર ઉઠાવીને પોતાને ક્ષત્રિય ગણાવે છે તો બીજી કેટલીક જ્ઞાતિઓ પોતાને આહિર અથવા પટેલ ગણાવે છે. કેટલાકે પોતાની અટક બદલીને ચોહાણ સોલંકી વાઘેલા જેવી ક્ષત્રિય વાચક અટક અપનાવી છે તો કેટકાકે પટેલ અટક અપનાવી લીધી છે. પ્રા. એમ. એન. શ્રીનિવાસ આવી જ્ઞાતિકીય સ્થાનોન્નતીને જ્ઞાતિઓના સંસ્કૃતિકરણ એટલે કે સંસ્ક્રીટાઇઝેશન તરીકે ઓળખાવે છે.

પરંતુ આ એ યુગની વાત થઇ જ્યારે અન્ય પછાત જાતિઓ માટે અનામતના ક્વોટા નહોતા. કોઇ લાભ જો મળવાનો ન હોય તો પોતાને શા માટે પછાત ગણાવવા? ઓબીસીને ૨૭ ટકા અનામતનો લાભ મળયા પછી ભારતમાં જ્ઞાતિનું સમાજશાસ્ત્ર અને સ્થાન નિર્ધારણનું તર્કશાસ્ત્ર બદલાઇ રહ્યું છે. હવે અન્ય પછાત જ્ઞાતિઓમાં સ્થાનનિર્ધારણના તર્કશાસ્ત્રમાં એક પ્રકારની ઢોંગયુક્ત વિસંગતી જોવા મળે છે. અંગત સામાજિક વ્યવહારમાં આ પ્રજા પ્રા. શ્રીનિવાસ કહે છે તેમ પોતાને વધુ ઉજળી કોમ તરીકે ઓળખાવવાનો પ્રયાસ કરે છે તો બીજી બાજુ સત્તાવાર રીતે પોતાને પછાત અને અતી પછાત તરીકે ઓળખાવવાનો પ્રયાસ કરે છે કે જેથી અનામતનો લાભ મળી શકે.

રાજસ્થાનમાં ચાલી રહેલા ગુર્જરોનાં આંદોલનને આ સંદર્ભમાં તપાસવું જોઇએ. આંદોલન દિવસો દિવસ તીવ્ર બનતું જાય છે અને તે રાજસ્થાનની બહાર પણ ફેલાઇ રહ્યું છે. ગુર્જર કોમ રાજસ્થાન ઉપરાંત ઉત્તર પ્રદેશ હરિયાણા પંજાબ દિલ્હી હિમાચલ પ્રદેશ અને કાશ્મીરમાં ફેલાયેલી છે. અલગ અલગ પ્રદેશમાં તેમનું સામાજિક સ્થાન અલગ અલગ છે. તેમનું અનામતની યાદીમાં સત્તાવાર સ્થાન પણ અલગ અલગ છે. જેમકે હિમાવલ પ્રદેશ અને કાશ્મીરમાં ગુર્જરો પશુધન સાથે ભટકતી જાતિનું સ્થાન ધરાવે છે. રાજસ્થાન અને અન્ય રાજ્યોમાં તે એક સ્થળે સ્થીર થયેલી પછાત કોમનું સ્થાન ધરાવે છે.

રાજસ્થાન અને પડોશી રાજ્યોના ગુર્જરોને હજુ હમણાં સુધી તેમના અન્ય પછાત કોમ તરીકેના સ્થાન સામે વાંધો નહોતો. આ રાજ્યોમાં રાજકીય અને આર્થીક વગ ધરાવતા જાટ કોમનો જ્યારે ઓબીસીની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો તેને કારણે ગુર્જરોનો ગરાસ ઝૂંટવાઇ ગયો હતો. અન્ય પછાત કોમોની યાદીમાં સ્થાન મેળવવા જાટોએ પણ આવું જ હિંસક આંદોલન કર્યું હતું. ચૌધરી ચરણ સિંહ અજિત સિંહ બંસીલાલ દેવીલાલ બલરામ જાખડ વગેરે જે સમાજમાંથી આવે છે તે જાટોનો દેખીતી રીતે ઓબીસીમાં સમાવેશ ન થવો જોઇએ. જાટ કોઇ પણ ધોરણે પછાત કોમ નથી. તે આર્થીક રીતે સુખી છે અને સામાજિક રીતે વિકસીત છે. કેવળ રાજકીય વગ દાદાગીરી હિંસા અને વોટ બેન્કની રાજનીતિના કારણે ધરાર તેમણે ઓબીસીના લાભાર્થીઓની યાદીમાં સ્થાન મેળવ્યું છે. ગુર્જરોની દલીલ છે કે ઓબીસીના ૨૭ ટકાના હિસ્સાનો મોટો લાભ સુખી અને વિકસીત જાટ લઇ જાય છે અને તેમના હાથમાં કાંઇ આવતું નથી.

ગુર્જરોની દલીલ સાચી છે પરંતુ તે જે ઇલાજ સુચવે છે તે અયોગ્ય છે. ગુર્જરો ઇચ્છે છે કે તેમને ઓબીસીના સ્થાને આદિવાસી પ્રજાનું સ્થાન મળવું જોઇએ. આગળ કહ્યું તેમ ઉત્તરમધ્ય ભારતના ગુર્જરોને કોઇ પણ દ્દષ્ટિએ આદિવાસી ન ગણાવી શકાય. તેમના રીતરિવાજ ધાર્મિક માન્યતાઓ પૂજાવિધી એમ કોઇ પણ દ્દષ્ટિએ તેમને આદિવાસી ન ગણાવી શકાય. તે જંગલમાં નથી રહેતા પણ ગામડાંઓમાં સ્થાયી થયેલા છે. તે પશુપાલન અને ખેતીવાડી કરે છે. મોટી સંખ્યામાં ગુર્જરો લશ્કરમાં છે. આદિવાસી પ્રજાના કોઇ લક્ષણ નહીં હોવા છતાંય આદિવાસીના સ્થાનની માગણી પાછળનો હેતુ જાટ સામે હરિફાઇ ટાળીને આદિવાસીઓ માટેના ક્વોટાનો લાભ લેવાનો છે.

પરંતુ વિચિત્ર વાત એ છે કે રાજસ્થાનની બીજી એક મીના નામની કોમ છે જે આદિવાસી હોવાની માન્યતા ધરાવે છે. આ પ્રજા પણ આદિવાસીથી એટલી જ દૂર છે જેટલી ગુર્જર પ્રજા દૂર છે. રાજસ્થાનમાં ગુર્જરોની સરખામણીમાં મીના કોમ વધારે રાજકીય વગ ધરાવે છે. તે વધારે સંગઠીત અને સ્થિર છે. રાજસ્થાનના પ્રધાન મંડળમાં હંમેશા પાંચસાત પ્રધાનો મીના સમાજના હોય છે. આદિવાસી ક્વોટામાં તેમની સામે કોઇ હરિફાઇ નથી. મીના આનો ભરપૂર ઉપયોગ કરે છે. ગુર્જરોને મીના સામે પણ અસુયા છે.

ભારતની સામાજિક રીતે પછાત કોમના વિકાસની પ્રક્રિયાને તેમજ અનામતની જોગવાઇને વોટ બેન્કની રાજનીતિ અભડાવે છે તે સૌથી મોટી સમસ્યા છે. જે તે સમયના શાશકોએ વોટ ખાતર જાટનો સમાવેશ ઓબીસીમાં કર્યો હતો અને મીનાનો સમાવેશ આદિવાસીમાં કર્યો હતો. સામાજિક રીતે પછાત પ્રજાને સક્ષમ બનાવવી એ એક વાત છે અને વોટ માટે લોટાંગણ કરીને તેમને રાજી કરવા લાલચના બટકા ફેંકવા તે જૂદી વાત છે. રાજસ્થાન વિધાન સભાની ગત ચૂટણીમાં ભાજપે અને વસુંધરા રાજેએ ગુર્જરોના મત મેળવવા તેમને આદિવાસી બનાવવાનું વચન આપ્યું હતું. ચાર વર્ષ પછી પણ વચનપૂર્તિ થઇ નથી એટલે ગુર્જરો ઉશ્કેરાયા છે. ભાજપને હાથના કર્યા હૈયે વાગ્યા છે. તેણે સામે ચાલીને વોટ સારુ મુસીબત વહોરી છે. રાજસ્થાનની બે પ્રજાને ખોટો દરજ્જો આપવામાં આવ્યો છે એટલે ત્રીજી પ્રજા ખોટો દરજ્જો માગી રહી છે. જાટ પછાત ન હોવા છતાંય પછાત બની શકે મીના આદિવાસી ન હોવા છતાંય આદિવાસી બની શકે તો ગુર્જરો આદિવાસી શા માટે ન બની શકે તેવી દલીલ ગુર્જરો અંગત રીતે કરી રહ્યા છે. તેમને માટે અનામતની જોગવાઇ એ ભાગ પાડીને વહેંચી ખાવાની જણસથી વધુ નથી.

આ વિચિત્ર સ્થિતિના બે ઇલાજ છે. એક છે ભારતની જ્ઞાતિ અને કોમોના સામાજિક સ્થાનનું પુનર્મૂલ્યાંકન. શમાજશાસ્ત્રીઓ નૃવંશશાસ્ત્રીઓ હ્રએન્થ્રોપોલોજિસ્ટ્સ્ર અને ન્યાયમૂર્તિઓનું એક પંચ નિયુક્ત કરવામાં આવે જે નવેસરથી જ્ઞાતિઓનું સ્થાન નિર્ધારણ કરે. આગલા પંચોએ કરેલા અભ્યાસ તેમના માપદંડો અને તારણોને ફરી એક વાર ચકાસવામાં આવે. ઉપરાંત પંચના અહેવાલને અને તેની ભલામણોને

ઓછામાં ઓછાં વીસ વર્ષ અપરિવર્તય કરનારો કાયદો ઘડવામાં આવે. વીસ વર્ષ પછી આપોઆપ નવું પંચ ફરી મૂલ્યાંકન કરે અને નવી પરિસ્થિતિ અનુસાર નવા માપદંડોના આધારે નવો અહેવાલ તૈયર કરે. ટૂંકમાં અનામતની આખી પ્રક્રિયાને વોટની રાજનીતિથી મૂક્ત કરવામાં આવે.

બીજો ઇલાજ છે ક્રિમી લેયરને અનામતનો સવલતમાંથી બાદ કરતા જવાનો. અનામતની જોગવાઇનો લાભ લઇને પોતાનો અને પોતાના પરિવારનો

સામાજિકઆર્થીક વિકાસ સાધનારાઓને અનામતની જોગવાઇમાંથી બહાર કાઢતા જવા જોઇએ. બીજા શબ્દોમાં કહીએ તો અનામતનો લાભ એક જ વાર મળવો જોઇએ. તે લાભ વંશપરંપરાનુગત ચાલુ ન રહેવો જોઇએ. આ જોગવાઇનો સૌથી મોટો લાભ એ છે કે કેટલાંક વર્ષો પછી આપોઆપ અનમતની બેઠકો ઓપન કેટેગરીમાં પરિવર્તીત થવા માંડશે.

આ બે ઇલાજ જો કરવામાં આવે તો ન સ્થાનાંતરણ માટે આંદોલન થશે તેમ ન અનામતવિરોધી આંદોલનની કોઇ જુરુર રહેશે.

રાજકારણીઓ આ થવા દેશે કે કેમ તે સૌથી મોટો પ્રશ્ન છે. રાજકારણીઓએ આજે નહીંતો કાલે આ માર્ગ અપનાવવો જ પડે તેમ છે કારણ કે વોટ બેન્કનું રાજકારણ હવે બુમરેન્ગ થઇ રહ્યું છે અને જાતિગત સ્થાપિત હિતોની ભીંસ અસહ્ય નિવડી રહી છે. અનામતને રાજકારણમૂક્ત કરવાનો સમય આવી રહ્યો છે.

## સન સત્તાવનના સૂચિતાર્થો

૧૮૫૭ના વિદ્રોહને અંગ્રેજોએ બળવા તરીકે ઓળખાવ્યો હતો તો રાષ્ટ્રવાદી ઇતિહાસકારો તેને આઝાદી માટેની પહેલી લડાઇ તરીકે ઓળખાવે છે. હકિકતમાં આ બન્ને ઓળખ અધૂરી છે કારણ કે એ નહોતો અસંતોષ જનક બળવો તેમ નહોતી ખરા અર્થમાં આઝાદી માટેની લડાઇ. માટે એ ઘટનાને વિદ્રોહ તરીકે ઓળખાવવી ઉચીત ગણાશે.

૧૮૫૭ના વિદ્રોહમાં વૈચારીક તેમ જ વ્યુહાત્મક ત્રુટીઓ અનેક હતી. વિદ્રોહમાં ભારતીય સૈનિકો સિવાય કોઇએ ભાગ નહોતો લીધો. તેમણે અંગ્રજો સામે વિદ્રોહ જુરુર કર્યો હતો પરંતુ તેની પાછળની પ્રેરણા આપણે જેને આઝાદી કહીએ છીએ તે નહોતી. વિદ્રોહ ભારતવ્યાપી પણ નહોતો. ભારતનો પોણા ભાગનો પ્રદેશ વિદ્રોહની અસરથી મૂક્ત હતો. વિદ્રોહના કેન્દ્રો મુખ્યત્વે ઉત્તર પ્રદેશ બિહાર મધ્ય પ્રદેશબંગાળ અને દિલ્હી માંની લશ્કરી છાવણીઓ હતી.

વિદ્રોહમાં વ્યુહાત્મક ત્રુટીઓ પણ અનેક હતી. દૂરંદેશીઆયોજન અને રણનીતીનો તેમાં અભાવ હતો. વિદ્રોહીઓએ અંગ્રજોની રાજધાની કલકત્તા પર હુમલો કરવાનો જગ્યાએ દિલ્હી પર હુમલો કર્યો હતો. છેલ્લા મુઘલ બાદશાહ બહાદુર શાહ ઝફરને તેમણે હિન્દનો બાદશાહ ઘોષીત કરીને તેને ધરાર નેતૃત્વ સોંપ્યું હતું. વાસ્તવમાં બહાદુર શાહ ઝફરનો આણ લાલ કિલ્લાની બહાર દિલ્હી શહેર પર પણ નહોતી. તેનો ગુઝારો અંગ્રજો પાસેથી મળતા પેન્શન દ્વારા થતો હતો. કૂલ ૪૨૪ દિવસ પછી વિદ્રોહ નિષ્ફળ નિવડ્યો હતો. અંગ્રજો કરતા ભારતીયોની તેમાં ઘણી વધુ ખુવારી થઇ હતી.

એ વિદ્રોહને નિષ્ફળ બનાવવામાં અંગ્રેજોની કૃપા પર નભતી રિયાસતો તેમજ તે સમયના અંગ્રેજપરસ્ત મધ્યમ વર્ગનો ફાળો ઘણો મોટો હતો. તે સમયનાં અખબારો પણ અંગ્રજોની માલિકીનાં હતાં. વિદ્રોહને બળવા તરીકે ઓળખાવવાના અંગ્રજોનાં કાવતરાંને આ લોકોએ અપનાવી લીધું હતું. એટલે તો આજે પણ ૧૮૫૭ની ઐતિહાસીક ઘટનાને લોકજીભે ૧૮૫૭ના બળવા તરીકે ઓળખાવામાં આવે છે.

૧૮૫૭ના વિદ્રોહનાં રાજકીર્ય સામાજિક પરિણામો દૂરગામી નિવડ્યાં હતાં.

૧૮૫૭માં પહેલી અને એક રીતે છેલ્લી વાર હિન્દુઓ અને મુસલમાનો સાથે મળીને લડ્યા હતા. ૧૯૨૦માં મહાત્મા ગાંધીએ ખિલાફતને ટેકો આપીને હિન્દુ મુસ્લીમ એકતાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે નિષ્ફળ નિવડ્યો હતો. હકિકતમાં ૧૮૫૭માં હિન્દુઓ કરતા મુસલમાનોનો વિદ્રોહમાં સહભાગ વધુ હતો.

૧૮૫૭ના વિદ્રોહ પછી હિન્દુ તેમજ મુસ્લીમ સમાજના કેટલાક નેતાઓ એમ માનવા લાગ્યા હતા કે અંગ્રજોની તાકાત ધારવામાં આવે છે તેના કરતા ઘણી વધુ છે. હિન્દુ અને મુસલમાન સાથે મળીને પણ અંગ્રજોને ભારતબહાર કરી શકે તેમ નથી. આના કરતા અંગ્રેજ શાશનનો સ્વીકાર કરીને તેમનો અનુનય કરવામાં વધારે ડહાપણ છે.

આવું માનનારા બે પ્રકારના લોકો હતા. એક હતા અંગ્રેજપરસ્ત મધ્યમ વર્ગના વગદાર લોકો જે અંગ્રજોની ખુશામત કરતા થઇ ગયા હતા. બીજા હતા હિન્દુ તેમજ મુસ્લીમ રાષ્ટ્રવાદી લોકો જે એકબીજાનો વિરોધ કરીને અંગ્રજો પાસેથી પોતપોતાની પ્રજા માટે લાભની અપેક્ષા રાખતા હતા. ભાગલા પાડીને રાજ કરવાની અંગ્રજોની નીતિના તે હાથા બની ગયા હતા.

સર સૈયદ અહમદ ખાને મુસલમાનોને સમજાવ્યું હતું કે હિન્દુઓની સાથે મળીને પણ મુસલમાનો અગ્રજોથી મૂક્તિ મેળવી શકવાના નથી. ઉલટું અંગ્રજો પાસેથી આધુનિક શિક્ષણ સરકારી નોકરીઓ અને બીજા લાભ મળે છે તે હિન્દુઓ લઇ જાશે અને મુસલમાનો પાછળ રહી જશે. તેમણે મુસલમાનોને સલાહ આપી હતી કે તેમણે હિન્દુઓથી દૂર રહીને અંગ્રજોનો વિશ્વાસ જીતવો જોઇએ. આધુનિક શિક્ષણ લેવું જોઇએ. આ સારુ તેમણે અલીગઢ મુસ્લીમ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. મુસલમાનોની અંગ્રજો પરત્વેની વફાદારી વર્ણવતા પુસ્તકો લખ્યા હતાં.

આવી જ માનસિક્તા રાષ્ટ્રવાદી હિન્દુઓની પણ હતી. 'વંદે માતરમ' ગીત જેમાં આવે છે તે 'આનંદમઠ' નવલકથાના લેખક જાણીતા બંગાળી સાહિત્યકાર બંકિમચંદ્ર ચેટરજીએ હિન્દુઓને મુસ્લીમ શાશકોથી મૂક્તિ અપાવવા બદલ અંગ્રજોનો આભાર માન્યો હતો. તેમણે પણ હિન્દુઓને મુસલમાનોથી દૂર રહીને અંગ્રેજોનો વિશ્વાસ સંપાદન કરવાની સલાહ આપી હતી.

હિન્દુ અને મુસ્લીમ રાષ્ટ્રવાદીઓને આઝાદી કરતા એકબીજાને પરાસ્ત કરવામાં વધારે રસ હતો. આ માનસિક્તાએ આગળ જતા મુસ્લીમ લીગ તેમજ આરએસએસ હિન્દુ મહાસભાને જન્મ આપ્યો હતો. એકબીજા પર અવિશ્વાસ કરનારી આ માનસિક્તાએ ૧૯૨૦માં ગાંધીજીના હિન્દુ મુસ્લીમ એકતાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. છેવટે આ માનસિક્તાના પરિણામે ભારતનું વિભાજન થયું હતું. આ બન્નેમાંથી કોઇ જમાતે ભારતની આઝાદી માટેની લડતમાં હિસ્સો નહોતો લીધો.

જો ૧૮૫૭નો વિદ્રોહ ન થયો હોત તો આ માનસિક્તાએ જન્મ ન લીધો હોત તેમ કહી શકાય ખરુંં? આનો ઉત્તર આપવો મુશ્કેલ છે. ઇતિહાસમાં જો અને તો નો કોઇ અર્થ નથી હોતો.

૧૮૮૫માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના પણ ૧૮૫૭ના વિદ્રોહનું પરિણામ હતું. કોંગ્રેસની સ્થાપના અંગ્રેજોની પ્રેરણા અને સહયોગ દ્વારા થઇ હતી. ૧૮૫૭ જેવી ઘટના ફરી વખત ન બને તે સારુ ભારતમાં કોઇ એવી રાજકીય સામાજિક સંસ્થા હોવી જોઇએ જ્યાં લોકો સરકારી નીતિ અંગેની પોતાની ભાવના વ્યક્ત કરી શકે. આના દ્વારા લોકમાનસ કળી શકાય અને ૧૮૫૭ જેવા હિંસક વિદ્રોહને નિવારી શકાય. કોંગ્રેસની સ્થાપના પછી લગભગ ૨૦ વર્ષ સુધી અંગ્રેજોનું માર્ગદર્શન અને સહયોગ કોંગ્રેસને મળતા રહ્યા હતા. ૧૯૦૫માં બંગાળના વિભાજન પછી થયેલા બંગભંગ આંદોલન સાથે મધુર સંબંધનો અંત આવ્યો હતો.

વિદ્રોહનું બીજું એક પરિણામ લશ્કરની રચનાની બાબતમાં જોવા મળ્યું હતું. ૧૮૫૭ પહેલા અંગ્રેજોના લશ્કરમાં બંગાળ મુંબઇ અને મદ્રાસ એમ ત્રણ ઙ જેમાં લગભગ તમામ સૈનિકો એ એક જ પ્રદેશના રહેતા અને કેટલાક તો એક જ જ્ઞાતિના રહેતા. ૧૮૫૭ના બળવા પછી અંગ્રજોએ લશ્કરી ગઠનના સ્વરુપને

બદલીને તેને કોસ્મોપોલિટન બનાવી દીધું હતું કે જેથી બળવો ન થાય. આઝાદી પછી ભારતે આ પેટર્ન જાળવી રાખી છે. ૧૯૮૪માં ઓપરેશન બ્લ્યુ સ્ટાર પછી સીખ જવાનોના બળવાની છૂટોછવાઇ ઘટનાઓ બની હતી પરંતુ બળવો નહોતો થયો કારણ કે સીખ સૈનિકો ભારતભરમાં જુદીજુદી બટેલિયનોમાં વહેંચાયેલા હતા.

૧૮૫૭ના વિદ્રોહને અને પંજાબમાં થયેલા અલગ ખાલિસ્તાનના આંદોલન વચ્ચે સીધો નહીં તોય દૂરનો સંબંધ છે એ જાણીને કદાચ આશ્ચર્ય થયે. વાત એમ છે કે વિદ્રોહમાં પૂર્વીય ઉત્તર પ્રદેશ બિહાર અને બંગાળના સૈનિકો મોખરે હતા. એ સૈનિકો પુરબિયા તરીકે ઓળખાતા હતા. વિદ્રોહને ડામવામાં લાહોરની સીખ રિયાસતે અંગ્રેજોને મદદ કરી હતી એ કારણે અંગ્રેજોએ મોટી સંખ્યામાં સીખોની ભરતી કરી હતી. સીખોની ભરતી પાછળનું એક વધુ કારણ પુરબિયા સૈનિકોના મોરલને તોડવાનું પણ હતું. અંગ્રેજોએ સીખોને માર્શલ રેસ તરીકે ઓળખાવવાનું શુરુ કર્યું હતું અને કદાવર સીખો સામે સામાન્ય બાંધો ધરાવતા પુરબિયા સૈનિકોને વામણા ગણાવાતા હતા. અંગ્રેજો કદાવર બાંધો ધરાવતા સીખ સૈનિકોના મળે તેટલા વિશેષણો દ્વારા વખાણ કરતા હતા જેથી સીખો અંગ્રજોને વફાદાર રહે અને અન્ય ભારતીય સૈનિકો સીખ સૈનિકોથી ડરીને રહે.

અંગ્રેજોની આ રમતનો સીખ માનસ પર પ્રભાવ પડયો હતો. મોટાભાગના સીખો આજે પણ એમ માને છે કે તે લડાકુ અને બહાદુર પ્રજા છે અને તેમના થકી ભારત સુરક્ષીત છે. પ્રારંભમાં અલગ સીખ સુબાની માંગ અને પછી અલગ ખાલિસ્તાનની માંગ આ માનસનું પરિણામ હતું. કેટલાક સીખોને એવો ભ્રમ હતો કે માર્શલ રેસ ગણાતા સીખો સામે ભારત સરકાર સામર્થ્યહિન છે. આમ ૧૮૫૭ના વિદ્રોહને અને અલગ ખાલિસ્તાનના આતંકવાદને દૂરનો પણ સંબંધ છે.

દુર્ભાગ્યે ૧૮૫૭ના વિદ્રોહનો વસ્તુનિષ્ઠ અભ્યાસ થવાનો હજુ બાકી છે. ઇતિહાસકારો બળવો અને પહેલાસ્વાતંત્રય યુદ્ધના અંતમો વચ્ચે વહેંચાયેલા છે. તે વખતના પૂરા દસ્તાવેજો મળતા નથી કે જાણીબુજીને સાચવવામાં આવ્યા નથી એ પણ એક સમસ્યા છે. પરંતુ ૧૮૫૭ની ઘટના અંગ્રેજો સામેના ભારતીયોના પ્રબળ વિદ્રોહની પહેલી વ્યાપક પ્રતિક્રિયા હતી તેમાં કોઇ શંકા નથી.

## રાષ્ટ્રપતિ - પ્રતિભા

દેશ એની આઝાદીની ૬૦મી વર્ષ ગાંઠ ઉજવી રહ્યો છે ત્યારે એને પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ મળશે તે સુખદ યોગાનુયોગ છે. રાષ્ટ્રપતિપદ પર મુસ્લિમ અને દલિત બિરાજમાન થઇ ચૂકયા છે. આ માન અત્યાર સુધી મહિલાને મળ્યું નહોતું મળયું જે હવે મળશે. ૧૯૭૭માં તે વેળાના વડા પ્રધાન મોરારજી દેસાઇએ પ્રસિદ્ધ નૃત્યાંગના રુકમણીદેવી અરુંડલેનું નામ સૂચવ્યું હતું પરંતુ જનતા પાર્ટીના અન્ય નેતાઓએ ઠંડો પ્રતિસાદ આપ્યો હતો. ગયા વખતે ૨૦૦૨મા ડૉ. લક્ષ્મી સેહગલ ડૉ. કલામ સામે સામ્યવાદી પક્ષોના ઉમેદવાર તરીકે રાષ્ટ્રપતિપદની ચૂટણી લડયાં હતાં. જોકે તેમનો પરાભવ તેમણે ઉમેદવારી કરી તે પહોલાં જ નિશ્ચિત હતો.

આઝાદીના હીરક મહોત્સવી વર્ષ માં પ્રતિભા પાટીલ રાષ્ટ્રપતિ હોય એ સુખદ ઘટના એટલા માટે છે કે તેઓ મહિલા છે. આ સિવાય પ્રતિભા પાટીલની પોતીકી કોઇ વિલક્ષણ પ્રતિભા આનું કારણ નથી. તેઓ પહેલેથી જ નેહરુ ગાંધી પરિવારને વફાદાર છે. ૧૯૭૭ અને ૧૯૯૯માં જયારે કોંગ્રેસના ભાવી વિશે શંકા સેવાતી હતી અને બન્ને વખતે શરદ પવારે કોંગ્રેસનો ત્યાગ કર્યો હતો ત્યારે પ્રતભા પાટિલે વફાદારી નિભાવી હતી.

પ્રતિભા પાટીલ મહારાષ્ટ્રના રાજકારણના જૂનાં જોગી છે. છેક ૧૯૬૨માં તેઓ પહેલી વાર મહારાષ્ટ્ર વિધાનસભામાં ચૂંટાઇ આવ્યાં હતાં. આમ છતાંય પ્રતિભા પાટીલની ગણના હંમેશા બીજી હરોળના નેતાઓમાં થતી આવી છે. સંયોગવશાત તેઓ મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ હતાં. સંયોગવશાત તેઓ મહારાષ્ટ્ર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા હતાં. સંયોગવશાત તેઓ બે વર્ષ માટે રાજ્યસભાનાં ઉપાધ્યક્ષ પણ હતાં અને હવે સંયોગવશાત તેઓ ભારતનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બનવાનાં છે. સંયોગોએ પ્રતિભાતાઇને હંમેશા મદદ કરી છે. બાકી સુચેતા કૃપલાની જયલલિતા ઉમા ભારતી કે વસુંધરા રાજે જેટલી રાજકીય ઊંચાઇ તેમણે ક્યારેય મેળવી નથી.

એટલે જ પ્રતિભા પાટીલ રાષ્ટ્રપતિપદનાં ઉમેદવાર હોય તેવું કોઇએ સપનામાં પણ નહીં વિચાર્યું હોય. ખુદ તાઇને પણ સપના બહારનું વાસ્તવ જોઇને આશ્ચર્ય થયું હશે. ૨૦૦૨માં ડૉ. કલામ ડાર્ક હોર્સ હતા. ડૉ. પી. સી. એલેકઝાંડરનું નામ લગભગ નિશ્ચિત હતું. છેલ્લી ઘડીએ કોંગ્રેસે એલેકઝાન્ડરના નામનો વિરોધ કરવાના કારણે સામ્યવાદીઓને છોડીને સર્વસંમત ઉમેદવાર તરીકે ડૉ. કલામ પર રાષ્ટ્રપતિપદનો કળશ ઢોળાયો હતો. ડૉ. કલામનું નામ અલબત્ત ચર્ચામાં પહેલેથી જ હતું. પ્રતિભા પાટીલનું તો નામ પણ ચર્ચામાં નહોતું અને તે દ્રષ્ટિએ તાઇ ખરેખર અનપેક્ષિત ઉમેદવાર છે. સામ્યવાદીઓએ એવી વ્યક્તિ માટે આગ્રહ રાખ્યો હતો જેની રાજકીય કારકિર્દી તંતોતંત સેક્યુલર હોય. શિવરાજ પાટીલના સેક્યુલરીઝમ પરની નિષ્ઠા પર ડાબેરીઓને ભરોસો નહોતો. આ ઉપરાંત તેમની અંધશ્રદ્ધા પણ તેમની આડે આવી છે. તેઓ સત્ય સાંઇબાબાના ભક્ત છે. ડૉ. કરણ સિંહનું પત્તું પણ આ જ કારણે કપાઇ ગયું હતું. તઓ વિશ્વ હિન્દુ પરિષદના સ્થાપકોમાંના એક છે. જોકે ત્યારે વીએચપી આર. એસ. એસ.ના અંકુશમાં નહોતી તે જુદી વત છે. આ ઉપરાંત કરણ સિંહ પણ અંધશ્રદ્ધામાં રાચનાર વ્યક્તિ છે. પ્રતિભા પાટીલ સામ્યવાદીઓના આ બન્ને માપદંડમાં ખરાં ઉતરે છે તેમાં કોઇ શંકા નથી.

પ્રતિભા પાટિલનો વિજય લગભગ નિશ્ચિત છે. ઉપરાષ્ટ્રપતિ ભૈરોં સિંહ શેખાવત અપક્ષ ઉમેદવાર તરીકે મેદાનમાં ઊતરવાના છે અને તેમને નેશનલ ડેમાક્રિટિક અલાયન્સનો ટેકો હશે. ભૈરોં સિંહ શેખાવત પીઢ નેતા છે. ઉપરાષ્ટ્રપતિ તરીકે તેમજ રાજ્યસભાના અધ્યક્ષ તરીકે તેમણે જે તટસ્થતા બતાવી છે તે તેમના મોભાને શોભે તેવી છે. તેમના રાજકીય દુશ્મનો પણ તેમની તટસ્થતાના વખાણ કરે છે. પરંતુ ઉત્તર પ્રદેશમાં માયાવતીના બહુજન સમાજ પક્ષના વિજય પછી સમીકરણો બદલાઇ ગયાં છે. ઓછામાં પૂરું સોનિયા ગાંધીએ એક મહારાષ્ટ્રિયનની અને એમાં પણ એક મહિલાની પસંદગી કરી હોવાથી એનડીએમાં તિરાડ પડવાની છે. શીવસેનાએ પ્રતિભા પાટીલને મહારાષ્ટ્રની અસ્મિતાના નામે ટેકો આપવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ સંજોગોમાં શેખાવત વિજયી નિવડે તેવી શક્યતા નહિવત છે.

૧૯૬૯માં એ વખતના ઉપરાષ્ટ્રપતિ વી. વી. ગિરિએ શાશક પક્ષના સત્તાવાર ઉમેદવાર નીલમ સંજીવ રેડ્ડીનો પરાભવ કર્યો ત્યારના સંજોગો વેગળા હતા. ત્યારે વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીએ પોતાના પક્ષના સતવાર ઉમેદવાર સામે બળવો કર્યો હતો. અંતરાત્માના અવાજના નામે કોંગ્રેસીઓના ગિરિને મત મળયા હતા. આ એક અપવાદ છોડીને શાશકપક્ષના સત્તાવાર ટેકા વિના કોઇ ઉપરાષ્ટ્રપતિ ચુંટણી લડયા નથી અને જિત્યા નથી. ૨૦૦૭માં ૧૯૬૯નું પુનરાવર્તન થાય તેવા સંજોગો નજરે પડતા નથી. ભાજપે શેખાવતની પ્રતિષ્ઠા હોડમાં મૂકવાની જગ્યાએ પ્રતિભા પાટીલને ટેકો આપવો જોઇએ.

પ્રતિભા પાટીલ રાષ્ટ્રપતિ તરીકે કેવાં નીવડશે તે વિશે બહુ મલ્લિનાથી જરુરી નથી. તેઓ રાજકારણી છે. નેહરુ ગાંધી પરિવારને વફાદાર છે અને જોખમ લેવામાં નથી માનતા. રાષ્ટ્રપતિભવનનો આવનરો અર્ધદશક જીહજૂરીનો હશે તેમાં કોઇ શંકા નથી.

## મુઠ્ઠી ઊંચેરો એક માણસ

મહાન માણસોના સંતાનો તેમના જેટલા જ મહાન હોય એવું હંમેશા બનતું નથી અને એવી અપેક્ષા પણ ન રાખવી જોઇએ. બીજી બાજુ મહાન માણસોના વંશજોએ પણ પોતાના પૂર્વ જોની મહાનતા પર પોતાનો ચરિતાર્થ ન ચલાવવો જોઇએ. જોકે આ તો સિદ્ધાંતની વાત થઇ વ્યવહારમાં હંમેશ આનાથી ઊલટું જ બનતું હોય છે. ગાંધીજીના વંશજોને તેમ જ ગાંધીજનોને ગાંધીના ગજથી

માપવામાં આવે છે અને એમાં તે ખરા નહીં ઉતરતા તેમની નિંદા અને મશ્કરી કરવામાં આવે છે.

ગાંધીજીના વંશજોમાં એક અપવાદ હતા જેનું નામ હતું રામચંદ્ર ગાંધી જે રામુ ગાંધી તરીકે ઓળખાતા હતા. ગાંધીજીના માપદંડથી માપો તો બહુ ઓછા ઊણા ઊતરે એટલા તે પ્રામાણિક અને સંવેદનશીલ હતા. બીજી બાજુ તેમણે ક્યારેય ગાંધીના પૌત્ર હોવાનો કોઇ લાભ લીધો નથી. તે કહેતા કે તેઓ ગાંધીજીના પૌત્ર હોવાના નાતે ગાંધી છે ગાંધીજન હગાંધીઅનહ નથી. તેઓ એમ પણ કહેતા કે ગાંધીજીના પૌત્ર હોવાને કારણે લોકો તેમને જોવા આતુર હોય છે પરંતુ તેમને સાંભળવામાં લોકોને કોઇ રસ નથી હોતો . વિશ્વપ્રસિદ્ધ તત્વચિંતક રામુભાઇને તેમની વાત અને વેદનાને વ્યક્ત કરવામાં રસ હતો ગાંધીજીના પૌત્ર તરીકેના ચહેરાને પ્રસિદ્ધ કરવામાં નહોતો.

ત્રણ વર્ષ પહેલા આ લખનારને પણ રામુભાઇ સાથે આવો જ અનુભવ થયો હતો. પ્રબોધ પરીખે રામુભાઇને એક વ્યાખ્યાન માટે મુંબઇ બોલાવ્યા હતા. બીજા દિવસે હું અને પ્રબોધ પરીખ તેમને મણિભવનમાં તેમની દીર્ઘ મુલાકાત લેવા મળ્યા હતા. રામુભાઇને ગાંધીવંશનું નહોતું કોઇ અભિમાન તેમ નહોતો તે વિશે વાત કરવામાં કોઇ રસ. તેઓ ફરીફરીને એ વિષય પર આવી જતા હતા જેના વિશે તેમની અંદર તીવ્ર મનોમંથન ચાલતું હતુ અને તે વિષય હતો મૂળભૂત માનવીય મૂલ્યો સામે પેદા થયેલા સંકટનું. તેમની તીવ્રતા એટલી બધી હતી કે તેને અભિવ્યક્ત કરવામાં ભાષા ઓછી પડતી હતી તો મારા માટે તેમની તીવ્રતાને વાચા આપવી શક્ય જ નથી.

ગાંધીજીના સૌથી નાના પુત્ર દેવદાસ ગાંધી અને ચક્રવર્તી રાજગોપાલાચારીની પુત્રી લક્ષ્મીના રામચંદ્ર ગાંધી વચલા પુત્ર હતા. રાજમોહન ગાંધી તેમના મોટાભાઇ અને પશ્ચિમ બંગાળના ગવર્નર ગોપાલ ગાંધી તેમના નાનાભાઇ. આ ત્રણેય ભાઇઓ પોતપોતાના ક્ષેત્રમાં વિલક્ષણ પ્રતિભા ધરાવે છે. રાજમોહન ગાંધી ઇતિહાસવિદ છે. તેમનુ તાજેતરમાં પ્રકાશિત થયેલું ગાંધીજીનું જીવનચરિત્ર 'મોહનદાસ' અદભૂત છે. પોતાના દાદાના તટસ્થ અને વસ્તુનિષ્ઠ મૂલ્યાંકનમાં તેમણે કોઇ કચાશ રાખી નથી. ગોપાલ ગાંધીએ તાજેતરમાં ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ બનવાનો સવિનય ઇનકાર કર્યો હતો કારણ કે તે હંમેશા ખાદી પહેરનારા વ્રતોગાંધીવાદી નથી. રામચંદ્ર ગાંધી ફિલોસોફર હતા. ઓક્સફર્ડમાં પીએચ.ડી કર્યા પછી તે બ્રિટન અમેરિકા તેમજ ભારતમાં દિલ્હી યુનિવર્સિટી શાંતિનિકેતનમાં અને યુનિવર્સિટી ઓફ હૈદરાબાદમાં તત્વજ્ઞાન ભણાવતા હતા. તેમણે લખેલાં બન્ને પુસ્તકો દુનિયાભરમાં જાણકારોમાં પ્રસંશા પામ્યા છે જેમાંથી 'સીતાઝ કીચન' દરેક હિન્દ ુધર્માભિમાનીઓએ વાંચવું જોઇએ.

વડા પ્રધાનના મિડિયા એડવાઇઝર સંજય બારુએ 'હિન્દુસ્તાન ટાઇમ્સ'માં રામુભાઇ સાથેના સંસ્મરણો વાગોળતા બે પ્રસંગ ટાંક્યા છે જે રામુભાઇમાં રહેલી ગાંધીજીની પ્રામાણિક્તા અને સંવેદનશીલતાની ખાતરી કરાવે છે.

રામુભાઇ હૈદરાબાદમાં ભણાવતા હતા ત્યારે શહેરમાં કોમી હુલ્લડો થયાં. અશાંતિની સ્થિતિમાં પરીક્ષાઓ મુલતવી રાખવાનો પ્રસ્તાવ આવ્યો તો તેનો તેમણે વિરોધ કરતા કહ્યું કે આવા પ્રકારના બ્લેકમેઇલનો મુકાબલો પીછેહઠ કરીને નહીં પરંતુ અસરગ્રસ્ત વિદ્યાર્થીઓના ઘરે પ્રશ્નપત્ર પહોંચાડીને સ્થાનિક પર્યવેક્ષકોની મદદથી પરીક્ષા લઇને કરવો જોઇએ. બીજો પ્રસંગ પણ હૈદરાબાદનો છે. યુનિવર્સિટીના કેમ્પસમાં મકાન બાંધવા માટે ઝાડ કાપવા સામે તેમણે સત્યાગ્રહ કર્યો હતો. છેવટે જ્યારે ઝાડ કાપવામાં આવ્યું તો તેના વિરોધમાં તેમણે વિશ્વવિદ્યાલયમાંથી રાજીનામું આપી દીધું હતું. રામચંદ્ર ગાંધીના શરીરમાં ગાંધીજીનું લોહિ તો ખરૂં જ મૂલ્યો પણ અસ્તિત્વ ધરાવતા હતા. તે ગાંધીના નામનો જ નહીં ગાંધીમૂલ્યોનો પણ વારસો ધરાવતા હતા.

(સદભાવ : લેખકની ગુજરાતી "મીડ ડે"માંની સાપ્તાહિકી કટાર)

[201, Happy Home, Kamala Nehru Cross Road No 2, Kandivali (West), MUMBAI - 400 067, India]

e.mail : ozaramesh@gmail.com

# એતાનશ્રી_

## એ શોધી કાઢવાનું કામ હજી બાકી છે

○ "ઓપિનિયન"ના મે 26, 2007ના અંકમાં, પ્રગટ થયેલા વિનય કવિના પત્રના અનુસંધાનમાં, આ લખું છું. માર્ચના અંકમાં આઠમા પાના પર છઠ્ઠી લાઈનમાં 'નવલકથા' નહીં, પણ 'આત્મકથા' શબ્દ હોવો જોઈએ, એ વિનયભાઈની વાત સાચી છે. સ્લિપ ઑફ પૅનને કારણે 'નવલકથા' લખાઈ ગયેલું. પણ 'સાસુ વહુની લડાઈ' નવલકથા જ છે, ટૂંકી વાર્તા નથી જ નથી. 'નંદશંકરથી ઉમાશંકર' (લે. ધીરેન્દ્ર મહેતા) કે 'ગુજરાતી નવલકથા' (લે. રઘુવીર ચૌધરી, રાધેશ્યામ શર્મા) જેવાં ગુજરાતી નવલકથા વિષેનાં પુસ્તકો જોવાથી આ વાતની ખાતરી થશે. 'મલયાનિલ'ની 'ગોવાલણી' ટૂંકી વાર્તા છે એની ના નહીં, પણ આપણી ભાષાની એ પહેલી ટૂંકી વાર્તા છે, એ એક દંતકથા છે, જે સાચી નથી. ટૂંકી વાર્તામાં કનૈયાલાલ મુનશી અને અંબાલાલ સાકરલાલ 'મલયાનિલ'ના પુરોગામીઓ છે. પણ આપણી ભાષાની પહેલી ટૂંકી વાર્તા કઈ એ શોધી કાઢવાનું કામ હજી બાકી છે. ૧૮૬૬માં પ્રગટ થયેલ 'સાસુ વહુની લડાઈ' અને ૧૯૧૮માં "વીસમી સદી" સામયિકમાં પ્રગટ થયેલી 'ગોવાલણી' વચ્ચે વિવાદ થવાનો તો કોઈ પ્રશ્ન જ નથી. છેલ્લે, વિનયભાઈ જેને ટૂંકી વાર્તા કહે છે તે 'સાસુ વહુની લડાઈ' છાપેલાં ૧૪૫ પાનાંની છે.

"મુંબઈ સમાચાર"માં દર ગુરુવારે પ્રગટ થતાં 'વર્ડનેટ' પાનાં પરથી તમે અવારનવાર "ઓપિનિયન"માં પુનર્મુદ્રણ કરતા રહો છો, તે માટે આભાર.

- દીપક મહેતા

[55, Vaikunth, Lallubhai Park, Andheri (West), MUMBAI - 400 058, India]
e.mail : deepakbmehta@gmail.com

## ઊંઝા જોડણી અને સેક્યુલરિઝમ

○ "ઓપિનિયન"ના મે ૨૦૦૭ના અંકમાં, અમૃત દેસાઈએ ઊંઝા જોડણી તથા પ્રકાશ ન. શાહના લેખ પર જે મંતવ્યો વ્યક્ત કર્યા છે, તે પર મારો પ્રતિભાવ જણાવું છું.

અમૃતભાઈની એ વાત ખરી છે કે ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સરકાર, ગૂજરાત વિદ્યાપીઠ, યુનિવર્સિટીઓ અને પ્રકાશન સંસ્થાઓ, આદિ કોઈએ ઊંઝા જોડણી સ્વીકારી નથી. કોઈ પણ પ્રકારના સુધારા, પરિવર્તન લાવવા પ્રયાસ થાય ત્યારે રૂઢિચુસ્તો અથવા સ્થાપિત હિત ધરાવનારાઓ હંમેશાં તેમનો વિરોધ કરે છે. તેથી સુધારાવાદીઓને સામે પૂરે તરવાનું હોય છે. જોડણી સુધારણાના સમર્થનમાં અને વિરુદ્ધમાં બહુ લખાઈ ગયું છે. આ ઝુંબેશના સમર્થનમાં જે કંઈ કહેવામાં આવે છે તે તર્કબદ્ધ છે, જ્યારે તેની વિરુદ્ધ જે કંઈ કહેવામાં આવે છે તેમાં તર્ક ઓછો, ભાવના વધારે છે.

એ વાત પણ ખરી છે કે હજી સુધી ગુજરાતી સમાજ, સાહિત્યના ગુણવંત શાહ, રઘુવીર ચૌધરી, સૌરભ શાહ જેવા અગ્રગણ્ય મહાનુભાવો ઊંઝા જોડણીને સમર્થન આપતા નથી. જ્યાં સુધી આ મહાનુભાવો અને ઉપરોક્ત સંસ્થાઓ નવી જોડણીને સમર્થન નહીં આપે ત્યાં સુધી આ સુધારા સર્વ સામાન્ય રીતે અમલમાં નહીં મૂકી શકાય. બળવાખોર સુધારકો તો નવી જોડણીમાં પુસ્તકો અને સામયિકો પ્રસિદ્ધ કરતાં થઈ ગયાં છે.

ઉપરોક્ત મહાનુભાવો તો વિદ્વતાના ઉચ્ચ આસન પર બિરાજેલા છે. હ્રસ્વ - દીર્ઘ જોડણીના નિયમો અને અપવાદોના કારણે જે અરાજકતા પ્રવર્તે છે તેનાથી તો કેટલાક સાક્ષરો પણ અલ્પ માત્રામાં ભૂલો કરે છે, અખબારોમાં તો દરરોજ જોડણીભૂલો જોવામાં આવે છે. હ્રસ્વ - દીર્ઘની તર્કહીન અને બિનજરૂરી જોડણી વિદ્યાર્થીઓ, સામાન્ય કક્ષાના લેખકો, અખબારી રિપોર્ટરો તથા પ્રૂફરીડરો માટે માથાનો દુખાવો બની રહે છે. તેમના સમય અંગે શક્તિનો તેમાં વ્યય થાય છે. સાક્ષરોને નમ્ર વિનંતી કરું છું કે સામાન્ય લોકોની સમસ્યા સમજવા પ્રયાસ કરો.

અમૃતભાઈએ યોગ્ય લખ્યું છે કે પ્રકાશ ન. શાહ એ જ જૂની પુરાણી ઘસાઈ ગયેલી રેકોર્ડ વગાડ્યા કરે છે. અમૃતભાઈની એ વાત ખરી છે કે અનુગોધરા ઘટનાઓ માટે પ્રકાશભાઈને જેટલું દાઝે છે તેનાથી શૂન્ય અંશ જેટલું પણ ગોધરા હત્યાકાંડ માટે દાઝતું નથી. અમૃતભાઈના આ મંતવ્યના સમર્થનમાં હું એક બીજું દૃષ્ટાન્ત પણ આપી શકું. પ્રકાશભાઈને ગોધરા અનુઘટનાઓ માટે જેટલું દાઝે છે તેનાથી શૂન્ય અંશ જેટલું તેમને કાશ્મીરના પંડિતો માટે દાઝતું નથી. ગુણવંત શાહે "આઉટલૂક"ના તંત્રી વિનોદ મહેતા માટે 'ચીતડી ચડે એવા' સેક્યુલરિસ્ટ શબ્દો વાપર્યા છે. મને પણ પ્રકાશ ન. શાહ એ જ પ્રકારના કટ્ટર સેક્યુલરિસ્ટ જણાય છે. કટ્ટરતા ધર્મની હોય કે પછી ગાંધીવાદ - સામ્યવાદ કે અન્ય કોઈ પણ પ્રકારની હોય તો તેમાં વૈચારિક સમતુલા અને તટસ્થતા જળવાતાં નથી. પ્રકાશભાઈના પક્ષપાતી સેક્યુલરિઝમ વિરુદ્ધ જરા આકરા શબ્દોમાં આલોચના કરતો લેખ "નિરીક્ષક"માં પ્રસિદ્ધિ માટે મોકલેલ તે તેમણે ખેલદિલીપૂર્વક પ્રસિદ્ધ કર્યો તે માટે તેમને સલામ પાઠવું છું.

જે રીતે રેશનાલિસ્ટો માનવધર્મના વિરોધી નથી પણ વ્યવસ્થિત રીતે સ્થાપાયેલા ધર્મો, સંપ્રદાયોનાં નામે આચરાતા અધર્મનો વિરોધ કરે છે તે રીતે હું પણ સેક્યુલરિઝમનો વિરોધી નથી. સેક્યુલરિઝમ ઉમદા વિચારસરણી છે. ભારતમાં સુખશાંતિ સ્થાપી રાખવાં હશે, તેને સમૃદ્ધ કરવો હશે તો સેક્યુલરિઝમ સિવાય તે માટે બીજો વિકલ્પ નથી. પણ પક્ષપાતી, કટ્ટર અને મતબૅન્ક ભૂખ્યા તકવાદી રાજકારણી સેક્યુલરિસ્ટોનો વિરોધી છું.

**- લક્ષ્મીદાસ ખટાઉ**

[22, Subodh Guru, Tagore Road, Santa Cruz (West), MUMBAI - 400 054, India]

## આશિક કા જનાઝા ... ... ...

○ "ઓપિનિયન" - સળંગ અંક ૧૪૬માં મારા નામેરી, દીપક મહેતાનો લેખ 'સરહદની આ પાર અને પેલે પાર' વાંચ્યો. એ સામાન્ય માહિતી લેખમાં કશાયે આધાર, હવાલા વિના અપાયેલી વિગતોમાંની કેટલીક ભૂલ ભરેલી લાગતાં, રેકોર્ડ સહી કરવા ખાતર આ પત્ર લખી રહ્યો છું.

મહેતાજીએ ૪૪ ટકા પાકિસ્તાનીઓની માતૃભાષા પંજાબી હોવાનું નોંધીને જુલમ જ કર્યો લાગે છે. સાચું તો આ છે કે ખુદ પંજાબમાં બધા પંજાબીઓની માતૃભાષા પંજાબી નથી. ત્યાં સરાઈકી ભાષાનો ખાસો મોટો, સિંધની સીમાથી ભાવલપુર, ચોલિસ્તાન, મુલતાન સુધીનો, ઈલાકો છે. સરાઈકીને મુલતાની પણ કહે છે. ખાટકી નામક કોઈ બોલી છે જ નહીં. અલબત્ત, ઢાટકી છે. થરમાં પંજાબમાં રાજસ્થાની સીમા જોડેના રણ પ્રદેશમાં. દક્ષિણ પંજાબમાં સરાઈકી તેમ જ ઉત્તર પંજાબમાં કાશ્મીર સીમા સાથેના પ્રદેશમાં પોઠુહારી બોલી છવાયેલી છે. અને પશ્ચિમમાં મિયાંવાલીથી લઈઆહ સુધીના ફ્રન્ટીઅર સાથેના પટ્ટામાં એક જૂદી જ બોલી છે. ... ખુદ પંજાબમાં આ સ્થિતિ હોવા છતાં અગર મહેતાજીના ૪૪ ટકાને સાચા માની લઈએ તો પછી બીજા ત્રણ પ્રાંતો, સિંધ, બલૂચિસ્તાન, સરહદ (ફ્રન્ટીઅર) તથા આઝાદ કાશ્મીર ને ગિલગિટ એજન્સીની ભાષાઓનું શું ? – મહેતાજી, તમે એ ૪૪ ટકા લાવ્યા ક્યાંથી ? છે કોઈ ભરોસાપાત્ર હવાલો ?

મહેતાજી લખે છે કે : 'સિંધ અને બલૂચિસ્તાનના કેટલાક વિસ્તારોમાં વસતા પાકિસ્તાનીઓની માતૃભાષા સિંધી છે. ... ' – પણ હકીકત આ છે કે બલૂચિસ્તાનમાં ક્યાં ય સિંધી ભાષા માતૃભાષાનો દરજ્જો ધરાવતી નથી. સિંધ સાથેના બલૂચ પ્રદેશમાં સિંધી ભાષા બોલાતી હશે, એ વાત જૂદી છે. સિંધ એક મોટો અને સધ્ધર પ્રાંત છે. અને એની મુખ્ય ભાષા સિંધી છે. એ સિવાય અહીં ગુજરાતી, પંજાબી, પશ્તૂ, કાશ્મીરી, બલૂચી, મકરાણી અને ઉર્દૂ ભાષાઓ બોલાય છે. ગદ્ય ને પદ્ય સાહિત્યના ખજાના એ ધરાવે છે. શાહ અબ્દુલ લતીફ ભિટાઈ, સચ્ચલ સરમસ્ત અને શેખ અયાઝ એ ભાષાના મુર્ધન્ય કવિઓ હતા. શાહ ભિટાઈની કોટિના બહુ ઓછા શાયરો પાક. - ભારત ઉપખંડની અન્ય ભાષાઓમાં જોવા મળે છે. સિંધમાં એમનો દીવાન 'શાહ જો રિસાલો' એક પવિત્ર પુસ્તકની હેસિયત ધરાવે છે.

'સિંધી ભાષીઓની સૌથી વધુ વસ્તી હૈદ્રાબાદમાં હોવા' વિશેનું મહેતાજીનું વિધાન સાચું નથી. કરાચી અને હૈદ્રાબાદ ઉર્દૂભાષીઓનાં મથક ગણાય છે. – અહીં ઉર્દૂ છવાયેલી છે. અલબત્ત, આંતરિક સિંધમાં સિંધી ભાષાનું રાજ છે.

ઉર્દૂ, પાકિસ્તાનની રાષ્ટ્રભાષા છે અને એ કરાચીથી કાશ્મીર સુધી લખાય, બોલાય અને વંચાય છે. સામાજિક, ધાર્મિક, ઐતિહાસિક સાહિત્યથી એ સમૃદ્ધ છે. અને એના કાવ્યસાહિત્યનો તો જવાબ નથી. એ સર્વપ્રિય ભાષાનો ઉદ્દભવ મુગલે-આઝમ શહેનશાહ અકબરના કાળમાં થયો હોવાનું કહેવાય છે. લશ્કરી જરૂરતના કારણે વિવિધ ભાષાઓના મિશ્રણ દ્વારા એનો પિંડ બંધાયો હતો. એ એક લશ્કરી ભાષા હતી. ઉર્દૂનો અર્થ પણ લશ્કર યા લશ્કરી ભાષા થાય છે.

પશ્તૂ એ અમારા પઠાણોની ભાષા. સરહદ ઉપરાંત બલૂચિસ્તાનના ઉત્તરી વિસ્તારમાં પઠાણોની વસ્તી છે અને તેમની માતૃભાષા પશ્તૂ છે. એ ભાષાનું બીજું નામ છે પખ્તૂ. એ અફઘાનિસ્તાનમાં પણ બોલાય છે. ફારસી લિપિમાં લખાય છે. સરહદ પ્રાંતમાં હિન્દકો તથા ચિત્રાલી બોલીઓ પણ મોજૂદ છે. વળી જરા આગળ ગિલગિટ એજન્સીમાં જઈએ તો ત્યાં કંઈક જૂદી જ બોલી સાંભળવા મળે છે. અને કાફરિસ્તાનમાં ... ... ?

બલૂચિસ્તાનની મુખ્ય ભાષા બલૂચી. એ ભાષા ફારસી ભાષા સાથે સામ્ય ધરાવે છે. અહીં બલૂચી તથા પશ્તૂ ઉપરાંત મકરાણના એક ખાસા મોટા વિસ્તારમાં મકરાણી ભાષાનું ચલણ છે.

અને હવે ગુજરાતીની વાત. સિંધમાં ગુજરાતીઓ હજારોની સંખ્યામાં નહીં, લાખોની સંખ્યામાં વસી રહ્યાં છે. કરાચી તથા હૈદ્રાબાદમાં એમની મોટી વસતી. આંતરિક સિંધમાં છૂટાછવાયા. ગુજરાત - સૌરાષ્ટ્રથી હિજરત કરી આવેલા મેમણો, ઈસ્માઈલીઓ, સુન્ની વહોરા, દાવૂદી વહોરા, સૈયદો, સિપાઈઓ વગેરે સૌ ગુજરાતી ભાષી છે. એ સિવાય પારસીઓ અને હિન્દુઓ. અહીં ગુજરાતી નિશાળો હતી. ત્રણ ગુજરાતી દૈનિકો હતાં, સામયિકો હતાં, સાહિત્યકારો હતા, નાટ્યકારો હતા, અને રેડિયો પાકિસ્તાન ઉપર ગુજરાતી ગુંજતી હતી.

એક અંદાજ પ્રમાણે અહીં પંદર લાખ જેટલા લોકોની માતૃભાષા ગુજરાતી હતી. હા, માતૃભાષા હતી, જે હવે નથી. ગુજરાતના પડખે સિંધમાં જ્યાં સાંસ્કૃતિક આબોહવા હતી ત્યાં ગુજરાતી ભાષાનો જનાઝો નીકળી ગયો છે. પરંતુ અફસોસ કે 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' જેવી ગુમરાહકુન પંક્તિના નશામાં ધૂત રહેનારા ગુજરાતના વિદ્વાન સાહિત્યકારો, પત્રકારો તથા પરિષદ વગેરેનું રૂંવાડું ય ફરક્યું નથી. શું કામ ફરકે ? સિંધ સાથે કયો ન્હાવા નિચોવવાનો સંબંધ હતો ! એમને મન તો કદાચ એ જનાઝો નહીં, તમાશો હશે ! કદાચ કોઈક ખૂણે આવો ય આલાપ થયો હોય કે : *'આશિક કા જનાઝા હય, ઝરા ધૂમ સે નિકલે !'*

નારાયણ ! નારાયણ ! – બીજા ન જાણે કેટલા જનાઝા નીકળશે ! અને આપણે મંચ ધમધમાવતાં પોકારશું : 'જય ગુજરાતી ! જય ગુજરાત !'

**- દીપક બારડોલીકર**

[16 Whitchurch Drive, Old Trafford, MANCHESTER, M16 9BR, U.K.]

## આ ખજાનાનો સંગ્રહ થાય અને સાંચવીએ

○ પરદેશમાં રહી માતૃભાષા ગુજરાતીના કલ્યાણ કાજે ભાષા સમરાંગણમાં, કાગળની ઢાલ અને શબ્દોની તલવાર લઈને ઝૂઝનારા અડગ કલ્યાણીનું કલ્યાણ હજો. હૈયાની હામ અને કલમની શક્તિ સદા અવિરત રહેજો. "ઓપિનિયન"ને ૧૩મા જન્મદિનનાં અભિનંદન. જાતજાતના ઊહાપોહ વચ્ચે પણ પોતાના વિચારો અને સિદ્ધાન્તોમાં

તટસ્થ રહી, ૧૨ વર્ષથી વિચાર માસિક "ઓપિનિયન"ને જતનથી જાળવી રાખનાર પ્રસારક, પ્રચારક, શબ્દોના સ્વામી, સંપાદક, તંત્રીને ધન્યવાદ ઘટે. સામા પૂરના તરવૈયા છો, ભાઈ તમે. "ઓપિનિયન"ના એકેએક અંક ખજાનાની જેમ સાંચવીને સંગ્રહ કરવા યોગ્ય છે. તમારી આ ગુજરાતી ભાષા - સાહિત્ય - સંસ્કૃતિ કૂચ લાંબો સમય સુધી ચાલુ રહે, તેવી શુભેચ્છા પાઠવું છું.

માર્ચની આખરમાં, તમારા તરફથી સુંદર રંગી તસ્વીરવાળી નાની પુસ્તિકા મળી. મુખપૃષ્ટ પર 'બ્રિટન - ભારત, પત્રકારત્વ અને જીવનશૈલી' નીચે તમારી પ્રભાવશાળી વ્યક્તિત્વ દર્શાવતી તસવીર જોઈ, મન આનંદી ઊઠ્યું. નાનુભાઈ નાયક દ્વારા ખાસ તમારા માનમાં એ સભા ગોઠવાઈ હતી, 'સાહિત્ય સંગમ', સુરતના સંસ્કાર ખંડમાં. વિલાયતના અને બીજા ગુજરાત બહારના ગુજરાતીઓનું, ગુજરાતી ભાષાના લેખકોનું તમે સભામાં સબળ પ્રતિનિધિત્વ દાખવ્યું. ગુજરાતના ચુનંદા લેખકો અને બીજી સુપ્રસિદ્ધ વ્યક્તિઓની હાજરી તેમાં હતી. તેમ તેમાંનો અહેવાલ સાક્ષી પૂરે છે. તમારી ઈંગ્લૅન્ડ ખાતેની ગુજરાતી સાહિત્ય અકાદમી અને ગુજરાતીના લેખકો, જૂના અને નવા વિષેની સચોટ માહિતી તમે તમારા જોમભર્યા વક્તવ્યમાં રજૂ કરી. તે માટે સૌને જરૂર માન ઉપજે છે. અલબત્ત, કોઈના પણ વક્તવ્યમાં બીજાને મતભેદ હોઈ શકે, તે સ્વાભાવિક વાત છે.

વિપુલભાઈ, આગે બઢો ઔર ઔરોંકો બઢાતે રહો. જે રીતે હંમેશ કરતા આવ્યા છો. ધન્યવાદ.

**- કુસુમ પોપટ**

[5 Walburton Road, PURLEY, Surrey, CR8 3DL, U.K.]

## ચંદુભાઈ મટાણીનો સંગ ... લેસ્ટરમાં ગંગ !

○ શીર્ષક વાંચીને તમે પૂછશો : 'અરે ! તમે ગાંડા થયા છો કે શું ? લેસ્ટરમાં, વળી, ગંગા નદી ક્યાંથી ? ગંગા તો હિંદમાં છે !'

પરંતુ હું કહું છું : 'હા, તમે સો ટકા સાચા; તે છતાં, મારે મન હું ય સો ટકા સાચો : લેસ્ટરમાં ગંગ.'

તમે કહેશો, 'એ કઈ રીતે ? તો હું તમને કહીશ, 'લેસ્ટરમાં ચંદુભાઈ મટાણી છે, એ વાત તો સો ટકા સાચી ને ? બસ, મારે મન એટલે જ સાચું : 'ચંદુભાઈ મટાણીનો સંગ ... ... લેસ્ટરમાં ગંગ'. આવું વાંચવું જરા અટપટું લાગે ય ખરું. તો આ બાબતમાં તમારા મનનું સમાધાન ફરી કોઈક વાર; હાલ પૂરતું તો મારે આટલું જ પર્યાપ્ત છે.

**- સુધાકર હરિહર ભટ્ટ**

[157-34 23rd Avenue, WHITSTONE, NY - 11357, U.S.A.]

## હરનિશ જાની બોરિંગ બોરિંગ હોતા જ નથી

○ "ઓપિનિયન"નો મે અંક મળ્યો. તમે કર્યો 'લઘુવાંશિક' શબ્દસમૂહ ગમ્યો. તેની જોડાજોડ, સમાજશિક્ષણ, લોકકેળવણીની દષ્ટિ પરનું જોર પણ સમજાયું છે.

ગૂજરાત વિદ્યાપીઠના ઉપકુલપતિ સુદર્શન આયંગરનો લેખ તમે આમેજ કર્યો તે સારું કર્યું. તે વિચારપ્રદ છે. "ઓપનિયન"ને પાને તેમની છબી જોવા મળી તેવા તે ક્યાં છે ? એ તો યુવાન સ્ફૂર્તિલા આદમી છે. એ રીતે તુષાર ભટ્ટ, પ્રકાશ ન. શાહ તથા વર્ષા પાઠકના લેખો પણ આમેજ કર્યા તે ય સરસ કહેવાય. હરનિશ જાનીનો 'અભિ - એષ' લેખ સારી વિનોદ જમાવી જાય છે. હરનિશભાઈ ક્યારે પણ 'બોરિંગ ... બોરિંગ' હોતા જ નથી. મજા પડી.

મહેન્દ્ર શાહનાં કાર્ટૂન અર્થગર્ભિત હોય છે. મોદીના વીઝાવાળું પણ તેવું જ ગૂઢ રહ્યું. આ વેળાનો અંક, ટૂંકામાં, 'મિલાપ'સમો રહ્યો.

**પ્રવીણ ન. શેઠ**

e.mail : pravinsheth@hotmail.com

○ પરિષદના પત્ર જોડેનું તમારુ સ્પષ્ટીકરણ વાંચ્યું. તમારા સ્પષ્ટીકરણની પાત્રતા પરિષદને સારુ અસ્થાને છે. વળી ગુજરાતીની સમાધિ બાબત તેમ જ બીજી બધી બાબતો વિશે તેણે શું શું કર્યું હતું, તે હવે સર્વવિદિત છે.

**- બાબુ સુથાર**

e.mail : bsuthar@sas.upenn.edu

○ લંડન બેઠા ગુજરાતી સાહિત્યની સુંદર સેવા કરી રહ્યા છો, તે માટે હાર્દિક અભિનંદન. "ઓપિનિયન"માં છપાતા લેખ વાંચવા ગમે તેવા છે. તમારી પસંદગી માટે ધન્યવાદ.

**- લાલચંદ એ. ગગલાણી**

[22 Tioga Place, IRVINE, CA 92602, U.S.A.]

○ "ઓપિનિયન"નો મે અંક મળ્યો છે. આભાર. સમાવિષ્ટ સામગ્રીઓ સમૃદ્ધ અને ઉચ્ચ ધોરણવાળી છે. પહેલી વખત આ સામયિક વાંચી રહ્યો છું. મારી ઉપર તેની સરસ છાપ ઉપસી છે.

આ સામયિકનો અજાડ વિભાગ તો વાચકોના પત્રો છે. તમે પત્રો જોડે દરેકની સંપર્કસૂત્રતા ય આપો છો. બહુ જ ગમ્યું.

**- પંચમ શુક્લ**

[489, Kenton Road, HARROW, Middlesex HA3 0UN, U.K.]

○ "ઓપિનિયન"નો માર્ચ અંક મળ્યો. ગાંધીજીનાં હરિજન" પત્રો જેવું ચોખ્ખું ચણાક. વાચન સામગ્રીની વિવિધતા તમે સાંગોપાંગ જાળવી રહ્યા છો. અભિનંદન અને શુભેચ્છા.

**- કાન્તિ મેપાણી**

[406 - B, Gold Coin, Tardeo Road, MUMBAI - 400 034, India]

## સુલભ બનવાની શક્યતાઓ વધી જશે

○ ટપાલમાં "ઓપિનિયન" (પુસ્તક - ૧૩, પ્રકરણ - ૦૨, સળંગ અંક - ૧૪૬) પ્રાપ્ત થયું. સામાન્ય રીતે ક્યારે ય કોઈ ગ્રંથની સમાલોચના કરતો નથી, પરંતુ મને આ 'ચતુર્વેદ' ગ્રંથ ગમી ગયો એટલે એને માટે જે કાંઈ ભાવજગતમાં માણ્યું તેને કાગળ ઉપર ટપકાવ્યું. "જન્મભૂમિ"ના મિત્ર કુન્દનભાઈ વ્યાસને મોકલાવી આપ્યું. તેમને તે યોગ્ય જણાતાં "જન્મભૂમિ - પ્રવાસી"માં પ્રસિદ્ધ કર્યું. તમે તેને તમારા "ઓપિનિયન"માં સ્થાન આપીને વેદની - ભારતીય સંસ્કૃતિની સારી સેવા કરી છે. કારણ "ઓપિનિયન"ને કારણે એ ગ્રંથ વિદેશમાં વસતાં ભારતીયો માટે સુલભ બનવાની શક્યતાઓ વધી જશે. આભાર.

રમણીકલાલભાઈને મારા અભિનંદન.

**- ગૌતમ પટેલ**

['Valam', L – 111, Swatantrya Senani Nagar, Nava Wadaj, AHMEDABAD - 380 013, India]

## નારાયણ દેસાઈને ટેકો જ હોય

○ 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના આગામી અધિવેશન માટે તમે સૌ નારાયણભાઈ દેસાઈનું નામ સૂચવો છો, તે ખૂબ ખૂબ આવકાર્ય છે. એ માટેના તમારા નિવેદન માટે અમારો ટેકો છે. વળી, તેમ ટેકો આપવા દરેકને વિનમ્ર અરજ કરીએ છીએ.

**- મોઈનુદ્દીન અનીઆર**

[64 Cecil Avenue, WEMBLEY, Middlesex HA9 7EA, U.K.]

## પોપટલાલ જરીવાળાનો ફાળો

○ પોપટલાલ જરીવાળાના દુઃખદ અવસાનના સમાચાર જાણી ખૂબ દુઃખ થયું. તેમનું કાર્ય ખાસ કરીને આપણી ગુજરાતી સાહિત્ય અકાદમીની ઉન્નતિમાં તેમનો ફાળો - કેમ ભૂલી શકાય ! વિવિધ ક્ષેત્રે પણ તેમણે કામ કર્યું છે.

દારેસલ્લામના દિવસોમાં 'કઠપૂતલી' પુસ્તિકા મેં તૈયાર કરેલી. 'હિન્દુ વોલન્ટીઅર કોર' હેઠળના આ કાર્યક્રમમાં મનેશચંદ્ર કંસારાએ સંગીત પીરસ્યું હતું. સંગીતનાટિકાના સહદિગ્દર્શક તરીકે મેં ગાયકવૃંદમાં ય ભાગ લીધેલો.

- પ્રવીણ કે. મહેતા

[Apt. No. 318, 10000 - 45th Avenue, North, PLYMOUTH, MN 55442, U.S.A.]

## અધ્યયન ને વિચારદર્શન ને મૈત્રી

○ ગુજરાતી સાહિત્ય અકાદમીની વિવિધ પ્રવૃત્તિઓમાં પોપટલાલ જરીવાળાનું યોગદાન આગવું હતું. જુદી જુદી ભાષાઓનું એમનું જ્ઞાન વિશાળ હતું, એટલું જ નહીં પરંતુ દરેક ભાષા પ્રત્યેનો અખૂટ પ્રેમ એમનાં સંભાષણોમાં મુખરિત થતો હતો.

એમની સાથે થયેલ અનેક મુલાકાતોમાં એમનાં વિસ્તૃત અધ્યયનનો, પરિપક્વ વિચારદર્શનનો તથા સર્વ સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર મેં જોયો છે અને માણ્યો છે.

પોપટભાઈના દેવલોકવાસી થવાથી ગુજરાતી ભાષા-સાહિત્યે એક ઉમદા સેવક ખોયો છે.

- વિનય કવિ

[15 Braemar Close, Rushey Mead, LEICESTER LE4 7PL, U.K.]

## હ્રદયમાં આદરભાવની છબિ

○ "ઓપિનિયન"ના મે માસના છેલ્લા અંકમાં, છેલ્લા પાન પર, નિર્દેશ કર્યા મુજબ, ૮ મે ૨૦૦૭ના રોજ, અકાદમીના માજી પ્રમુખ પોપટલાલ જરીવાળાનો સ્વર્ગવાસ થયો તે જાણીને દુ:ખ થયું. આપણી અકાદમીના તેઓ ઘણાં વર્ષો સુધી પ્રમુખપદે રહેલા અને તેમના કાર્યકાળમાં અકાદમીએ કરેલી પ્રગતિના અહેવાલથી ઘણું જાણવા મળ્યું હતું. તેમની સાથે ઘણીવાર બેસવાનો અને તેમને સાંભળવાનો અમૂલ્ય મોકો મળેલો ત્યારે તેમનો પ્રત્યક્ષ પરિચય સાંપડેલો અને હ્રદયમાં આદરભાવ જાગેલો.

વળી, આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિવસના મહોત્સવોમાં અગ્રીમ ધોરણે કાર્ય કરવાની તક પણ મળેલી. ગુજરાતી સાહિત્ય અકાદમીના એક કાર્યકર્તા તરીકે સાહિત્ય વિષયક ઘણી જાણકારી તેમના વડે પ્રાપ્ત થતી. સભા પત્યા પછી ક્યારેક વિખેરાઈ જઈએ ત્યારે તેમની સાથે મળતી 'લિફ્ટ'ને પણ કેમ વિસરાય?


# પુસ્તક મેળો

### વિલાયતનાં ગુજરાતી ડાયસ્પોરિક કવિ - લેખકોનાં પ્રકાશનોનું

### જાહેર પ્રદર્શન

### દરેકને જાહેર આમંત્રણ

### શનિવાર, ૭ જુલાઈ ૨૦૦૭

### સાંજે ૪.૩૦ થી ૬.૩૦

### બ્રેન્ટ કાઉન્સિલ ચેમ્બર

### બ્રેન્ટ ટાઉન હૉલ, ફૉર્ટી લૈન, વેમ્બલી, મિડલસેક્સ


મારા પહેલા પુસ્તક 'નૈવેદ્ય' (લેખસંચય) વેળાએ લોકાર્પણ પ્રસંગના તેઓ પ્રમુખ હતા. ધીરે ધીરે પણ મક્કમ શબ્દોથી ઉચ્ચારાતા શબ્દોથી ગુજરાતી ભાષા પરનો તેમનો અદ્દભુત કાબૂ જોવા અનુભવવા સાંપડેલો. એક વક્તા તરીકે ત્યારે તે ખીલી ય ઊઠેલા. આ સાંભરે છે.

પરમાત્મા તેમના આત્માને પરમ શાંતિ બક્ષે અને તેમના કુટુંબીજનોને તેમની ગેરહાજરીમાં ધ્યેય અને ધીરજ બક્ષે એવી આપણા સૌની પ્રાર્થનામાં મારું કુટુંબ પણ જોડાયું જ છે, તેમ જાણજો.

વચ્ચેના ગાળામાં ભારત હતો, ત્યારે સફળ વાર્તાકાર મનેશચંદ્ર કંસારાનું નિધન થયેલું. તેમનો છેલ્લો પત્ર એક સુવર્ણમુદ્રાની જેમ મારી પાસે અમૂલ્ય મહોરની જેમ સચવાઈ રહ્યો છે.

- ઉપેન્દ્ર ગોર

[24, Fernbank Avenue, SUDBURY HILL, Middlesex HA0 2TR, U.K.]

---

(અનુસંધાન છેલ્લા પાન પરેથી)

'જો, ધીરજ રાખ. સૌ રૂડાં વાનાં થશે. હવે આપણો દિવાળીનો તહેવાર આવી રહ્યો છે અને ઉત્સવનું કામ જ બે વ્યક્તિને, બે પ્રસંગને સાંધવાનું છે. જે નથી બોલતાં તે બોલતાં થઈ ગયાં છે. માટે થોડી ખામોશ રાખજે. બધું સારી રીતે પાર પડી જશે.' એમ કહી મેં કનુને સાંત્વન આપ્યું.

મારી સલાહ એને ગળે ઊતરી. થોડા દિવસ બિલકુલ અકળાયા સિવાય કનુ પોતાનું કામ કરતો રહ્યો. એની પત્ની પણ એનું કામ શાંતિથી કરતી રહી.

એક દિવસ કનુ મને મળ્યો. મને કહે, 'અરે, જગદીશ, હજી તો એવું જ ચાલ્યા કરે છે. હવે એનો અંત ક્યારે આવશે?'

મેં કહ્યું, 'જો બે દિવસ પછી દિવાળીનો તહેવાર શરૂ થાય છે. દિવાળીમાં બાળકો માટે મીઠાઈ, ફટાકડા, સારાં સારાં કપડાં, રમકડાં, વગેરે લાવવાં માટે તારે વાત ઉપાડવાની. શરૂઆતમાં કદાચ એ જવાબ નહીં આપે પણ એથી અકળાવું નહીં. તું થોડી થોડી વખતે પૂછતો રહેશે કે બાળકો માટે શું શું લાવવું છે તો એક વખત એ સ્મિત આપી બોલ્યા વગર રહેશે નહીં. બાળકો પિતા કરતાં માતાને વધારે વહાલાં હોય છે. બાળક માટે માતા પોતાનો જીવ આપી દે છે એટલે બાળકોની વાત આવશે ત્યારે એનાથી બોલ્યા સિવાય રહેવાવાનું નથી. શાંતિથી અને ધીરજથી કામ કરજે. તારો બેડો પાર થઈ જશે.'

કનુને જગદીશની વાત ગમી. દિવાળીનો પહેલો દિવસ આવવાનો હતો તેને આગલે દિવસે કનુએ ધીમેથી સવારે વાત ઉપાડી. 'કોકિલા, કાલથી દિવાળીનો મોટો તહેવાર શરૂ થાય છે તો બાળકો માટે શું શું લાવવું છે?' કોકિલા પહેલાં તો મોં ચઢાવી રસોડામાં ચાલી ગઈ. કનુએ રસોડામાં જઈ ફરી પૂછ્યું તો ત્યાંથી નીકળી કોકિલા દિવાનખાનામાં જઈને એક ચોપડી લઈ પાનાં ફેરવવા લાગી. કનુ ધીમે પગલે દિવાનખાનામાં આવ્યો. કોકિલાની ખુરસીની નજીક બીજી ખુરસીમાં બેઠો. બાળકો માટે લાવવાની વસ્તુની વાત શાંત ચિત્તે ઉપાડી. 'કોકિલા, કેમ તું આમ કરે છે? બાળકોનો તો વિચાર કર. તારે જે કંઈ વાંધો હોય તેની વાત કર. આપણે સ્નેહલગ્ન કર્યાં છે. તો પછી આપણો પ્રેમ હવે ક્યાં ગયો? દિવાળીના તહેવારે આનંદ કરવાનો હોય. આવી રીતે તું બોલીશ નહીં તો એમાં આનંદ ન આવે.'

કોકિલાથી જરા ઊંચું કનુ તરફ જોવાયું. એક સ્મિત એના વદન ઉપર ફરી વળ્યું. એણે કહ્યું, 'હવે પછી મારી સાથે જ રહેવાનું અને ફરવાનું. પારકી સ્ત્રીને ઘરમાં લાવવી નહીં. એ તો આપણો સંસાર બદનામ કરી નાખે.'

'ભલે,' કનુએ કહ્યું. 'હવે પછી અબોલાનું નામ ન લઈશ. ... ઓકે?'

*(ગુજરાતી ડાયસ્પોરિક ભાષા-સાહિત્યના આ એક અદના, દિવંગત ખિદમતગારની સ્મૃતિને ઝંકૃત કરી લઈએ : તંત્રી)*

# અમે બોલતાં થયાં

○ હીરાલાલ એસ. શાહ

*સુખી હું તેથી કોને શું? દુઃખી હું તેથી કોને શું?*

*જગતમાં કંઈ પડ્યા જીવો સુખી કંઈ ને દુઃખી કંઈકો.*

આજે રવિવારનો દિવસ હતો એટલે મોડો ઊઠી દાતણ કરતો હતો. બહાર જરા આંટા મારતો હતો. આંટા મારતા મારતા કનુના બંગલે આવી પહોંચ્યો. એના વાંચનાલયની બારી આગળ ઊભો તો અંદરથી ઉપરની કડીઓ સંભળાઈ.

મને આજે જરા આશ્ચર્ય થયું. કોઈ દિવસ નહીં ને આજે કનુ આમ ગાતો સંભળાયો અને તે પણ સવારના પહોરમાં એટલે મને વધારે નવાઈ લાગી. મને જરા ઉત્સુકતા તો થઈ પણ કાબૂ રાખી બારી આગળ ઊભો. વિચાર કર્યો : જોઉં તો ખરો, બીજું શું ગાય છે ? દસેક મિનિટ ઊભો રહ્યો. પણ બીજી કડીની મારી આશા નિષ્ફળ ગઈ. એને એ જ કડીઓ એ તો લવ્યા કરતો હતો. વાંચનાલયમાંથી શયનગૃહમાં જાય. શયનગૃહમાંથી દિવાનખાનામાં જાય. અને પોતાનાં ઝૂલફાં કાંસકાથી ઊંચાં કરતો જાય અને એ જ પંક્તિઓ ફરીને ફરી ગણગતો જાય.

પાંચેક મિનિટ વધારે થોભ્યો પણ બીજું કંઈ સાંભળવાનું મળ્યું નહીં. એટલે છેવટે બારી આગળ ઊભો હતો ત્યાંથી જ ટહૂકો કર્યો. 'વાહ ભાઈ વાહ, સવારના પહોરમાં કેમ સરસ્વતીચંદ્રને યાદ કર્યો ?'

મને અચાનક બોલતાં જોઈ એ જરા ડઘાઈ ગયો. શરમિંદા મુખે એણે આમતેમ જોયું. પછી બોલ્યો, 'અલ્યા, તું અત્યારે અહીં ક્યાંથી ? તું આજે બધા મારા ચેનચાળા જોઈ ગયો, ખરું ને ? જો આવી રીતે મારા કમ્પાઉન્ડમાં ઘૂસી જશે તો પોલિસ બોલાવી તને બહાર કાઢી મૂકીશ.'

'કેમ ભાઈ, આજે કંઈ ઠેકાણે છે કે નહીં ? મગજ ચસકી તો નથી ગયું ને ? ભાંગ તો નથી પીધી ને ? જરા સીધી વાત તો કર કે સુખી ને દુઃખી ને આ બધું શું છે ? કોઈ દિવસ નહીં ને આજે તું આટલો બધો વહેલો ઊઠ્યો એ પણ ગજબ છે ને ! શું કંઈ ક્રિકેટની મેચમાં નંબર લાગ્યો કે બેડ્મિન્ટનની ટૂર્નામેન્ટમાં 'કપ' મળે એમ લાગે છે ? આ બધું છે શું ? આ બધી ધમાલ શી ? જરા ચોખ્ખી વાત તો કર. આમ આકળો થઈ છંછેડાઈ કેમ જાય છે ?' મેં જરા એને રંગમાં લાવવા વાત કરી.

એ તો ગમ્મત કરતો હતો એટલે એને ખોટું લાગે એવું તો કશું હતું નહીં. મને નિરાંત હતી કે એ તો એનો સ્વભાવ જ છે એટલે હસતાં બોલતો હશે, એમ મેં માની લીધું હતું. તે પ્રમાણે એણે તો ફરી હસતાં હસતાં કહ્યું, 'જો જગદીશ, ક્રિકેટ બિકેટ કંઈ નથી. આજે તો જીવનની ક્રિકેટમાં સફળ થયો. એક જીવન સત્ય લાધ્યું. જીવન ઉપર વિચાર કરતાં કરતાં સરસ્વતીચંદ્રની એ કડીઓ યાદ આવી ગઈ અને બસ, મને તો એ બહુ જ ગમી ગઈ. મને પણ મારા જીવનમાં એવું જ કંઈક લાગ્યું એટલે હું તો એને જ લવ્યા કરું છું. આ સ્નેહલગ્નમાં મને હવે બહુ મજા રહી નથી. હિન્દુ જ્ઞાતિમાં પ્રેમ લગ્નો નિષ્ફળ છે.'

'આ સત્ય હવે મને સમજાયું.' કહી એ લાંબું લાંબું ભાષણ કરવા જતો હતો. ત્યાં મેં એને અટકાવી કહ્યું, 'કેમ આજે તું કંઈ ફિલસૂફી ઉપર ચઢી ગયો છે ? આ જીવનનું સત્ય શું ને આ સ્નેહલગ્ન ઉપર કંટાળો કેમ ? જરા દિલ ખોલીને વાત કરે તો મને કંઈ સમજ પડે.'

'અરે ભાઈ, એનો ઈતિહાસ બહુ લાંબો છે. તું તો મારો અંગત દોસ્ત છે, જગદીશ, એટલે તને પેટ છૂટી વાત કરવામાં મને વાંધો નથી. મેં સ્નેહલગ્ન કર્યાં હતાં તે તો તને ખબર છે. તે વખતે મને આવી ખબર નહોતી પણ જુવાનીના જોશમાં આ ભાઈ સાહેબને આ પ્રેમલગ્નનો રંગ લાગ્યો. અને હું એ બાજુ ખેંચાયો. એ મોહમાં ને મોહમાં હું બહુ તણાયો. માબાપને ધૂતકારી પર ન્યાતની છોકરીના પ્રેમમાં પડ્યો. સ્નેહ બંધાયો. સ્નેહ ગાઢ થતો ગયો અને છેવટે મેં એની સાથે સ્નેહલગ્ન કર્યાં. આજે તેને પંદર વર્ષ થઈ ગયાં. સ્નેહના પરિપાકરૂપે આજે સુંદર ત્રણ બાળકો છે. પણ મારો સંસાર સુખી નથી.'

'સંસાર સુખી નથી એટલે તું શું કહેવા માગે છે ? પ્રેમલગ્ન તો સુખી જ હોય ! તું તો નસીબદાર કહેવાય કે તને કોકિલા જેવી ભણેલી ગણેલી સુંદર છોકરી મળી.' જગદીશે કનુને અટકાવતાં કહ્યું.

'એને સ્નેહ કહેવો કે મોહ કહેવો એની ગૂંચવણમાં હું હજી અટવાયા કરું છું. છતાં ખામોશ રાખી જીવનનાવ ખેંચ્યે રાખું છું. ઘર હોય એટલે વાસણ તો ખખડે. અમારે ત્યાં પણ ધીમે ધીમે વાસણ ખખડવાં માંડ્યાં. પહેલાના પ્રેમમાં હવે ઓટ આવવા લાગી. મારી ટેવ પ્રમાણે મને અડોશી-પડોશીનાં બૈરાં ભેગાં થયાં હોય અથવા કોઈ બાગ-બગીચામાં કે નદી કિનારે ઉજાણીએ મઝા માણવા ગયાં હોઈએ તો એકબીજાની મશ્કરી કરવાની ટેવ. મને જરા આનંદ આવે. હાહા-ઠીઠી પર ચઢી જઈએ.

'કમનસીબ ગણો કે સદભાગ્ય ગણો, ત્રણેક અઠવાડિયાં ઉપર અમે બધાં અને અમારા પાડોશી નદી કિનારે વનભોજન કરવા ગયાં હતાં. ત્યાં ખાધું પીધું, મજા માણી, એક બીજાની મશ્કરીઓ પણ ઠીક પ્રમાણમાં થઈ. બહાર મઝા માણવા નીકળીએ તો પછી આનંદ તો લૂંટવો જ જોઈએ ને ? એક બીજા સાથે જરા વધારે ગમ્મત થઈ. બીજાં બૈરાં સાથે આપણે વધારે હસીએ તે ગમ્મત કરીએ તો પત્ની સહન કરી શકે ખરી ? મને તો સ્ત્રી ચારિત્ર્યની કંઈ ખબર નહીં. વનભોજન પૂરું થયું ત્યાં સુધી મને તો સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે આનું પરિણામ ખરાબ આવશે. અમે ઘરે આવ્યાં તો શ્રીમતીજીનાં રૂસણાં ! બોલાવું તો બોલે નહીં, ખાવાનું આપે તો જાણે ઉપકાર કરતી હોય તેમ ઠોકી મૂકે. કોઈ બાબત પૂછીએ તો કમને બોલતી હોય તેમ એકાક્ષરી જવાબ 'હા' કે 'ના' જ હોય. હવે તો ચિઠ્ઠીનો વહેવાર થઈ ગયો છે. જે કંઈ મારે કહેવાનું હોય તે કાગળ ઉપર લખવાનું અને એનો જવાબ કાગળ ઉપર આવે.'

'આ તો સરસ. પતિ - પત્ની વચ્ચે એ તો સુંદર પત્રવ્યવહાર કહેવાય. બે જણને કાગળ લખવાનો પ્રસંગ જ ક્યારે આવે ? આ તો અતિ સુંદર.' જગદીશે કનુને બોલતાં અટકાવી જરા મશ્કરી કરી લીધી.

'શું યાર, તું પણ જગદીશ, દાઝ્યા પર ડામ મૂકે છે ! મારું દુઃખ હજી તું સમજ્યો નથી. આ રીતે પ્રેમ વગર ચિઠ્ઠી લખવાનો શો અર્થ ? પહેલાંની મજાક, મશ્કરી, ગમ્મત હવે કંઈ દેખાતું નથી. બહુ પૂછ્યું. સ્ત્રી જાતિ એટલે ખલાસ. સ્ત્રીચારિત્ર્ય સમજવું બહુ કઠણ છે એ હવે મને સમજાયું. હું તો ખૂબ કંટાળ્યો. રાત્રે ફરી એક વખત પ્રયત્ન કરી જોયો. બોલાવી પૂછી જોયું પણ એ તો એક અક્ષર પણ બોલે નહીં. ચોખ્ખી વાત કરે નહીં. ને એનો ઉકેલ આવે નહીં. એટલે મારાથી પછી રહેવાયું નહીં. હું પછી ખીજવાયો, અકળાયો અને ઉકળ્યો. ખૂબ ક્રોધ વ્યાપ્યો. અને પછી તો હું ગમે તેમ બોલવા લાગ્યો. કંટાળેલો હું ઘરમાંથી નીકળી નાઠો. એ પણ મારી પાછળ પડી. છોકરાં રોવા લાગ્યાં. કશું બોલ્યા સિવાય પાછા ઘરે આવી વહેલાવહેલા સૂઈ ગયાં; પણ ઊંઘ ક્યાંથી આવે ? એ ને એ જ વિચાર. કેવી રીતે સમાધાન કરવું એ સમજાયું નહીં. તને પૂછવાનો પણ વિચાર હતો પણ અંગત જીવન બાબત પૂછવું ઠીક લાગ્યું નહીં. આજે તો તેં પૂછ્યું જ એટલે હવે બધી વાત કરું છું. મોડી મોડી ઊંઘ આવી. સવાર થયું. આગલા દિવસનું અબોલાનું વાતાવરણ હજી ચાલુ હતું. મને તો જીવન ઉપર ભારે કંટાળો આવ્યો. આપઘાત કરવાનું મન થયું. પણ એ ખરા મર્દનું કામ નથી એમ માની પાછો વિચાર બદલાયો. નાહ્યો, ધોયો, દેવપૂજા કરી હું તો ચોપડી લઈ કંઈક વાંચવા લાગ્યો પણ ચિત્ત ક્યાંથી ચોંટે ? બાબો અને બેબી નજીક રમતાં હતાં. એમની સાથે ગમ્મત કરી આનંદ મેળવવા પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. એ બે તો મઝાથી રમતાં હતાં.

'કંઈ સૂઝ પડે નહીં, હવે શું કરવું ? આમ ને આમ ક્યાં સુધી ચાલશે ? એક વખત તો મને થયું કે આ તો કંઈ જીવન છે ? ઘરમાં પતિ - પત્નીને અબોલા હોય તો વાતાવરણ કેવું થઈ જાય ? બાળકો ઉપર એની કેવી છાપ પડે ?

'પતિને સકંજામાં લેવાના સ્ત્રી પાસે બે રસ્તા. એક રિસાઈ જવું અને બીજું રૂદન. રિસામણાં અને રૂદન એ સ્ત્રીનાં બે કાતીલ હથિયાર. મારી પત્ની આ બંને હથિયારનો મારા પર ઉપયોગ કરી રહી છે એવું મને લાગે છે. હવે મારે શું કરવું ?'

(અનુસંધાન પાન ૨૩ પરે)

પ્રકાશક : Parivaar Comminications, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત : 275 · ગ્રાહક : 186 · [18.06.2007]